# સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજના વિસ્તારમાં કેન્દ્ર સરકારની સહાયથી રાહતદરે અપાતા અનાજની યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ

અહેવાલ લેખન
શ્રી ગિરીશ ભટ્ટ

સંકલન
ડૉ. ઠાકોરભાઈ નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૮૮

૨૪૬

# સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજના વિસ્તારમાં કેન્દ્ર સરકારની સહાયથી રાહતદરે અપાતા અનાજની યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ.


:: અહેવાલ લેખન ::

શ્રી ગિરિશ ભટ્ટ

સંકલન

ડૉ. ઠાકોરભાઈ નાયક.



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ. ૩૮૦૦૧૪.

૧૯૮૮

## અનુક્રમણિકા.


| | |
|---|---|
| પ્રકરણ: ૧ | પ્રારંભ પાનાં.નં. ૧ થી ૯ |
| પ્રકરણ: ૨(અ) | યોજના ના અમલીકરણ બાદ વેચાયેલ અનાજ વિશે. પાનાં.નં.૧૦ થી૩૨ |
| પ્રકરણ: ૨(બ) | અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોએ ખરીદેલ અનાજ વિશે. પાનાં નં. ૩૩ થી ૫૨. |
| પ્રકરણ:૩ | યોજના અન્વયે સસ્તાદરના અનાજના દુકાનદારોની માહિતી. પાનાં.નં. ૫૩ થી ૬૧ |
| પ્રકરણ:૪ | અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોની વિગત પાનાં.નં.૬૨ થી ૧૦૭ |
| પ્રકરણ:૫ | તારણો અને સૂચનો પાનાં.નં......થી....... |

## કોઠાની યાદી.


| ક્રમ. | કોઠાનંબર | કોઠાનું શિર્ષક. | પાના.નં. |
|---|---|---|---|
| ૧ | ૧:૧ | ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે આઇ.ટી.ડી.પી વિસ્તારની વસ્તીના પ્રમાણમાં કેટલા ટકા લાભાર્થીઓએ આ યોજનામાં લાભ લીધો તેની માહિતી. | ૩ |
| ૨. | ૧:૨ | આઇ.ટી.ડી.પી વિસ્તારમાં વ્યકિતદીઠ કેટલુ અનાજ સરેરાશ વહેચાયુ તેની માહિતી. | ૬ |
| ૩. | ૨:અ:૧. | આઇ.ટી.ડી.પી વિસ્તાર નીચે ગુજરાત રાજ્ય,પાલનપુર અને દાંતા વિસ્તારમાં કેટલા લાભાર્થીએ લાભ લીધો તેની વિગત. | ૧૧-૧૨ |
| ૪. | ૨:અ:૨. | આઇ.ટી.ડી.પી વિસ્તાર ગુજરાત રાજ્ય પાલનપુર અને દાંતા માં માસવાર વહેચાયેલ અનાજનો જથ્થો. | ૧૫-૧૬ |
| ૫. | ૨:અ:૩. | આઇ.ટી.ડી.પી વિસ્તાર ગુજરાત રાજ્ય પાલનપુર, અને દાંતામાં માસવાર લાભાર્થી દીઠ કેટલુ અનાજ વહેચાયુ તેની વિગત | ૨૦-૨૧ |
| ૬. | ૨:અ:૪. | અભ્યાસની સસ્તાદરની અનાજની દુકાનેથી આઇ.ટી.ડી.પી યોજનામાં માસિક વ્યકિતદીઠ કેટલુ અનાજ વહેચાણુ તેની માહિતી. | ૨૫ |
| ૭. | ૨:અ:૫. | અભ્યાસના કુટુંબો એ જાન્યુ ૮૬થી સપ્ટે ૮૭ સુધીમાં માસિક વ્યકિતદીઠ કેટલુ અનાજ લીધુ તેની માહિતી. | ૨૯ |
| ૮. | ૨:બ:૧. | અભ્યાસના કુટુંબમાં જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબો એ જાન્યુ ૧૯૮૬ થીસપ્ટે ૧૯૮૭ સુધીમાં કેટલા માસ અનાજ લીધુ તેની માહિતી. | ૩૪-૩૫ |

| | | | |
|---|---|---|---|
| ૯. | ૨:બ:૩. | અભ્યાસના કુટુંબોમાં જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ જાન્યુ. ૧૯૮૬ થી સપ્ટે ૧૯૮૭ સુધીમાં ઘઉં લેનાર કુટુંબોએ મળવાપાત્ર ઘઉંના કેટલા ટકા ઘઉં લીધા તેની માહિતી. | ૩૮.૩૯ |
| ૧૦. | ૨:બ:૩. | અભ્યાસના કુટુંબોમાં જાહેર વિતરણ કાર્ડ ધરાવનાર કુટુંબોએ જાન્યુ ૧૯૮૬થી સપ્ટે ૧૯૮૭ સુધીમાં ચોખા લેનાર કુટુંબોએ મળવાપાત્ર ચોખાના કેટલા ટકા ચોખા લીધા તેની માહિતી. | ૪૦.૪૧ |
| ૧૧. | ૨:બ:૪ | અભ્યાસના કુટુંબોમાં સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ મે.૮૬ થી સપ્ટે.૮૭ સુધીમાં આઈ.ટી.ડી.પી. અને સૌ કોઈ માટે અનાજની યોજનામાં કેટલા માસ અનાજ લીધુ તેની માહિતી. | ૪૩.૪૪ |
| ૧૨. | ૨:બ:૫ | અભ્યાસના કુટુંબોમાં સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ મે ૮૬ થી સપ્ટે ૮૭ સુધીમાં ઘઉં/મકાઈ લેનાર કુટુંબોએ મળવાપાત્ર ઘઉં/મકાઈના કેટલા ટકા ઘઉં/મકાઈ લીધી તેની માહિતી. | ૪૭-૪૮ |
| ૧૩. | ૨:બ:૬ | અભ્યાસના કુટુંબોમાં સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ મે.૮૬ થી સપ્ટે.૮૭ સુધીમાં ચોખા લેનાર કુટુંબોએ મળવાપાત્ર ચોખાના કેટલા ટકા ચોખા લીધા તેની માહિતી. | ૫૦-૫૧ |
| ૧૪. | ૩:૧ | સસ્તાદરના અનાજની દુકાનદારને આઈ.ટી.ડી.પી. નુ અનાજન વહેચાણમાંથી કેટલી આવક થાય છે તેની માહિતી. | ૫૮ |
| ૧૫. | ૪:૧ | અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબની જાતિની માહિતી. | ૬૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૬. | ૪:૨. | અભ્યાસ ના કુટુંબના વડાની ઉંમર અને કુટુંબમાં ૦ થી ૬ વર્ષના કેટલા સભ્યો છે. તેની માહિતી. | ૬૫ |
| ૧૭. | ૪:૩. | કુટુંબના કદની માહિતી દર્શાવતો કોઠો. | ૬૯-૭૦ |
| ૧૮. | ૪:૪. | કુટુંબના વડાનું શિક્ષણ દર્શાવતો કોઠો. | ૭૩ |
| ૧૯. | ૪:૫. | અભ્યાસના કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાયની માહિતી. | ૭૫ |
| ૨૦. | ૪:૬. | જમીન ધરાવતા કુટુંબ પાસે કેટલી જમીન છે. તેની માહિતી. | ૭૭ |
| ૨૧. | ૪:૭. | છેલ્લા વર્ષમાં કયુ અનાજ પાકયું તેની માહિતી. | ૭૯-૮૦ |
| ૨૨. | ૪:૮. | લાભાર્થી ના ઘરેથી સસ્તાદરના અનાજની દુકાનનું અંતર | ૮૩ |
| ૨૩. | ૪:૯. | લાભાર્થી ને કઈ યોજનામાં કેટલુ અનાજ મળે, તેની જાણકારી અંગેની માહિતી. | ૮૬ |
| ૨૪. | ૪:૧૦. | અનાજ નિયમિત લાવે છે કે નહી તેની માહિતી | ૮૮-૮૯ |
| ૨૫. | ૪:૧૧. | અનાજ ખરીદવામાં પડતી મુશ્કેલીની માહિતી | ૯૧-૯૨ |
| ૨૬. | ૪:૧૨. | સસ્તાદરના અનાજની દુકાનમાં અનાજ આવ્યા બાદ કેટલા દિવસે અનાજ વહેંચાય છે. તેની માહિતી. | ૯૬-૯૭-૯૮ |
| ૨૭. | ૪:૧૩. | લાભાર્થી ને સસ્તાદરના અનાજની દુકાનેથી અનાજ લાવવામાં જે મુશ્કેલી પડે છે તે દૂર કરવા તેમણે સૂચવેલા સૂચનો | ૧૦૪ |

# આભાર

કેન્દ્ર સરકારના અન્નખાતા દ્વારા નબળા વર્ગની ખરીદ શકિત વધે અને તેમને પોષ્ટિક ખોરાક મળી રહે તે માટે રાહતદરે અનાજ આપવાની યોજના અમલમાં મૂકાઇ છે. આ યોજના ખરેખર કેટલી ઉપયોગી થઇ, અને તેનો લાભ અનુસૂચિત જનજાતિના લોકોએ કેટલા પ્રમાણ માં લીધો તેની જાણકારી મેળવવાની ઇચ્છા કેન્દ્રસરકારને થઇ છે. આના ભાગ રૂપે ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિના લોકોને આ યોજનાનો કેટલો લાભ લીધો તેની જાણકારી મેળવવાનું કામ કેન્દ્ર સરકારે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોપ્યુ. તે બદલ તેમનો આભારી છું.

આ કામમાં પ્રશાસનમાં પડેલા એવા ગુજરાતરાજ્યના સચિવાલય ના અધિકારીઓ જિલ્લા પુરવઠા અધિકારી અને દાંતા તાલુકાના મામલતદારશ્રી તેમજ આ વિભાગના કર્મચારીઓ એ આ અભ્યાસમાં સાથ અને સહકાર આપ્યો તે બદલ તેમનો પણ આભારી છું.

દાંતા તાલુકાની પસંદ થયેલ સસ્તાદરના અનાજની દુકાન ધરાવનારાઓ એ પણ આ અભ્યાસ ને ઉપયોગી થાય તેવા સૂચનો, અને આના પ્રશ્નો ને લગતી માહિતી આપી છે. આથી આ અભ્યાસ સારો બન્યો છે.

આ અભ્યાસના પાયારુપ અને આધાર રૂપે એવા અભ્યાસના અનુસૂચિત જનજાતિના કુટુંબો અને ગામના આગેવાનો, ગામના સરપંચનો આભારી છું.

આ કાર્યમાં આ કેન્દ્રના સંશોધન અધિકારીશ્રી ચંદ્રકાન્તભાઇ ઉપાધ્યાયે આ અહેવાલના કાર્યમાં અંગત રસ લઇને મારા કાર્યમાં ઉપયોગી માર્ગદર્શન આપ્યું છે. તેમનો પણ હું આભારી છું.

આ અભ્યાસની કાર્યની શરૂઆતથી અહેવાલ લેખનના કાર્ય સુધી સંકળાયેલા આ કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકે મને તેમના અનુભવનું પ્રત્યક્ષ માર્ગદર્શન આપી, ~~આ અભ્યાસના સૈધ્ધાંતિક તારણો તારવી~~ પ્રશાસનમાં પડેલા અધિકારીઓને આ યોજનાના અમલિકરણમાં ઉપયોગી થાય તેવા તારણો અને સૂઝાવો તારવવામાં મદદ કરી છે. તેમણે આ અહેવાલ પૂરો કરવા માટે સતત સૂચના આપી અહેવાલની સમગ્ર xxxx હસ્ત પત્રનો ઉંડાણ પૂર્વક અભ્યાસ કરી જરૂરી સુધારા વધારા સૂચવ્યા છે. આ કેન્દ્રના સંશોધકો એ પણ ઉપયોગી માર્ગદર્શન આપ્યુ છે. તે દરેકનો અંતઃકરણથી આભાર માનુ છું.

આ કાર્યમાં નામી અનામી વ્યકિતઓ એ મદદ કરી છે. આથી અભ્યાસ સમાજને ઉપયોગી થાય તેવો બન્યો છે. આ અભ્યાસમાં જે સારી બાબત છે તે મિત્રોની અને નબળી બાબત મારી છે.

ગિરીશ ભટ્ટ

## પ્રકરણ-૧ પ્રારંભ

### પ્રસ્તાવના

અનુસૂચિત જનજાતિના લોકોના વિકાસ માટે અનેક યોજનાઓનું અમલીકરણ થઈ રહ્યુ છે. આમ છતાં તેમનામાં ગરીબીનું પ્રમાણ વધ્યુ છે. આથી તેઓ પૂરતો અને પોષણવાળો ખોરાક ઓછો લઈ શકે છે. તેમના બાળકોની તંદુરસ્તી અને સુખાકારી જળવાય રહે તે માટે તેમને પોષણવાળુ અનાજ મળી રહે તેવી વ્યવસ્થા કરવાની જરુર ઊભી થતા ભારત સરકારના અન્ન ખાતાએ સંકલિત આદિવાસી વિકાસ યોજનાના વિસ્તારમાં રહેતા લોકોને રાહતદરે ઘઉં અને ચોખા આપવાની યોજના અમલમાં મૂકી છે. આમ કરવા પાછળની એક ગણતરી એવી પણ છે કે અનુસૂચિત જનજાતિના લોકો ઘઉં અને ચોખા વધુ પ્રમાણ ખાય છે તેથી તેમને આ સામગ્રી સરળતાથી મળી શકે. તેમાટે સમગ્ર પેટા વિસ્તારમાં રહેતા લોકો માટે આ યોજના અમલમાં મૂકી છે. આમ કરવાનું મુખ્ય કારણ એ છે કે અનુસૂચિત જનજાતિના લોકો જે વિસ્તારમાં રહે છે તે વિસ્તારના અન્ય લોકોમાં પણ ગરીબીનું પ્રમાણ સારુ એવું છે. બિનપછાત લોકોને પણ પોષણ-યુકત અનાજ મળી રહે અને આ યોજનામાં ગેરરીતિ ઓછી થાય તે માટે આઈ.ટી.ડી.પી.ના વિસ્તારમાં રહેતા દરેક લોકોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

### મૂલ્યાંકનની ભૂમિકા:-

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિની વસ્તી ૧૪.૨૨ ટકા છે. જે ભારતની કુલ અનુસૂચિત જનજાતિની વસ્તીમાં ગુજરાત રાજ્યનો પાંચમો ક્રમ છે. આમ રાજ્ય માટે અનુસૂચિત જનજાતિની વસ્તીએ એક મહત્વનો સમુદાય છે. દેશના અને રાજ્યના અનુસૂચિત જનજાતિના લોકો આર્થિક,

...૨./-

સામાજિક, શૈક્ષણિક રીતે અન્ય સમુદાયો કરતા પાછળ રહ્યા છે. આથી તેઓના અનેક પ્રશ્નો છે, અને નવા ઉદ્‌ભવે છે. ખાસ કરીને જીવન જરુરીયાતની ખરીદી અને પૌષ્ટિક ખોરાક મેળવવાના પ્રશ્નો વર્તમાન સમયમાં વધુ છે. આથી ભારત સરકારના અન્ન ખાતાએ આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં રહેતા લોકોને રાહતદરે અનાજ આપવાની યોજના અમલમાં મૂકી છે. પરંતુ આ યોજના અમલમાં મૂકાયા બાદ જાણવા મળ્યુ છે કે આનો લાભ લોકોએ ખૂબજ ઓછો પ્રમાણમાં લીધો છે. પ્રાથમિક અંદાજ પ્રમાણે ૧૯૮૬–૮૭ના વર્ષમાં ૧૧ લાખ ટન ચોખા અને ૯ લાખ ટન ઘઉં ઉપયોગમાં લેવાયા છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે આઈ.ટી.ડી.પી. વિસ્તારના લોકોએ આ યોજનાનો લાભ ઘણો ઓછો લીધો છે. આમ થવા પાછળના કારણભૂત પરિબળોની તપાસ માટે આ યોજનાનું મૂલ્યાંકન કરવું અનિવાર્ય અને અગત્યનું છે. આઈ.ટી.ડી.પી. વિસ્તારના લોકો ખોરાકમાં જાડા ધાન્ય જેવા કે જુવાર, મકાઈ, નાગલી, રાગી નો વધુ પ્રમાણમાં ઉપયોગ કરે છે. કેમ કેમ? અથવા તો તેમની સંગ્રહ શકિત અને ખરીદ શકિતને ખ્યાલમાં રાખી આ યોજનાનું મૂલ્યાંકન કરવાની જરુર છે. આ મૂલ્યાંકન અભ્યાસના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે.

## અભ્યાસના હેતુ

(૧) અનુસૂચિત જનજાતિના લોકો આ યોજનાનો લાભ કેટલા પ્રમાણમાં લે છે તેની તપાસ કરવી.

(૨) જે લાભ ઓછા પ્રમાણમાં લેતા હોય તો તે અંગેના કારણોની તપાસ કરવી અને

(૩) આ યોજનાનો મૂળભૂત હેતુ શા માટે સિધ્ધ થયો નથી તે અંગેના પરિબળોની તપાસ કરવી.

(૪) આ યોજનાનો લાભ મેળવવામાં લાભાર્થીને કેવા પ્રકારની મુશ્કેલી પડે છે તેની જાણકારી મેળવવી.

(૫) આ અભ્યાસના આધારે આ યોજના તેના હાલના સ્વરુપે ચાલુ રાખવી કે કેમ? તે અંગે અભ્યાસ આધારિત સૂચનો કરવા.

## અભ્યાસના વિસ્તારની પસંદગી :-

ગુજરાત રાજ્યના નવ આઈ.ટી.ડી પી વિસ્તારમાં આ યોજના ચાલે છે. આ વિસ્તારમાં કુલ વસ્તીના કેટલા ટકા વસ્તીએ આ યોજનાનો લાભ લીધો તેની માહિતી નીચેના કોઠામાં આપી છે.

૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે આઈ.ટી.ડી.પી. વિસ્તારની વસ્તીના પ્રમાણમાં કેટલા ટકા લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધો તેની માહિતી દર્શાવતો <u>કોઠો ૧:૧</u>

| ક્રમ | આઈ.ટી.ડી.પી વિસ્તારનું નામ | ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે આઈ.ટી.ડી.પી. વિસ્તારની વસ્તી | જાન્યુ-૮૬થી ડીસે.-૮૬ સુધીના લાભાર્થીઓ (કુલ વસ્તીમાં ટકા) | જાન્યુ-૮૭ થી જુન-૮૭ સુધીના લાભાર્થીઓ (કુલ વસ્તીમાં ટકા | વધ-ઘટની માહિતી |
|---|---|---|---|---|---|
| ૧. | આહવા | ૧૧૪૬૬૦૮ | ૦૩.૪૧ | ૦૬.૬૮ | + ૩.૨૭ |
| ૨. | ખેડબ્રહ્મા | ૪૩૨૭૭૧ | ૮૦.૦૦ | ૫૫.૭૯ | - ૨૪-૨૧ |
| ૩. | છોટાઉદેપુર | ૫૧૪૮૫૨ | ૭૨.૦૦ | ૬૮.૦૧ | - ૯.૯૯ |
| ૪. | દાહોદ | ૧૩૯૨૫૨૯૦ | ૯૨.૯૫ | ૯૬.૪૯ | + ૩.૫૪ |
| ૫. | પાલનપુર | ૯૯૩૫૨ | ૫૧.૨૭ | ૫૮.૩૯ | + ૭.૧૨ |
| ૬. | માંડવી | ૬૪૫૭૧૧ | ૪૧.૧૪ | ૬૪.૨૧ | +૨૩.૦૭ |
| ૭. | રાજપીપળા | ૫૯૬૩૬૯ | ૭૩.૩૩ | ૭૮.૦૬ | + ૪.૭૩ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
|---|---|---|---|---|---|
| ૮. | વાંસદા | ૧૧૪૬૬૦૮ | ૭૬.૦૩ | ૯૨.૨૦ | + ૧૬.૧૭ |
| ૯. | સોનગઢ | ૫૨૭૯૭૧ | ૬૮.૩૦ | ૭૨.૯૦ | + ૪.૬૦ |
| કુલ | | ૬૫૧૨૩૭૧ | ૬૨.૦૦ | ૬૭.૫૪ | + ૫.૫૪ |

(પ્રાપ્તિ સ્થાન અન્ન નિયામકની કચેરી, ગાંધીનગર.)

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ખેડબ્રહ્મા, છોટા-ઉદેપુર, દાહોદ અને વાંસદા આઈ.ટી.ડી.પી. વિસ્તારના કુલ વસ્તીના ૭૫ ટકા લોકોએ જાન્યુ ૮૬થી ડિસે. ૮૬ સુધીમાં આ યોજનાનો લાભ લીધો છે. જયારે પાલનપુર, રાજપીપળા અને સોનગઢ આઈ.ટી.ડી.પી વિસ્તારના ૫૦ ટકા કરતા વધુ લોકોએ જાન્યુ.૮૬ થી ડીસે.૮૬ સુધીમાં લાભ લીધો છે.

જાન્યુ.૮૭ થી જુન ૮૭ ના સમયમાં દાહોદ, રાજપીપળા અને વાંસદા આઈ.ટી.ડી.પી. વિસ્તારના કુલ વસ્તીના ૭૫ ટકા કરતાં વધુ લોકોએ આ યોજનાનો લાભ લીધો છે, જયારે ખેડબ્રહ્મા છોટાઉદેપુર, પાલનપુર, માંડવી અને સોનગઢ આઈ.ટી.ડી.પી. વિસ્તારના ૫૦ ટકા કરતાં વધુ લોકોએ આ યોજનાનો લાભ લીધો છે.

ગુજરાતના આઈ.ટી.ડી.પી વિસ્તારની કુલ વસ્તીના ૬૨.૦૦ ટકા લોકોએ જાન્યુ.૮૬ થી ડીસે.૮૬ સુધીમાં આ યોજનાનો લાભ લીધો છે. જયારે જાન્યુ.૮૭ થી જુન ૮૭ સુધીના સમયમાં રાજયના આઈ.ટી.ડી.પી.ની કુલ વસ્તીના ૬૭.૫૪ ટકા લોકોએ આ યોજનાનો લાભ લીધો છે. આમ જાન્યુ.૮૬ થી ડીસે.૮૬ સુધીના સમય કરતાં ૧૯૮૭ના વર્ષના પ્રથમ ૬ માસમાં ૫.૫૪ ટકા વધુ લોકો

ને આ યોજનાનો લાભ લીધો છે. ૧૯૮૬ અને ૧૯૮૭ના વર્ષ દરમ્યાન કુલ લાભાર્થીના ટકાની વધઘટ જોતા ખ્યાલ આવે છે કે આહવા, દાહોદ, રાજપીપળા અને સોનગઢમાં લાભાર્થીઓની વધ કુલ વધના ટકા કરતાં ઓછો વધારો થયો છે. જ્યારે પાલનપુર, માંડવી, વાંસદામાં કુલ લાભાર્થીના ટકા કરતાં વધુ વધારો થયો છે.

અભ્યાસના વિસ્તારની પસંદગી કરતાં સમયે એવુ ~~નક્કી~~ નક્કી કરવામાં આવ્યું કે કુલ લાભાર્થીઓની ટકાવારી કરતાં ૨ ટકા કરતા વધુ કે ઓછી વધ ઘટ થઈ હોય તેવા વિસ્તારમાંથી એક વિસ્તારની પસંદગી કરવી. આમ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ છે કે લાભાર્થીના ટકામાં અસમાન વધારો કે ઘટાડો થતો હોય તો તેની પાછળ જે તે વિસ્તારની સ્થાનિક પરિસ્થિતિ વધુ પ્રમાણમાં કામ કરતી હોય છે. આથી આ અભ્યાસમાં આ વિસ્તારની પસંદગી કરી નથી. આ ધોરણથી પ્રથમ તબક્કામાં દાહોદ, પાલનપુર, રાજપીપળા, અને સોનગઢ આઈ.ટી.ડી.પી. વિસ્તારો પસંદ થયા છે. વિસ્તાર પસંદગીના બીજા તબક્કામાં લાભાર્થીદીઠ કેટલા પ્રમાણમાં અનાજ વહેંચાયું છે તે જોવામાં આવ્યુ છે. જેની વિગતે માહિતી નીચેના કોઠામાં મુકી છે.

::૬::

આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં વ્યકિતદીઠ કેટલુ અનાજ સરેરાશ વહેંચાયુ તેની માહિતી દર્શાવતો કોઠો ૧:૨

| ક્રમ | આઈ.ટી.ડી.પી વિસ્તારનુ નામ | જાન્યુ.૮૬ થી ડીસે.૮૬ સુધી વ્યકિતદીઠ સરેરાશ કેટલુ અનાજ વહેચાયુ. | | | જાન્યુ.૮૭થી જુન ૮૭ સુધી વ્યકિતદીઠ સરેરાશ કેટલુ અનાજ વહેચાયું | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ઘઉ | ચોખા | કુલ | ઘઉ | ચોખા | કુલ |
| ૧. | આહવા | ૨.૩૪ | ૧.૮૮ | ૪.૨૨ | ૩.૨૦ | ૨.૫૩ | ૫.૭૩ |
| ૨. | ખેડબ્રહ્મા | ૩.૭૪ | ૧.૫૪ | ૫.૨૮ | ૪.૪૩ | ૧.૭૧ | ૬.૧૪ |
| ૩. | છોટાઉદેપુર | ૧.૯૨ | ૧.૫૪ | ૩.૪૬ | ૨.૪૭ | ૨.૫૨ | ૪.૯૯ |
| ૪. | દાહોદ | ૫.૪૯ | ૧.૮૦ | ૭.૨૯ | ૫.૧૮ | ૨.૭૮ | ૭.૯૬ |
| ૫. | પાલનપુર | ૮.૮૮ | ૦.૪૭ | ૯.૩૫ | ૧૦.૦૦ | ૦.૫૪ | ૧૦.૫૪ |
| ૬. | માંડવી | ૧.૮૯ | ૨.૧૨ | ૪.૦૧ | ૨.૧૩ | ૨.૪૬ | ૪.૫૯ |
| ૭. | રાજપીપળા | ૨.૭૪ | ૨.૬૫ | ૫.૩૯ | ૪.૧૭ | ૩.૪૬ | ૭.૬૩ |
| ૮. | વાંસદા | ૦.૯૧ | ૧.૫૩ | ૨.૪૪ | ૧.૪૧ | ૨.૪૭ | ૩.૮૮ |
| ૯. | સોનગઢ | ૧.૨૩ | ૧.૨૮ | ૨.૫૧ | ૨.૩૭ | ૨.૭૮ | ૫.૧૫ |
| | કુલ | ૬.૨૪ | ૧.૭૫ | ૭.૯૯ | ૩.૪૦ | ૨.૬૩ | ૬.૦૩ |

(નોંધ આંકડા કિલોમાં આપ્યા છે.)

પ્રાપ્તિ સ્થાન અન્ન નિયામકની કચેરી ગાંધીનગર.

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૬ અને ૧૯૮૭ના વર્ષમાં દાહોદા, પાલનપુર, રાજપીપળા અને સોનગઢ આઈ.ટી.ડી.પી. વિસ્તારના લાભાર્થીઓમાં પાલનપુર આઈ.ટી.ડી.પી માં લાભાર્થીદીઠ સરેરાશ વધુ અનાજ વહેંચાયેલું છે. ૧૯૮૬ના વર્ષમાં સરેરાશ ૯.૭૫ કિલો અને ૧૯૮૭માં સરેરાશ ૧૦.૫૪ કિલો અનાજ વહેંચાયું છે. ગુજરાતમાં આ બન્ને વર્ષમાં લાભાર્થીદીઠ જે અનાજ વેચાયું છે, તેના કરતાં વધુ અનાજ આ વિસ્તારમાં વેચાયું છે.

અભ્યાસ પસંદગીમાં પ્રથમ અને બીજા તબક્કામાં પાલનપુર, આઈ.ટી.ડી.પી. વિસ્તાર પસંદ થયો છે. આથી આ વિસ્તારને અભ્યાસમાં પસંદ કર્યો છે. આ વિસ્તારમાં અભ્યાસ પસંદગીના પ્રથમ તબક્કામાં લાભાર્થીની વધઘટમાં બહુ મોટો તફાવત પડતો નથી, અને અનાજની વહેંચણીમાં ગુજરાતના દરેક આઈ.ટી.ડી.પી વિસ્તાર કરતાં લાભાર્થીદીઠ સરેરાશ વધુ અનાજ ~~આ વિસ્તારમાં~~ વેચાયું છે. આ ઉપરથી ફલિત થાય છે કે, આ વિસ્તારમાં જે લોકો આ યોજનાનો લાભ લે છે તેઓ નિયમિત રીતે અનાજ ખરીદે છે. આથી આ વિસ્તારનો અભ્યાસ કરવાથી આ યોજના વિશે વિગતે જાણકારી મળી શકે અને આથી આ વિસ્તારને અભ્યાસમાં પસંદ કર્યો છે.

પાલનપુર આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં દાંતા અને અમીરગઢ પોકેટ છે. સ્વૈચ્છિક નિદર્શન પધ્ધતિથી દાંતા તાલુકાને આ અભ્યાસમાં પસંદ કર્યો છે.

..૮..

અભ્યાસના એકમોની પસંદગી :-

સસ્તાદરની અનાજની દુકાનની પસંદગી

દાંતા તાલુકામાં સપ્ટે-૧૯૮૭ સુધી ૭૪ સસ્તાદરના અનાજની દુકાન છે. આ અભ્યાસમાં તાલુકાની કુલ દુકાનના ૧૫ ટકા દુકાનનો અભ્યાસ કરવાનુ નકકી કર્યુ છે. આ પ્રમાણે આ તાલુકાની ૫ દુકાનનો અભ્યાસ કર્યો છે. અભ્યાસમાં સ્વૈચ્છિક નિદૅશન પધ્ધતિથી દુકાનની પસંદગી કરી છે.

કુટુંબોની પસંદગી :-

અભ્યાસમાં પસંદ થયેલી દુકાનમાં ૨૩૮૦ કુટુંબોના કાર્ડ છે. આ કુટુંબોમાંથી ૫ ટકા કુટુંબોનો અભ્યાસ કર્યો છે. અભ્યાસની દરેક દુકાનમાં ૫ ટકા પ્રમાણે કુટુંબોની યાદી તૈયાર કરી છે. આમ કરતા ૧૧૯ કુટુંબોની યાદી તૈયાર થઇ આમાથી અભ્યાસ ના સમયે જે તે સ્થળે ૧૫ કુટુંબો મળ્યા નહી આથી કુલ ૧૦૪ કુટુંબોની માહિતી એકત્ર કરી તેમને આઅભ્યાસમાં સમાવિષ્ટ કર્યા છે.

સંશોધન પ્રવિધિઓ :-

(૧) દાંતા તાલુકાની સામાજિક, આર્થિક પરિસ્થિતિ જાણવા આ તાલુકા અંગેનું સંદર્ભ સાહિત્ય અને આને લગતા શોધ નિબંધ, પુસ્તકો તપાસવા માટે ગ્રંથાલય કાર્ય કર્યુ છે.

(૨) સ્વૈચ્છિક નિદર્શન પ્રવિધિથી પસંદ થયેલા તાલુકાની સસ્તાદરના અનાજની દુકાન અને આ દુકાનમાં રેશનના કાર્ડ ધરાવનાર કુટુંબની વ્યકિતગત મુલાકાત લઇ માહિતી એકત્ર કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે પ્રશ્નપત્રનો ઉપયોગ કર્યો છે. કુટુંબના મુખ્ય વ્યકિતની વ્યકિતગત મુલાકાત લઇને માહિતી એકત્ર કરી છે. આના ધ્વારા

::૯::

દાંતા તાલુકાની આ યોજનાને લગતી માહિતી, સસ્તાદરના અનાજની દુકાનની માહિતી અને કુટુંબોની માહિતી એકત્ર કરી છે.

આ ઉપરાંત મામલતદારશ્રી, અભ્યાસમાં પસંદ કરેલ સસ્તા દરના અનાજની દુકાન નીચે આવરી લેવાયેલ ગામોના સરપંચો, ગામ આગેવાનો ની મુલાકાત લઈને માહિતી એકત્ર કરી છે. સહભાગી અને અસહભાગી નિરીક્ષણ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી છે. વિષય સંબંધી ઊંડાણપૂર્વકની માહિતી એકત્ર કરવા માટે વ્યક્તિગત અભ્યાસ પ્રવિધિનો પણ ઉપયોગ કર્યો છે. આમ જુદી જુદી વૈજ્ઞાનિક પ્રવિધિઓ દ્વારા પ્રસ્તુત અહેવાલની માહિતી એકત્ર કરવામાં આવી છે.

## પ્રકરણ- ૨-અ

ગુજરાત રાજ્ય આઈ.ટી.ડી.પી. વિસ્તાર પાલનપુર અને દાંતામાં માસવાર વહેંચાયેલા અનાજનો જથ્થો.

ગુજરાત રાજ્યમાં આ યોજનાનો અમલ ડીસે.૧૯૮૫ થી શરૂ થયો છે. આ માસમાં આ યોજના નવી હતી. આથી આની વિગતે માહિતી દુકાનદાર ને કે લાભાર્થીને ન હોવાથી આ યોજનાનો લાભ ઓછા લોકોએ લીધો છે. આ માસમાં ફકત ઘઉંનું વેચાણ કર્યુ છે.

જાન્યુ.૮૬ થી જુન ૮૭ સુધીમાં માસવાર કેટલા લાભાર્થીએ આ યોજનાનો લાભ લીધો તેની માહિતી નીચેના કોઠામાં આપી છે.

આઈ.ટી.ડી.પી. વિસ્તાર નીચે ગુજરાત રાજ્ય, પાલનપુર અને દાંતા વિસ્તારમાં કેટલા લાભાર્થીએ લાભ લીધો તેની વિગત (ટકામાં) કોઠા ૨-અ/૧

| ક્રમ | માસ | ગુજરાતમાં ૧૯૮૧ની આઈ.ટી.ડી.પી.ની વસ્તી પ્રમાણે કેટલા ટકા વસ્તીએ આ યોજનાનો લાભ લીધો | પાલનપુર આઈ.ટી.ડી.પી. વિસ્તારની ૧૯૮૧ ની વસ્તી પ્રમાણે કેટલા ટકા વસ્તીએ આ યોજનાનો લાભ લીધો | દાંતા તાલુકાની આઈ.ટી.ડી.પી.ની કુલ વસ્તીમાં કેટલા ટકા વસ્તીએ આ યોજનાનો લાભ લીધો |
|---|---|---|---|---|
| | | ટકા | ટકા | ટકા |
| ૧. | જાન્યુ.૮૬ | ૪૩.૩૦ | ૭૧.૨૨ | ૬૫.૭૯ |
| ૨. | ફેબ્રુ.૮૬ | ૫૬.૧૧ | ૭૧.૧૨ | ૫૯.૬૦ |
| ૩. | માર્ચ ૮૬ | ૮૪.૮૫ | ૫૫.૭૧ | ૪૦.૫૧ |
| ૪. | એપ્રિલ ૮૬ | ૫૫.૨૪ | ૪૦.૬૭ | ૮૪.૫૩ |
| ૫. | મે ૮૬ | ૬૧.૪૩ | ૫૭.૨૨ | ૪૦.૯૨ |
| ૬. | જુન ૮૬ | ૬૧.૮૭ | ૪૧.૮૫ | ૪૫.૯૧ |
| ૭. | જુલાઈ ૮૬ | ૬૩.૨૨ | ૫૯.૪૦ | ૫૦.૪૭ |
| ૮. | ઓગસ્ટ ૮૬ | ૬૧.૬૧ | ૫૦.૫૯ | ૫૫.૦૦ |
| ૯. | સપ્ટે.૮૬ | ૫૯.૮૬ | ૫૦.૮૮ | ૫૦.૭૫ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
|---|---|---|---|---|
| ૧૦. | ઓક્ટો.૮૬ | ૬૪.૦૮ | ૪૬.૨૩ | અપ્રાપ્ય |
| ૧૧. | નવે.૮૬ | ૬૬.૭૪ | ૫૦.૭૩ | અપ્રાપ્ય |
| ૧૨. | ડીસે.૮૬ | ૬૫.૬૧ | ૬૪.૮૯ | ૫૪.૫૪ |
| | | ૬૨.૦૦ | ૫૧.૨૭ | ૫૩.૭૧ |
| ૧. | જાન્યુ.૮૭ | ૬૮.૦૩ | ૭૨.૦૩ | ૭૩.૬૯ |
| ૨. | ફેબ્રુ.૮૭ | ૬૮.૨૫ | ૭૩.૬૫ | ૫૩.૫૮ |
| ૩. | માર્ચ ૮૭ | ૬૯.૩૮ | ૫૮.૬૦ | ૪૧.૬૬ |
| ૪. | એપ્રિલ-૮૭ | ૬૭.૬૭ | ૫૭.૪૪ | ૩૬.૩૨ |
| ૫. | મે ૮૭ | ૬૫.૩૪ | ૪૦.૫૪ | ૩૭.૦૬ |
| ૬. | જુન ૮૭ | ૬૭.૫૪ | ૪૮.૦૬ | ૪૦.૩૪ |
| | કુલ | ૬૭.૫૪ | ૫૮.૩૯ | ૪૭.૧૧ |

નોંધ:- પ્રાપ્તિ સ્થાન અન્ન નિયામકની કચેરી, ગાંધીનગર અને મામલતદારશ્રીની કચેરી, દાંતા.

કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૬ના વર્ષમાં ગુજરાત, પાલનપુર અને દાંતા આઈ.ટી.ડી.પી વિસ્તારમાં અનુક્રમે સરેરાશ ૬૨.૦૦, ૫૩.૨૭ અને ૫૩.૭૧ ટકા લાભાર્થીએ આ યોજનાનો લાભ લીધો છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે ગુજરાત રાજ્ય કરતાં પાલનપુર અને દાંતા આઈ.ટી.ડી.પી.માં લાભાર્થીઓએ ઓછા પ્રમાણમાં આ યોજનાનો લાભ લીધો છે.

૧૯૮૬ના વર્ષમાં ગુજરાતના આઈ.ટી.ડી.પી. વિસ્તારના લાભાર્થીની ટકાવારી કરતા અભ્યાસના આઈ.ટી.ડી.પી. વિસ્તારના ૮.૨૯ ટકા ઓછા લાભાર્થીએ આ યોજનાનો લાભ લીધો છે. આ પ્રમાણે ૧૯૮૭ના પ્રથમ ૭ માસમાં વધે છે. આ સમય ગાળામાં ગુજરાત રાજ્યના આઈ.ટી.ડી.પી વિસ્તારના ૬૭.૫૪ ટકા લોકોએ આ યોજનાનો લાભ લીધો છે. જ્યારે પાલનપુર અને દાંતા આઈ.ટી.ડી.પીવિસ્તાર માં અનુક્રમે ૫૮.૩૯ અને ૪૯.૧૧ટકા લાભાર્થીએ આ યોજનાનો લાભ લીધો છે. ગુજરાત રાજ્ય કરતા અભ્યાસના આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં આ સમયગાળામાં ૨૦.૪૩ ટકા ઓછા લાભાર્થીએ આ યોજનાનો લાભ લીધો છે. આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે પાલનપુર અને દાંતા આઈ.ટી.ડી.પી વિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષથી અનિયમિત વરસાદ પડે છે. આથી ખેતમજૂરો અને નાના ખેડૂતોને ખેતીમાં કામ મળતુ નથી. જે લોકો પાસે જમીન છે તેમને પોતાની ખેતીમાં કે અન્ય જગ્યાએ ખેતમજૂરીનું કામ ન મળતા તેઓને પણ અન્ય કામ કરવા જવુ પડ્યું હતું. આ કામોમાં રાજ્ય સરકાર દ્વારા અછત રાહતના કામોમાં અને કામના બદલામાં અનાજ આપવાની યોજનામાં ખોદકામ, વૃક્ષોના રોપા ઉછેરવા

વગેરે કામો આ વિસ્તારના લોકો કરે છે. આ કામના મહેનતાણામાં અનાજ આપવામાં આવે છે. આથી આ યોજનાનો લાભ ઓછા લોકોએ લીધો છે. આ વિસ્તારના અનુસૂચિત જનજાતિના લોકોની ખરીદ શકિત પણ ઓછી છે, તેથી તેઓ રોકડેથી અનાજ ઓછું લાવે છે.

માસિક અનાજનું વેચાણ:-

આગળ આપણે આ યોજનાનો લાભ લાભાર્થીઓ કેટલો લે છે તેની વિગતવાર ચર્ચા કરી. અહીં ૧૯૮૬ના જાન્યુઆરીથી ઓગસ્ટ ૧૯૮૭ સુધીમાં જે અનાજ વહેંચાયું તેમાં માસિક કેટલુ અનાજ વેચાણું તેની વિગત નીચેના કોઠામાં આપવામાં આવી છે.

આઈ.ટી.ડી.પી. વિસ્તાર ગુજરાત રાજ્ય પાલનપુર અને દાંતામાં માસવાર વહેંચાયેલ અનાજનો જથ્થો કોઠા નં.૨/બ-૨

(આંકડા ટકામાં)

| ક્રમ | માસ | ગુજરાત રાજ્યમાં કુલ વહેંચાયેલા અનાજના કેટલા ટકા અનાજ જે તે માસમાં વહેંચાયું ટકા | પાલનપુર આઈ.ટી.ડી.પીમાં કુલ વહેંચાયેલા અનાજના કેટલા ટકા અનાજ જે તે માસમાં વહેંચાયું ટકા | દાંતા આઈ.ટી.ડી.પીમાં કુલ વહેંચાયેલા અનાજના કેટલા ટકા અનાજ જે તે માસમાં વહેંચાયું ટકા |
|---|---|---|---|---|
| ૧. | જાન્યુ.૮૬ | ૪.૦૩ | ૧૧.૩૯ | ૧૩.૩૮ |
| ૨. | ફેબ્રુ.૮૬ | ૬.૯૩ | ૧૦.૦૪ | ૧૧.૫૬ |
| ૩. | માર્ચ ૮૬ | ૭.૪૩ | ૬.૮૩ | ૫.૪૧ |
| ૪. | એપ્રિલ ૮૬ | ૭.૧૦ | ૩.૫૫ | ૨.૪૮ |
| ૫. | મે ૮૬ | ૮.૫૫ | ૭.૩૩ | ૬.૦૫ |
| ૬. | જૂન ૮૬ | ૮.૬૨ | ૭.૦૪ | ૭.૯૦ |
| ૭. | જુલાઈ ૮૬ | ૯.૮૫ | ૭.૭૪ | ૯.૪૬ |
| ૮. | ઓગસ્ટ ૮૬ | ૯.૩૦ | ૮.૩૭ | ૯.૨૫ |
| ૯. | સપ્ટે.૮૬ | ૯.૭૭ | ૯.૧૬ | ૧૦.૩૪ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
|---|---|---|---|---|
| ૧૦. | ઓકટો.૮૬ | ૯.૧૫ | ૭.૫૦ | ૬.૩૦ |
| ૧૧. | નવે.૮૬ | ૮.૬૦ | ૮.૧૦ | ૬.૬૪ |
| ૧૨. | ડીસે.૮૬ | ૧૦.૬૭ | ૧૨.૮૫ | ૧૧.૨૩ |
| | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧. | જાન્યુ.૮૭ | ૧૭.૩૦ | ૨૩.૭૯ | ૧૭.૯૯ |
| ૨. | ફેબ્રુ.૮૭ | ૧૮.૩૭ | ૨૦.૭૭ | ૧૨.૭૨ |
| ૩. | માર્ચ ૮૭ | ૧૬.૧૫ | ૧૬.૬૮ | ૧૯.૧૨ |
| ૪. | એપ્રિલ૮૭ | ૧૬.૮૪ | ૧૩.૭૧ | ૯.૧૨ |
| ૫. | મે.૮૭ | ૧૬.૦૧ | ૧૧.૨૮ | ૯.૨૦ |
| ૬. | જૂન ૮૭ | ૧૫.૩૩ | ૧૩.૭૬ | ૯.૭૧ |
| ૭. | જુલાઈ ૮૭ | અપ્રાપ્ય | અપ્રાપ્ય | ૧૧.૯૪ |
| ૮. | ઓગસ્ટ ૮૭ | અપ્રાપ્ય | અપ્રાપ્ય | ૧૯.૨૦ |
| | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

નોંધ:- પ્રાપ્તિ સ્થાન અન્ન નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર અને મામલતદારની કચેરી દાંતા.

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે આ યોજના નીચે ગુજરાત રાજયમાં ૧૯૮૬ના વર્ષમાં જે અનાજ વેચાયું છે તેમાં વધુમાં વધુ અનાજ ડીસેમ્બર માસમાં વહેંચાયું છે. આ માસમાં વર્ષ દરમ્યાન વહેંચાયેલા અનાજના ૧૦.૬૭ ટકા અનાજ વહેંચાયું છે. આવું પાલનપુરમાં પણ બન્યુ છે. આ વિસ્તારમાં ૧૯૮૬ ના વર્ષ દરમ્યાન વહેંચાયેલા કુલ અનાજના ૧૨.૮૫ ટકા અનાજ આ માસમાં વેચાણું છે. દાંતા તાલુકામાં ૧૯૮૬ના વર્ષમાં સૌથી વધુ અનાજ જાન્યુઆરી માસમાં વેચાણું છે. આ માસમાં વર્ષ દરમ્યાન વહેંચાયેલ અનાજના ૧૩.૩૮ ટકા અનાજ વેચાણું છે. આ માસમાં ગુજરાતમાં વહેંચાયેલ અનાજના ફકત ૪.૦૩ ટકા અનાજ વેચાણ છે જે આ વર્ષમાં વહેંચાયેલ અનાજમાં સૌથી વધુ અનાજ છે.

આ ઉપરથી એક બાબત ફલિત થાય છે કે ગુજરાત રાજયમાં આ યોજનાની શરુઆત ધીમી થઈ હતી. દાંતા અને પાલનપુરમાં શરુઆતના માસથી જ કુલ વહેંચાણના ૧૦ ટકા કરતા વધુ અનાજ વહેંચાયું છે. દાંતા તાલુકામાં માર્ચ માસમાં ઓછું અનાજ વહેંચાયું છે.

આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે આ વિસ્તારમાં મકાઈ, ઘઉં વધુ પાકે છે જે આ માસ દરમ્યાન તૈયાર થઈ ગયા હોય આથી અહીંના લોકોને અનાજ બહારથી લાવવું પડતુ નથી; જે ખેતમજૂરો હોય તેઓ આ માસમાં મજૂરીનુ કામ શોધવા સ્થળાંતર કરે છે. આથી તેઓ આ યોજનાનો લાભ આ માસ દરમ્યાન ઓછા પ્રમાણમાં લે છે. આ કારણે આ માસમાં ઓછું અનાજ વહેંચાણું છે.

ગુજરાત રાજયમાં ડીસેમ્બર ૧૯૮૬ માં જે અનાજ વહેંચાણુ તેના કરતા ૧૯૮૭ ના વર્ષના પ્રથમ છ માસમાં વધુ અનાજ વહેંચાણું છે. પાલનપુર વિસ્તારમાં પણ આમ જ બન્યુ છે. દાંતા તાલુકામાં ડીસે-૮૬ કરતા ૧૯૮૭ના જાન્યુ,ફેબ્રુ,જુલાઈ, માસમાં વધુ અનાજ વહેંચાયું છે.

બીજા માસોમાં ઓછું અનાજ વહેંચાયું છે. પણ ૧૯૮૬ના જે તે માસ કરતા ૧૯૮૭ના આ માસમાં વધુ અનાજ વહેંચાયુ છે. દા.ત. ૧૯૮૬ માં માર્ચ અને એપ્રિલ માસમાં અનુક્રમે ૫.૪૧ અને ૨.૪૮ટકા અનાજ વેચાણું છે. જ્યારે ૧૯૮૭ના વર્ષમાં આ માસ દરમ્યાન અનુક્રમે ૧૦.૧૨, ૯.૧૨ ટકા અનાજ વેચાણું છે. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે ૧૯૮૬ના વર્ષમાં પણ વરસાદ ન પડવાથી આ વિસ્તારમાં પાક ખુબ જ ઓછો થયો હતો. આથી લોકોએ સસ્તાદરના અનાજની દુકાનેથી અનાજ લાવવાનું જરૂરી બન્યુ હતુ.

ઉપરોકત કોઠા ઉપરથી એક બાબત ફલિત થાય છે કે જાન્યુ ૧૯૮૬ થી જુન ૧૯૮૭ ના સમયમાં ગુજરાતના આઈ.ટી.ડી.પીના વિસ્તારમાં અનાજ વેચાણ નું પ્રમાણ લગભગ દરેક માસે વધે છે. પાલનપુર અને દાંતા માં માર્ચ અને એપ્રિલ માસ બાદ કરતા અનાજનું વેચાણ પ્રતિમાસ વધુ થાય છે. આગળ આપણે દાંતા તાલુકામાં પ્રતિમાસ જે અનાજ વેચાણું તેની વિગત તપાસી. આમાં ગુજરાત અને પાલનપુરમાં વહેંચાયેલા અનાજ ની ટકાવારી કરતા દાંતા તાલુકામાં ૧૯૮૬ના વર્ષમાં અને ૧૯૮૭ના વર્ષમાં અમુક માસમાં ઓછુ અનાજ વેચાણું છે. આ પાછળનુ મુખ્ય કારણ એ છે કે આ વિસ્તારમાં ૧૯૮૬ના વર્ષમાં કામના બદલામાં અનાજ આપવાની યોજનામાં ૪૨૦.૨૦ મે.ટન અનાજ વેચાણું છે. જે સરેરાશ પ્રતિમાસ ૩૫.મે.ટન અનાજ થયું. ૧૯૮૭ના પ્રથમ આઠ માસમાં ૫૦૯.૫૫ મે.ટન અનાજ આ યોજના નીચે વહેંચાણું જે સરેરાશ પ્રતિમાસ ૬૩.૪૪ મે.ટન થયુ. આ યોજનામાં ૧૯૮૬ના વર્ષ દરમ્યાન જે અનાજ વેચાણુ તેના કરતા ૮૧ ટકા અનાજ ૧૯૮૭ના પ્રથમ આઠ માસમાં વધુ વેચાણુ છે. આ ઉપરાંત ૧૯૮૭ના એપ્રિલ માસથી ઓગષ્ટ માસ સુધીમાં ૫૨૯.૪૮ મે.ટન અનાજ અછત રાહતના કામોમાં વહેંચાયુ છે. જે પ્રતિમાસ ૧૦૫.૯૦ મે.ટન થયુ. કામના બદલામાં અનાજ અને અછત રાહત માં અનાજ અપાતુ હોવાથી ગુજરાત અને પાલનપુર કરતાં દાંતા આઈ.ટી.-ડી.પી.માં ઓછુ અનાજ વહેંચાણું છે.

<u>લાભાર્થીદીઠ કેટલું અનાજ વેચાયું :-</u>

આગલા ફકરાઓમાં આઈ.ટી.ડી.પી વિસ્તાર ગુજરાત રાજ્ય, પાલનપુર અને દાંતા માં કેટલા ટકા લાભાર્થીઓ આ યોજનાનો લાભ લે છે, અને માસિક કેટલું અનાજ વહેચાયું છે તેની વિગત જોઈ. અહીં લાભાર્થી દીઠ સરેરાશ માસિક કેટલું અનાજ વહેંચાયું છે તેની ચર્ચા કરી છે. આઈ.ટી.ડી.પી વિસ્તારમાં રાહતભાવે વ્યક્તિ દીઠ માસિક ૧૪ કિલો અનાજ અપાય છે. આમાં ૧૦ કિલો ઘંઉ અને ૪ કિલો ચોખા અપાય છે. આઈ.ટી.ડી.પી ગુજરાત, પાલનપુર અને દાંતામાં વ્યક્તિદીઠ માસિક સરેરાશ કેટલું અનાજ વહેંચાયું છે તેની વિગતે માહિતી નીચેના કોઠામાં આપી છે.

આઈ.ટી.ડી.પી. વિસ્તાર ગુજરાત રાજ્ય, પાલનપુર અને દાંતા માં માસવાર લાભાર્થીદીઠ કેટલુ અનાજ વહેંચાણુ તેની વિગત કોઠા નં.૨/અ-૩

| ક્રમ | માસ | ગુજરાત રાજ્યમાં લાભાર્થી દીઠ માસિક કેટલુ અનાજ વહેચાણું. કિલોમાં | પાલનપુર આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં લાભાર્થીદીઠ માસિક કેટલું અનાજ વહેચાણું. કિલોમાં | દાંતા આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં લાભાર્થી દીઠ માસિક કેટલું અનાજ વહેચાણું. કિલોમાં |
|---|---|---|---|---|
| ૧. | જાન્યુ.૮૬ | ૩.૮૩ | ૯.૮૮ | ૮.૭૧ |
| ૨. | ફેબ્રુ.૮૬ | ૪.૫૫ | ૮.૭૧ | ૯.૨૬ |
| ૩. | માર્ચ.૮૬ | ૩.૧૨ | ૭.૫૬ | ૬.૩૭ |
| ૪. | એપ્રિલ.૮૬ | ૪.૮૩ | ૫.૪૦ | ૧.૪૦ |
| ૫. | મે.૮૬ | ૫.૧૭ | ૭.૯૨ | ૭.૩૮ |
| ૬. | જૂન.૮૬ | ૫.૦૩ | ૧૦.૩૯ | ૮.૨૨ |
| ૭. | જુલાઈ.૮૬ | ૫.૬૮ | ૮.૦૪ | ૮.૧૪ |
| ૮. | ઓગષ્ટ.૮૬ | ૫.૪૯ | ૧૦.૭૫ | ૭.૬૯ |
| ૯. | સપ્ટે.૮૬ | ૫.૮૬ | ૧૧.૧૧ | ૮.૯૮ |

| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
|---|---|---|---|---|
| ૧૦. | ઓક્ટો.૮૬ | ૪.[illegible]૫ | ૧૦.૦૩ | અપ્રાપ્ય |
| ૧૧. | નવે.૮૬ | ૪.૪૩ | ૯.૮૬ | અપ્રાપ્ય |
| ૧૨. | ડીસે.૮૬ | ૫.૭૯ | ૧૨.૨૪ | ૯.૩૫ |
| | સરેરાશ | ૪.૮૯ | ૯.૦૫ | ૭.૬૫ |
| ૧. | જાન્યુ.૮૭ | ૬.૨૨ | ૧૨.૨૧ | ૯.૧૮ |
| ૨. | ફેબ્રુ.૮૭ | ૬.૫૮ | ૧૦.૪૧ | ૮.૯૩ |
| ૩. | માર્ચ.૮૭ | ૫.૭૭ | ૧૦.૫૧ | ૮.૮૯ |
| ૪. | એપ્રિલ.૮૭ | ૬.૦૯ | ૮.૮૨ | ૯.૨૧ |
| ૫. | મે.૮૭ | ૫.૯૯ | ૧૦.૨૮ | ૯.૦૬ |
| ૬. | જૂન.૮૭ | ૫.૫૫ | ૧૦.૫૫ | ૯.૦૫ |
| | સરેરાશ | ૬.૦૪ | ૧૦.૪૭ | ૯.૦૫ |

નોંધ:- પ્રાપ્તિસ્થાન.અન્નનિયામકશ્રીની કચેરી ગાંધીનગર અને મામલતદારશ્રીની કચેરી દાંતા.

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ગુજરાતમાં ૧૯૮૬ ના વર્ષમાં લાભાર્થીદીઠ સરેરાશ ૪.૮૯ કિલો અનાજ વહેંચાયુ છે. આ સમય દરમ્યાન પાલનપુર અને દાંતામાં અનુક્રમે સરેરાશ ૯.૩૫ અને ૭.૬૫ કિલો અનાજ વહેંચાયું છે. ગુજરાત રાજ્ય કરતાં પાલનપુર અને દાંતા આઈ.ટી.ડી.-પી.વિસ્તારમાં સરેરાશ લાભાર્થીદીઠ વધુ અનાજ વહેંચાયુ છે. જોકે પાલનપુર કરતા દાંતામાં લાભાર્થીદીઠ સરેરાશ ઓછુ અનાજ વહેંચાયું છે. ૧૯૮૭ના પ્રથમ ૬ માસમાં પણ આમ જ બન્યુ છે. આ સમય દરમ્યાન ગુજરાતમાં ૧૯૮૬ કરતા લાભાર્થીદીઠ ૧.૧૬ કિલોગ્રામ વધુ અનાજ વહેંચાયું છે.

જ્યારે પાલનપુરમાં ૧.૧૨ કિલોગ્રામ અને દાંતામાં ૧.૪૦ કિલોગ્રામ લાભાર્થીદીઠ વધુ અનાજ વહેંચાયુ છે. આ સમયમાં ગુજરાતમાં અને પાલનપુરમાં લાભાર્થીદીઠ જે વધુ અનાજ વહેંચાયુ છે તેમાં પ્રમાણમાં મોટો તફાવત નથી. જ્યારે દાંતા તાલુકામાં લાભાર્થીદીઠ ૨૪ ગ્રામ વધુ અનાજ વહેંચાયું છે.

૧૯૮૬ ના વર્ષમાં ગુજરાત ના આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં ૭ માસમાં સરેરાશ કરતા વધુ અનાજ વહેંચાયુ છે. તેમાં સૌથી વધુ ડીસેમ્બર માસમાં ૫.૭૯ કિલોગ્રામ અને સૌથી ઓછુ માર્ચ માસમાં ૩.૧૨ કિલોગ્રામ અનાજ વહેંચાયુ છે. જ્યારે પાલનપુર આઈ.ટી.ડી.પી વિસ્તારમાં પણ ૭ માસમાં સરેરાશ કરતા વધુ અનાજ વહેંચાયું છે. તેમાં સૌથી વધુ ડીસેમ્બર માસમાં અને સૌથી ઓછું એપ્રિલમાસમાં અનાજ વહેંચાયુ છે. આ વિસ્તારમાં સરેરાશ કરતા એક કિલોથી વધુ અનાજ જૂન, સપ્ટે, અને ડીસેમ્બર માસમાં વહેંચાયુ છે. દાંતા તાલુકામાં ૬ માસમાં સરેરાશ કરતા વધુ અનાજ વહેંચાયુ છે. તેમાં સૌથી વધુ જાન્યુઆરી માસમાં અને સૌથી ઓછુ એપ્રિલ માસમાં અનાજ વહેંચાયું છે. આખા વર્ષમાં આ વિસ્તારમાં સરેરાશ કરતા જાન્યુઆરી, ફેબ્રુઆરી, સપ્ટેમ્બર, અને ડીસેમ્બર માસમાં એક કિલો કરતા વધુ અનાજ વહેંચાયુ છે.

આઈ.ટી.ડી.પી ગુજરાતમાં ૧૯૮૭ના વર્ષમાં ૬.૦૪ કિલોગ્રામ અનાજ વહેચાયુ છે. તેમાં ફેબ્રુઆરી માસમાં સૌથી વધુ અને જુન માસમાં સૌથી ઓછું અનાજ વહેચાયુ છે. અહીં એક બાબત ધ્યાન ખેચે છે. કે ૧૯૮૬ ના માર્ચ માસમાં તે વર્ષનું લાભાર્થીદીઠ ઓછામાં ઓછું અનાજ વહેચાયુ હતું. જયારે માર્ચ ૮૭ માં સરેરાશ થી થોડુ ઓછું અનાજ વેચાણું છે. આમ છતાં ૧૯૮૬ કરતા ૧૯૮૭ માં વ્યકિતદીઠ વધુ અનાજ વહેચાયુ છે. એ આ યોજનાની ગુજરાત રાજ્યમાં પ્રગતિ ગણી શકાય. પાલનપુર આઈ.ટી.ડી.પી વિસ્તારમાં ૧૯૮૭ ના પ્રથમ ૬ માસમાં લાભાર્થીદીઠ માસિક સરેરાશ ૧૦.૪૭ કિલોગ્રામ અનાજ વેચાણું છે. જે ગુજરાત ના આઈ.ટી.ડી.પી વિસ્તારના લાભાર્થીદીઠ વહેચાયેલ અનાજ કરતા ૪.૪૩ કિલોગ્રામ વધુ અનાજ વહેચાયુ છે.આ વિસ્તારમાં જાન્યુ ૧૯૮૭માં સૌથી વધુ એટલે કે ૧૨.૨૧ કિલોગ્રામ અનાજ વહેચાયુ છે. અહીં એક બાબત નોંધવા જેવી છે કે જાન્યુ ૧૯૮૬માં લાભાર્થીદીઠ આ વિસ્તારમાં સરેરાશ કરતા થોડું વધુ અનાજ વહેચાયુ હતું. જયારે જાન્યુ ૧૯૮૭ માં લાભાર્થીદીઠ સરેરાશ કરતા ૧.૭૪ કિલોગ્રામ વધુ અનાજ વહેચાયું છે. આ વિસ્તારમાં બંન્ને વર્ષમાં એપ્રિલ માસમાં લાભાર્થીદીઠ સૌથી ઓછુ અનાજ વહેચાયું છે. કોટા આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં ૧૯૮૭ ના વર્ષમાં લાભાર્થીદીઠ માસિક સરેરાશ ૯.૦૫ કિલોગ્રામ અનાજ વહેચાયુ છે જે ગુજરાત રાજ્ય માં લાભાર્થીદીઠ વહેચાયેલ અનાજ કરતા ૩.૦૧ કિલોગ્રામ વધુ અને પાલનપુર વિસ્તારમાં લાભાર્થીદીઠ વહેચાયેલા અનાજ કરતા ૧.૪૨ કિલોગ્રામ ઓછુ અનાજ વહેચાયુ છે. આ વિસ્તારમાં લાભાર્થીદીઠ અનાજ સૌથી વધુ એપ્રિલ માસમાં વેચાણું છે. અહીં એક બાબત નોંધવી જોઈએ કે ૧૯૮૬ના વર્ષમાં આ માસમાં લાભાર્થીદીઠ સૌથી ઓછું xxx અનાજ વહેચાયેલુ જયારે જાન્યુ.૮૬ કરતા જાન્યુ.૮૭માં લાભાર્થીદીઠ ઓછુ અનાજ વેચાણું છે.

ઉપરોકત હકીકત ઉપરથી બે ત્રણ મુદ્દા ઉપસ્થિત થાય છે તેમાં

(૧) આઈ.ટી.ડી.પી ગુજરાત,પાલનપુર અને દાંતામાં ૧૯૮૬ કરતા ૧૯૮૭ માં લાભાર્થીદીઠ અનાજ વધુ વહેચાણુ છે.

(૨) લાભાર્થીદીઠ જે અનાજ મળે છે તેના પ્રમાણમાં ૧૯૮૬ના વર્ષમાં ગુજરાતમાં ૩૪.૯૩ ટકા, પાલનપુરમાં ૬૬.૭૯ ટકા અને દાંતામાં ૫૪.૬૮ ટકા અનાજ લાભાર્થીદીઠ વહેચાણુ છે. જ્યારે ૧૯૮૭ના વર્ષમાં ગુજરાતમાં ૪૭.૧૪ ટકા, પાલનપુરમાં ૭૪.૫૯ ટકા અને દાંતા તાલુકામાં ૬૪.૬૪ ટકા અનાજ લાભાર્થીદીઠ વહેચાણુ છે.

(૩) દાંતા આઈ.ટી.ડી.પી માં જાન્યુ.૮૬ થી જૂન ૮૭ સુધીમાં માસવાર જે અનાજ વહેચાણું છે તેનો તફાવતનો આલેખ દોર્યો છે. આમાં એપ્રિલ ૧૯૮૬ ને અપવાદ રૂપ ગણવુ જોઈએ કારણ કે દાંતા તાલુકામાં આ મોસમમાં જે લાભાર્થીદીઠ અનાજ વહેચાણુ છે તે દાંતા વિસ્તારમાં જ નહીં પણ ગુજરાત અને પાલનપુર આઈ.ટી.-ડી.પી, વિસ્તારમાં પણ (જાન્યુ-૮૬ થી જૂન-૮૭ સુધીમાં) લાભાર્થીદીઠ વહેચાયેલ અનાજમાં સૌથી મોટુ અનાજ વહેચાણુ છે.

(૪) પાલનપુર આઈ.ટી.ડી.પી વિસ્તારમાં આ યોજનાની ધીમી પણ નિશ્ચિત રીતે પ્રગતિ થઈ રહી છે.

<u>અભ્યાસમાં આવરી લીધેલ સસ્તાદરની અનાજની દુકાનેથી વ્યકિતદીઠ કેટલું અનાજ વેચાણું</u> :-

દાંતા તાલુકાની પાંચ સસ્તાદરના અનાજની દુકાનો અભ્યાસમાં પસંદ કરવામાં આવી હતી. આ દુકાનેથી ૧૯૮૬ના વર્ષમાં અને ૧૯૮૭ ના પ્રથમ નવ માસમાં વ્યકિતદીઠ સરેરાશ માસિક કેટલુ અનાજ વેચાણું તેની માહિતી નીચેના કોઠામાં મૂકી છે.

::૨૫::

અંબાજીની સસ્તાદરની અનાજની દુકાનેથી આઈ.ટી.ડી.પી યોજનામાં માસિક વ્યકિતદીઠ કેટલું અનાજ વહેચાણુ તેની માહિતી દર્શાવતો કોઠો.

કોઠા નં.૨/અ-૫

| ક્રમ | સસ્તાદરના અનાજની દુકાનના ગામનું નામ | તે દુકાનમાં ચાનરી લીધેલ સભ્ય સંખ્યા. | જાન્યુ૮૮થી ડીસે૮૮ સુધીમાં માસિક વ્યકિત દીઠ કેટલુ અનાજ વહેચાણું. | | | | | | જાન્યુ ૮૯થી સપ્ટે ૮૯ સુધીમાં માસિક વ્યકિતદીઠ કેટલુ અનાજ વહેચાણું. | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ઘઉં | | ચોખા | | કુલ | | ઘઉં | | ચોખા | | કુલ | |
| | | | કિલો | ગ્રામ | કિલો | ગ્રામ | કિલો | ગ્રામ | કિલો | ગ્રામ | કિલો | ગ્રામ | કિલો | ગ્રામ |
| ૧. | અંબાજી | ૪૨૪૭ | ૫ | ૧૫ | ૦ | ૨૪ | ૫ | ૩૯ | ૬ | ૮૮ | ૦૦ | ૨૬ | ૭ | ૧૪ |
| ૨. | ગોરાડ | ૩૮૪૦ | ૧ | ૯૮ | ૦ | ૧૯ | ૨ | ૧૭ | ૨ | ૭૧ | ૦૦ | ૨૮ | ૨ | ૯૯ |
| ૩. | છોટાબામોદરા | ૫૨૭૬ | ૨ | ૩૭ | ૦ | ૦૫ | ૨ | ૪૨ | ૩ | ૪૫ | ૦૦ | ૧૮ | ૩ | ૬૩ |
| ૪. | મચકોડા | ૨૨૧૬ | ૩ | ૦૬ | ૦ | ૨૯ | ૩ | ૩૫ | ૫ | ૦૮ | ૦૦ | ૪૩ | ૫ | ૫૧ |
| ૫. | રાણપુર | ૨૨૧૪ | દુકાન ચાલુ ન હતી | | | | | ૪ | ૬ | ૮૦ | ૦૦ | ૩૩ | ૭ | ૧૩ |
| ૬. | કુલ | ૧૭૭૯૩ | ૩ | ૧૪ | ૦ | ૧૯ | ૩ | ૩૩ | ૪ | ૯૮ | ૦૦ | ૩૦ | ૫ | ૨૮ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૬ ના વર્ષમાં અભ્યાસની ચાર સસ્તાદરના અનાજની દુકાન ચાલુ હતી. આ દુકાનોમાં માસિક સરેરાશ વ્યકિતદીઠ ૩ કિલો ૭૩ ગ્રામ અનાજ વહેચાણુ છે. તેમાં ૩ કિલો ૧૪ ગ્રામ ઘઉં અને ૧૯ ગ્રામ ચોખાનું વેચાણ થયુ છે. ૧૯૮૭ના પ્રથમ નવમાસમાં માસિક વ્યકિતદીઠ ૫ કિલો ૨૮ ગ્રામ અનાજ વેચાણું તેમાં ૪ કિલો ૯૮ ગ્રામ ઘઉં અને ૩૦ ગ્રામ ચોખાનું વહેચાણ થયુ છે. ૧૯૮૬ના વર્ષ કરતા આ વર્ષે ૧ કિલો અને ૯૧ ગ્રામ અનાજ વધુ વહેચાણ છે. તેમાં ઘઉંનું પ્રમાણ વધુ છે. બન્ને વર્ષમાં ચોખાનુ વેચાણ વ્યકિતદીઠ ૩૦ ગ્રામ કરતા વધુ થયુ નથી.

દુકાનદીઠ જોઈએ તો બન્ને વર્ષમાં અંબાજી, મગકોડા અને રાણપુર ની દુકાનમાં કુલ વ્યકિતદીઠ સરેરાશ કરતા વધુ અનાજ વહેચાણુ છે. આમ બનવાના મુખ્ય કારણો જોઈએ તો આ ત્રણે દુકાનોમાં અંબાજીની દુકાન અંબાજીમાં અને મગકોડ અને રાણપુર ની દુકાન અંબાજી હડાદના મુખ્ય રસ્તાથી નજીક ના ગામોમાં આવેલી છે. આથી અનાજ લેવા આવવાની સુગમતા લોકોને રહે છે. આ ઉપરાંત દુકાનમાં અનાજ આવ્યુ કે નહી તેની જાણકારી પણ લોકોને યોગ્ય સમયે મળ્યા કરે છે. આ ઉપરાંત આ દુકાન નજીકના ગામોના લોકો ખેતી સિવાયની મજૂરીનું કામ કરે છે, તેમાં પથ્થર ફોડવાની મજૂરી અને અંબાજી હડાદ નજીક આવેલ નાના નાના ઉદ્યોગમાં કામ કરે છે. આથી તેઓ પાસે રોકડ પૈસા પણ હોય છે. જેનુ તે અનાજ ખરીદે છે. આ ઉપરાંત આ ગામોના લોકો જંગલોમાંથી લાકડા લાવી તે વેચે આથી આ ગામોની દુકાનોમાંથી સરેરાશ કરતા અનાજનું વેચાણ વધુ થયુ છે. જ્યારે ગોરાડ અને ઝોટાબામોઇસ ગામો ઢોળાણના વિસ્તારમાં આવેલા છે. ગોરાડની નજીકના ગામોમાં ૧૯૮૫ના વર્ષે થોડો વરસાદ પડ્યો હતો. અને કુવા દ્વારા જમીન ~~પ્રાપ્ત~~ પિયત થાય છે. આથી ૧૯૮૬ માં આ ~~દુકાનોની~~ દુકાનોમાં વ્યકિતદીઠ અનાજનું વેચાણ ઓછુ થયુ છે.

જ્યારે ૧૯૮૭ ના વર્ષે આ વિસ્તારમાં વરસાદ નહી પડવાથી રાહતના કામો શરુ થયા છે તેમાં ગોરાડા સસ્તાદરના અનાજની દુકાન નીચે આવરી લેવાયેલા ગોરાડ, મહુડી, દલપુરા, મીઠ, ઘોળીકાંકરી, ગાજીપુરા, મોરાસણ, ગામના લોકો રાહત કામ કરવા જાય છે. ગાજીપુરા તે ગોરાડાની ૨ કિલો મીટર દૂર છે. ત્યાં અછત રાહતનું કામ કાર્યના દિવસોમાં ચાલુ હતું. આ ગામની નજીકના ગામના લોકો રાહતના કામે આવે છે. તેઓને કામના બદલામાં અનાજ મળે છે. તેથી તેઓ આયોજનાનુ અનાજ ઓછુ ખરીદે છે. આવુ જ છોટાબામોદરા ની સસ્તાદરના અનાજ દુકાન નીચે આવરી લીધેલા ગામોનું છે. આ ગામો માં છેલ્લા બે વર્ષથી વરસાદ ખૂબ જ ઓછો પડ્યો છે. આથી રાહત કામો ચાલે છે. આ દુકાન હસ્તકના ગામો જેવા કે છોટાબામોદર, છોટાપીપોદર, ખંઢોરાઉબરી ગામોના લોકો કાર્ય દરમ્યાન અછત રાહતનું કામ કરવા જતા હતા. આ ઉપરાંત ગોરાડ અને તેની નજીકના ગામોમાં બક્ષીપંચની જાતિઓની વસ્તી વધુ છે. તેઓ ખેતમજૂરી કરે છે. તેમને ખેતીના કામના બદલામાં અનાજ મળે છે. આથી તેઓને અનાજ ઓછુ ખરીદવુ પડે છે.

અસ્વાલની દુકાનના ગામોના લોકો જંગલમાંથી લાકડા લાવી તેની લારી બનાવી દાંતા, અંબાજી, હડાદ વેચે છે. લાકડાના બદલામાં તેઓ અનાજ ખરીદે છે, કારણ કે પૈસા લઈને અનાજ ખરીદવાનું હોય છે. આથી તેઓ રોકડા પૈસાને બદલે અનાજ ખરીદે છે, આમા મકાઈ વધુ પ્રમાણ માં ખરીદે છે, જે સસ્તાદરના અનાજની દુકાનેથી ઓછી મળે છે.

આગળ આપણે ગુજરાત, પાલનપુર, અને દાંતા આઈ.ટી.ડી.પી. ના વિસ્તારમાં લાભાર્થીદીઠ કેટલુ અનાજ વેચાયુ તેની વિગત જોઈએ. આ ગાળાના પ્રમાણમાં અસ્વાલની પાસે દુકાનમાં બન્ને વર્ષમાં વ્યક્તિદીઠ માસિક સરેરાશ ઓછુ અનાજ વેચાયુ છે. આમ બનવા પાછળના અનેક કારણો માં રાહતકામોમાં મળતુ અનાજ, કુટુંબોનો વ્યવસાય, તેની ખરીદ શક્તિ

નબળી હોવાથી આ યોજનાનો અપેક્ષિત વિકાસ થયો નથી.

**અભ્યાસના કુટુંબોએ વ્યકિતદીઠ કેટલું અનાજ ખરીદ્યુ :-**

આગળના ફકરાઓમાં આપણે અભ્યાસની સસ્તાદરના અનાજની દુકાનેથી વ્યકિતદીઠ માસિક કેટલું અનાજ વેચાયું તેની માહિતી જોઈ અહીં આપણે અભ્યાસના કુટુંબોએ આ સમય દરમ્યાન માસિક વ્યકિતદીઠ કેટલું અનાજ ખરીદ્યુ તેની વિગતો તાલુકાવાર નીચેના કોઠામાં આપી છે.

::૨૯::

અભ્યાસના કુટુંબો એ જાન્યુ.૮૬ થી સપ્ટે.૮૭ સુધીમાં માસિક વ્યકિતદીઠ કેટલું અનાજ લીધું તેની માહિતી દર્શાવતો કોઠો ૨/બ-૫

| | | | આઇ.ટી.ડી.પી. યોજનામાં કેટલું અનાજ લીધું | | | | સૌકોઇ માટે અનાજની યોજનામાં કેટલું અનાજ લીધું | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જાન્યુ.૮૬ થી ડીસે.૮૬ સુધીમાં માસિક વ્યકિતદીઠ કેટલું અનાજ લીધું | | જાન્યુ.૮૭થી સપ્ટે.૮૭ સુધીમાં માસિક વ્યકિતદીઠ કેટલું અનાજ લીધું | | ઓગસ્ટ-૮૬ થી ડીસે.૮૬ માં માસિક વ્યકિતદીઠ કેટલું અનાજ લીધું | | જાન્યુ.૮૭થી ડીસે.૮૭માં માસિક વ્યકિતદીઠ કેટલું અનાજ લીધું | | જાન્યુ.૮૭થી ડીસે.૮૭ સુધીનું મુજબ ૬ + ૮ | |
| ક્રમ | કુટુંબ સંખ્યા | સભ્ય સંખ્યા | ઘઉં કિ.ગ્રા. | ચોખા કિ.ગ્રામ | ઘઉં કિ.ગ્રા. | ચોખા કિ.ગ્રામ | ઘઉં કિ.ગ્રા | ચોખા કિ.ગ્રા. | ઘઉં કિ.ગ્રા | ચોખા કિ.ગ્રામ | ઘઉં કિ.ગ્રામ | ચોખા કિ.ગ્રા |
| ૧.. જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર | ૬૯ ૪૪૪ | ૪૬૧ | ૩-૦૬ | ૦૦-૧૮ | ૩-૭૦ | ૦-૨૮ | -- | -- | -- | -- | ૩-૭૦ | ૦-૨૮ |
| ૨. સૌ કોઇ માટે અનાજની યોજનાનું કાર્ડ ધરાવનાર | ૩૫ | ૨૦૯ | માહિતી નથી | | ૩-૩૦ | ૦-૨૯ | ૦-૬૪ | ૦-૦૭ | ૧-૩૭ | ૦-૦૭ | ૪-૪૭ | ૦-૩૬ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર ૬૯ કુટુંબોના ૪૬૧ સભ્યોએ ૧૯૮૬ના વર્ષમાં ૩ કિલો ૨૪ ગ્રામ અનાજ ખરીદ્યુ છે. તેમાં ૩ કિલો ૦૬ ગ્રામ ઘઉં અને ૧૮ ગ્રામ ચોખા ખરીદયા છે. ~~તેમાં ૩ કિલો ૦૬ ગ્રામ ઘઉં અને ૧૮ ગ્રામ ચોખા ખરીદ્યા છે.~~ આ કુટુંબોએ ૧૯૮૭ના પ્રથમ નવ માસમાં ૩ કિલો ૯૮ ગ્રામ અનાજ ખરીદ્યું છે. જે પાછલા વર્ષ કરતા વ્યકિતદીઠ ૯૨ ગ્રામ વધુ છે. બન્ને વર્ષમાં વ્યકિતદીઠ ઘઉંની ખરીદી ૪ કિલો કરતા ઓછી છે. જયારે ચોખાની ખરીદી વ્યકિતદીઠ ૩૦ ગ્રામ કરતા ઓછી છે. તેમાં અભ્યાસના કુટુંબો જે સસ્તા દરના અનાજની દુકાનમાં કાર્ડ ધરાવે છે. તે દુકાનોમાં ૧૯૮૬માં જે વ્યકિતદીઠ અનાજ વેચાણું તેના પ્રમાણમાં અભ્યાસના કુટુંબોએ વ્યકિતદીઠ જે અનાજ ખરીદ્યું છે. તેમાં બહુ મોટો ફેરફાર નથી. પણ ૧૯૮૭ના પ્રથમ નવ માસમાં સસ્તા દરના અનાજની દુકાનેથી જે અનાજ વેચાણુ છે. તેના કરતા અભ્યાસના કુટુંબોએ વ્યકિતદીઠ ૧ કિલો ૨૦ ગ્રામ અનાજ ઓછું ખરીદ્યું છે. આમ બનવા પાછળના મુખ્ય કારણો જોઈએ તો જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર અભ્યાસના કુટુંબોના ૫૧ સભ્યો રાહતના કામોમાં મજૂરી (ક્ષેત્રકાર્ય દરમ્યાન) કરવા જતા હતા આ સભ્યોને અનાજની કુપન મળતી આથી આ યોજનાનું અનાજ ઓછું ખરીદવું પડ્યું. આ ઉપરાંત ૧૯૮૭ના વર્ષમાં આ વિસ્તારમાં દુષ્કાળની પરિસ્થિતિ વિકટ હતી. આથી દુકાનદારોએ આ યોજનમાં મળતુ અનાજનો ગેરઉપયોગ પણ કર્યો હતો. આથી અભ્યાસના કુટુંબોએ વ્યકિતદીઠ ખરીદેલ અનાજ કરતા વધુ અનાજ અભ્યાસની દુકાનેથી વેચાણ હોય. અલબત્ત ક્ષેત્રકાર્ય દરમ્યાન દુકાનદારે અનાજનો ગેરઉપયોગ કઈ રીતે કર્યો તે અંગેનો નક્કરપૂરાવો મળ્યો નથી. પણ અભ્યાસના કુટુંબોએ અનાજ કાળા બજારમાં વેચાય છે; તેવી ફરીયાદ કરી છે જેની વિગતે ચર્ચા અભ્યાસના કુટુંબોને અનાજ

ચલાવવામાં કેવા પ્રકારની મુશ્કેલી પડે છે તે મુદ્દામાં કરી છે.

સસ્તાદરની [ના અનાજ ની દુકાનની] મુલાકાત સમયે જે તે દુકાનનું વેચાણપત્રક અને અનાજના જથ્થાનું પત્રક (સ્ટોક પત્રક) જોયેલ તેમાં ક્ષતિઓ હતી. આનો ખુલાસો દુકાનદારે કરતા જણાવ્યું કે આંકડા લખવામાં ભૂલ થઈ ગઈ છે. અભ્યાસના માળખામાં જ એક આવતા આંકડાઓ ચોપડામાં જોવા મળ્યા છે. અભ્યાસની પાંચે દુકાનમાંથી એક દુકાન સામે આ અંગેની ફરિયાદ થયેલ આ ફરીયાદની તપાસ અધિકારીઓએ કરેલ આમ કરતા ફરિયાદમાં વજૂદનું પ્રમાણ ઓછું માલુમ પડ્યું કારણ કે ફરિયાદ અંગે વિશ્વાસજનક દસ્તાવેજ કે અન્ય માહિતી મળી ન હતી. (દુકાનદારના કહેવા પ્રમાણે) સસ્તાદરના અનાજની દુકાનેથી ગેરરીતી થવાની શક્યતા દર્શાવવા પૂરતો આ વિગતનો ઉલ્લેખ કર્યો છે.

અભ્યાસના સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર ૩૫ કુટુંબના ૨૦૯ સભ્યોએ ૧૯૮૯ના પ્રથમ નવ માસમાં ૭ કિલો ૫૯ ગ્રામ અનાજ આઈ.ટી.ડી.પીની યોજનામાં ખરીદ્યું છે. જે જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ ખરીદેલ વ્યક્તિદીઠ અનાજ કરતા થોડું ઓછું છે. આ બન્ને પ્રકારના કાર્ડ ધરાવનાર કુટુંબોએ આઈ.ટી.ડી.પી. નીચે યોજનામાં જે અનાજની ખરીદી કરી છે તેમાં બહુ મોટો તફાવત નથી. સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ આઈ.ટી.ડી.પી.માં ખરીદેલ અનાજ ઉપરાંત ૧ કિલો ૨૪ ગ્રામ અનાજ સૌ કોઈ માટે અનાજની યોજનામાં ખરીદ્યું છે. જે આ યોજનામાં માસિક વ્યક્તિદીઠ મળવાપાત્ર અનાજના ૪૧.૯૩ ટકા અનાજ અભ્યાસના કુટુંબોએ વ્યક્તિદીઠ ખરીદ્યું હતું. આ યોજનામાં મળતું અનાજ આઈ.ટી.ડી.પી.માં મળતા અનાજ કરતા અમુક ભાવે મળે છે. આ યોજનામાં અનાજ સૌ માટે કેટલું ખરીદ્યું છે તેની વિગતો અભ્યાસના કુટુંબોએ માસિક મળવાપાત્ર અનાજના કેટલા ટકા અનાજ ખરીદ્યું છે તે મુદ્દામાં આપી છે.

::૬૨::

કસ્બાના કુટુંબોની ખરીદ શક્તિ ઓછી હોવાથી ... કોઈ માટે અનાજની યોજનામાં આઈ.ટી.ડી.પી. કરતા ઓછા દરે અનાજ મળતુ હોવા છતાં કસ્બાના કુટુંબો ઓછા પ્રમાણમાં અનાજ ખરીદે છે.

---

## પ્રકરણ–૨/૫

### અભ્યાસના કુટુંબોએ ખરીદેલ અનાજ અંગે:-

જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર અભ્યાસના કુટુંબોએ જાન્યુ. ૧૯૮૯થી સપ્ટેમ્બર ૧૯૯૦ સુધીમાં કેટલા ગામ અનાજ ખરીદ્યું તેની માહિતી નીચેના કોઠામાં મૂકી છે.

અસ્થાસના કુટુંબોમાં જાહેર વિતરણ કાર્ડ ધરાવનાર કુટુંબોએ જાન્યુ ૧૯૮૬થી સપ્ટે-૧૯૮૭ સુધીમાં કેટલા માસ અનાજ લીધું તેની માહિતી દર્શાવતો કોઠો. કોઠા નં. ૨/બ-૧.

| | | ઘઉં | | | | | | ચોખા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઘઉં ન લીધા | | ઘઉં લીધા | | ઘઉં લીધાની જાણકારી નથી | | ચોખા ન લીધા | | ચોખા લીધા | | ચોખા લીધાની જાણકારી નથી | |
| ક્રમ | માસ | વર્ષ | | વર્ષ | | વર્ષ | | વર્ષ | | વર્ષ | | વર્ષ | |
| | | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ |
| ૧ | જાન્યુ | ૨૦ | ૧૨ | ૩૮ | ૫૦ | ૧૧ | ૭ | ૪૦ | ૩૯ | ૧૮ | ૨૩ | ૧૧ | ૭ |
| ૨ | ફેબ્રુ | ૧૯ | ૨૧ | ૩૯ | ૪૧ | ૧૧ | ૭ | ૪૩ | ૪૩ | ૧૫ | ૧૯ | ૧૧ | ૭X |
| ૩ | માર્ચ | ૩૩ | ૧૬ | ૨૫ | ૪૬ | ૧૧ | ૭ | ૫૨ | ૩૫ | ૬ | ૨૯ | ૧૧ | ૭ |
| ૪ | એપ્રિલ | ૪૬ | ૨૮ | ૧૨ | ૩૪ | ૧૧ | ૭ | ૫૬ | ૫૦ | ૨ | ૨ | ૧૧ | ૭ |
| ૫ | મે | ૩૭ | ૩૩ | ૨૧ | ૨૯ | ૧૧ | ૭ | ૫૪ | ૫૨ | ૪ | ૧૦ | ૧૧ | ૭ |
| ૬ | જૂન | ૩૦ | ૨૪ | ૨૯ | ૩૮ | ૧૦ | ૭ | ૫૦ | ૪૪ | ૯ | ૧૮ | ૧૦ | ૭ |
| ૭ | જુલાઈ | ૧૫ | ૧૯ | ૪૬ | ૪૫ | ૮ | ૭ | ૩૬ | ૪૮ | ૨૫ | ૧૪ | ૮ | ૭ |
| ૮ | ઓગષ્ટ | ૯ | ૧૫ | ૫૨ | ૪૭ | ૮ | ૭ | ૨૭ | ૩૩ | ૩૪ | ૨૯ | ૮ | ૭ |
| ૯ | સપ્ટે | ૧૦ | ૩૯ | ૫૧ | ૨૮ | ૮ | ૨ | ૩૩ | ૪૬ | ૨૮ | ૨૧ | ૮ | ૨ |
| ૧૦ | ઓક્ટો. | ૧૭ | – | ૪૫ | – | ૭ | – | ૪૪ | – | ૧૮ | – | ૭ | – |
| ૧૧ | નવે. | ૧૮ | – | ૪૪ | – | ૭ | – | ૪૫ | – | ૨૭ | – | ૭ | – |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ડીસે. | ૯ | – | ૫૧ | – | ૭ | – | ૪૧ | – | ૨૧ | – | ૭ | – |
| સરેરાશ | | ૨૨ | ૨૩ | ૩૮ | ૪૦ | ૯ | ૬ | ૪૪ | ૪૩ | ૧૬ | ૨૦ | ૯ | ૬ |
| | ટકા | ૩૧.૮૮ | ૩૩.૩૩ | ૫૫.૦૦ | ૫૭.૯૭ | ૧૩.૦૫ | ૮.૭૦ | ૬૩.૭૭ | ૬૨.૩૦ | ૨૩.૧૯ | ૨૯.૦૦ | ૧૩.૦૪ | ૮.૭૦ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર ૬૯ કુટુંબોમાંથી ઓગષ્ટ માસમાં વધુ કુટુંબોએ અનાજ ખરીદ્યું છે. આ માસમાં ૧૯૮૬ના વર્ષમાં પર કુટુંબોએ એ ઘઉં અને ૩૪ કુટુંબોએ ચોખા ખરીદયા છે. જયારે ૧૯૮૭ના વર્ષમાં ૪૭ કુટુંબોએ ઘઉં અને ૨૯ કુટુંબોએ ચોખા ખરીદયા છે. આ માસમાં વરસાદ પડતો હોય આથી આ માસમાં ખેતમજૂરીનું કામ મળે નહીં. નાના ખેડુતો અને ખેતમજૂરો પાસે ઘરમાં અનાજ ઓછું હોય આથી આ માસમાં અનાજ વધુ ખરીદાય છે. આગળ આપણે ગુજરાત પાલનપુર અને દાંતા આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં માસવાર અનાજ ખરીદીની વિગત જોઈ તો તેમાં પણ આ માસમાં નોંધપાત્ર અનાજ ખરીદયાની વિગત છે. જયારે ૧૯૮૬ના એપ્રિલ માસમાં અને ૧૯૮૭ના વર્ષમાં સપ્ટેમ્બર માસમાં ઘઉં ખરીદનાર કુટુંબો જે તે વર્ષમાં ઓછા હતા. એપ્રિલ ૧૯૮૬ અને ૧૯૮૭ના માસમાં જે તે વર્ષમાં ચોખા ખરીદનાર લાભાર્થીઓ ઓછા હતા. આ ઉપરથી ખ્યાલ આવે છે કે એપ્રિલ માસમાં અભ્યાસના કુટુંબો મહદ્અંશે બહારથી અનાજ ખરીદતા નથી. કારણ કે નવું અનાજ આ માસ દરમ્યાન તૈયાર થઈ ગયું હોય છે. આથી આ માસમાં અભ્યાસના અને દાંતા તાલુકાના કુટુંબો મહદ્અંશે અનાજ વેચાતુ લાવતા નથી.

ઉપરોત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૬ના વર્ષ કરતા ૧૯૮૭ના વર્ષમાં આ યોજનામાં અનાજ ખરીદનાર કુટુંબોની સંખ્યામાં બહુ મોટો તફાવત પડતો નથી. આ ઉપરથી ફલિત થાય છે કે દાંતા આઈ.ટી.ડી.પી. વિસ્તારના લોકો અને અભ્યાસના કુટુંબોમાં જરુરીયાતવાળા, કુટુંબો આ યોજનાનો લાભ નિયમિત લે છે. ૧૯૮૬ના વર્ષમાં ઘઉં ખરીદનાર કુટુંબોમાં ૧૨ થી પર કુટુંબો છે જે ૧૯૮૭ના પ્રથમ નવ માસમાં ૨૮ થી ૪૭ કુટુંબો થયા, આ ઉપરથી ફલિત થાય છે કે પાછલા વર્ષ કરતા ઘઉં ખરીદનારની સંખ્યા વધુ છે. આવુ જ ચોખા ખરીદવામાં થાય છે. આમાં ૧૯૮૬ના વર્ષમાં ૨ થી ૩૪ કુટુંબો છે. જે ૧૯૮૭ના પ્રથમ નવ માસમાં ૨ થી ૨૯ કુટુંબો આ યોજનામાં ચોખા ખરીદે છે.

આમ લાભ લેનાર કુટુંબોમાં આ બે વર્ષના સમયમાં બહુ મોટો તફાવત પડતો નથી. આમ છતાં માસવાર અનાજ ખરીદવામાં કુટુંબ સંખ્યામાં તફાવત રહે છે જેની [illegible] વિગતે માહિતી કોઠામાં મુકી છે.

આગલા કોઠામાં આપણે અભ્યાસના કુટુંબોમાંથી માસવાર કેટલા કુટુંબોએ ઘઉં/ચોખા ખરીદ્યા છે તેની માહિતી જોઈ [illegible] ખરીદનાર કુટુંબો જવા પાત્ર ઘઉં, ચોખા ના કેટલા ટકા ઘઉં, ચોખા ખરીદે છે તેની વિગતે ચર્ચા અહીં કરી છે તેમાં જે તે માસમાં ઘઉં ખરીદનાર કુટુંબોએ જવાપાત્ર ઘઉંના કેટલા ટકા ઘઉં ખરીદ્યા છે તેની વિગત નીચેના કોઠામાં મુકી છે.

અભ્યાસના કુટુંબોમાં જાહેરવિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ જાન્યુ ૧૯૮૬ થી સપ્ટે ૧૯૮૭ સુધીમાં ઘઉં લેનાર કુટુંબોએ મળવાપાત્ર ઘઉંના કેટલા ટકા ઘઉં લીધા તેની માહિતી દર્શાવતો કોઠો. કોઠા નં. ૨/બ-૨.

| ક્રમ | માસ | ૨૫% ~~[illegible]~~ ઘઉં લીધા. | | +૨૫%થી ૫૦% ઘઉં લીધા. | | +૫૦%થી ૭૫% ઘઉં લીધા. | | +૭૫%થી ૧૦૦% ઘઉં લીધા. | | મળવાપાત્ર અનાજ કરતા વધુ ઘઉં લીધા. | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ | | વર્ષ | | વર્ષ | | વર્ષ | | વર્ષ | | વર્ષ | |
| | | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ |
| ૧ | જાન્યુ | ૬ | ૦ | ૧૨ | ૧૧ | ૧૧ | ૧૩ | ૯ | ૨૬ | – | – | ૩૮ | ૫૦ |
| ૨ | ફેબ્રુ | ૬ | ૧૧ | ૧૩ | ૧૧ | ૫ | ૮ | ૧૫ | ૧૦ | – | ૧ | ૩૯ | ૪૧ |
| ૩ | માર્ચ | ૮ | ૧૦ | ૧૦ | ૧૩ | ૫ | ૬ | ૧ | ૧૭ | ૧ | – | ૨૫ | ૪૬ |
| ૪ | એપ્રિલ | ૪ | ૬ | ૫ | ૧૧ | ૨ | ૬ | ૧ | ૧૧ | – | – | ૧૨ | ૩૪ |
| ૫ | મે | ૭ | ૮ | ૯ | ૧૦ | ૩ | ૭ | ૨ | ૪ | – | – | ૨૧ | ૨૯ |
| ૬ | જૂન | ૩ | ૨ | ૧૩ | ૧૪ | ૪ | ૯ | ૮ | ૧૩ | ૧ | – | ૨૯ | ૩૮ |
| ૭ | જુલાઈ | ૮ | ૫ | ૧૫ | ૧૬ | ૯ | ૭ | ૧૩ | ૧૭ | ૧ | – | ૪૬ | ૪૫ |

::૩૮૮:૨

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ ઓગષ્ટ | ૪ | ૪ | ૨૩ | ૧૬ | ૮ | ૪ | ૧૫ | ૨૨ | ૨ | ૧ | ૫૨ | ૩૭ |
| ૯ સપ્ટે | ૮ | ૩ | ૧૬ | ૯ | ૧૧ | ૬ | ૧૫ | ૭ | ૧ | ૩ | ૫૧ | ૨૮ |
| ૧૦ ઓક્ટો. | ૧૦ | – | ૧૫ | – | ૫ | – | ૧૩ | – | ૨ | – | ૪૫ | – |
| ૧૧ નવેમ્બર. | ૧૧ | – | ૧૯ | – | ૧૦ | – | ૪ | – | – | – | ૪૪ | – |
| ૧૨ ડીસે. | ૫ | – | ૧૩ | – | ૧૫ | – | ૧૪ | – | ૪ | – | ૫૧ | – |
| સરેરાશ | ૭ | ૫ | ૧૪ | ૧૩ | ૭ | ૭ | ૯ | ૧૫ | ૧ | ૦ | ૩૮ | ૪૦ |
| ટકા | ૧૮.૪૨ | ૧૨.૫૦ | ૩૬.૮૪ | ૩૨.૫૦ | ૧૮.૪૨ | ૧૭.૫૦ | ૨૩.૬૯ | ૩૭.૫૦ | ૨.૬૩ | – | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૬ ના વર્ષમાં સરેરાશ ૩૮ કુટુંબોએ ઘઉં ખરીદ્યા છે. આમાં ૨૧ (૫૫.૨૬ ટકા) કુટુંબોએ મળવાપાત્ર ઘઉંના અડધા કે તેથી ઓછા ઘઉં ખરીદ્યા છે. બાકીના ૧૭ કુટુંબોએ માંથી ૭(૧૮.૪૨ ટકા) કુટુંબોએ ૭૫ ટકા કરતા ઓછા અને ૯(૨૩.૬૯)ટકા કુટુંબોએ ૭૫ ટકા કરતા વધુ ઘઉં ખરીદ્યા છે. ૧ કુટુંબે મળવાપાત્ર ઘઉં કરતા વધુ ઘઉં ખરીદ્યા છે. ૧૯૮૭ના વર્ષમાં સરેરાશ ૪૦ કુટુંબોએ ઘઉં ખરીદ્યા છે. તેમાં ૧૮(૪૫.૦૦ ટકા) કુટુંબોએ મળવાપાત્ર ઘઉં કરતા અડધા કે તેનાથી ઓછા ઘઉં ખરીદ્યા છે. બાકીના ૨૨ કુટુંબોએ માં ૭(૧૭.૫૦ ટકા) ૭૫ ટકા કરતા ઓછા અને ૧૫(૩૭.૫૦ટકા) કુટુંબોએ ૭૫ ટકા કરતા વધુ ઘઉં ખરીદ્યા છે. આમ ૧૯૮૬ ના વર્ષ કરતા ૧૯૮૭ ના વર્ષમાં ૭૫ ટકા કરતા વધુ ઘઉં ખરીદનાર કુટુંબોની સંખ્યા વધે છે. જે આયોજનાની પ્રગતિ ગણી શકાય.

ચોખા ખરીદનાર કુટુંબો મળવાપાત્ર ચોખા ના કેટલા ટકા ચોખા ખરીદે છે તેની માહિતી નીચેના કોઠામાં મૂકી છે.

અભ્યાસના કુટુંબોમાં જાહેરવિતરણ નું કાર્ડ ધરાવનાર કુટુંબોએ જાન્યુ ૧૯૮૬ ની સપ્ટે ૧૯૮૭ સુધીમાં ચોખા લેનાર કુટુંબોએ મળવાપાત્ર ચોખાના કેટલા ટકા ચોખા લીધા તેની માહિતી દર્શાવતો કોઠો. કોઠા નં. ૨/બ-૩.

| ક્રમ | માસ | ૨૫% ચોખા લીધા. | | +૨૫%થી ૫૦% ચોખા લીધા. | | +૫૦%થી ૭૫% ચોખા લીધા. | | +૭૫%થી ૧૦૦% ચોખા લીધા. | | મળવાપાત્ર અનાજ કરતાં વધુ ચોખા લીધા. | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ | | વર્ષ | | વર્ષ | | વર્ષ | | વર્ષ | | વર્ષ | |
| | | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ | ૮૬ | ૮૭ |
| ૧. | જાન્યુ. | ૧૬ | ૨૧ | ૧ | ૨ | ૧ | – | – | – | – | – | ૧૮ | ૨૩ |
| ૨ | ફેબ્રુ. | ૧૩ | ૯ | ૨ | ૭ | – | ૨ | – | ૧ | – | – | ૧૫ | ૧૯ |
| ૩ | માર્ચ. | ૬ | ૨૧ | – | ૫ | – | ૧ | – | – | – | – | ૬ | ૨૭ |
| ૪ | એપ્રિલ. | ૧ | | ૧ | ૨ | – | ૧ | – | – | – | ૧ | ૨ | ૧૨ |
| ૫ | મે. | ૨ | ૭ | ૧ | ૧ | – | ૧ | ૧ | – | – | ૧ | ૪ | ૧૦ |
| ૬ | જૂન. | ૪ | ૧૪ | ૪ | ૩ | – | ૧ | ૧ | – | – | – | ૯ | ૧૮ |
| ૭. | જુલાઈ. | ૧૮ | ૯ | ૬ | ૫ | ૧ | – | – | – | – | – | ૨૫ | ૧૪ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ઓગષ્ટ | ૨૩ | ૧૮ | ૮ | ૯ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | – | ૩૪ | ૨૯ |
| ૯ | સપ્ટે | ૨૦ | ૧૮ | ૬ | ૨ | ૨ | [illegible] | – | – | – | – | ૨૮ | ૨૧ |
| ૧૦ | ઓકટો | ૧૮ | – | ૨ | – | ૨ | – | – | – | – | – | ૧૮ | – |
| ૧૧ | નવે. | ૧૬ | – | ૧ | – | – | – | – | – | – | – | ૧૭ | – |
| ૧૨ | ડીસે. | ૧૬ | – | ૪ | – | ૧ | – | – | – | – | – | ૨૧ | – |
| સરેરાશ | | ૧૨ | ૧૩ | ૩ | ૪ | ૧ | ૧ | – | ૧ | – | ૧ | ૧૬ | ૨૦ |
| ટકા | | ૭૫.૦૦ | ૬૫.૦૦ | ૧૮.૭૫ | ૨૦.૦૦ | ૬.૨૫ | ૫.૦૦ | / | ૫.૦૦ | / | ૫.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કોઠા પરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના કુટુંબો ચોખાની ખરીદી ખુબ જ ઓછી કરે છે. ૧૯૮૬ અને ૧૯૮૭ ના વર્ષમાં મળવાપાત્ર ચોખા કરતા ૨૫ ટકા ચોખા ખરીદનાર કુટુંબોની સંખ્યા વધુ છે. ૧૯૮૬ ના વર્ષમાં સરેરાશ ચોખા ખરીદનાર ૧૬ કુટુંબોમાંથી ૧૨(૭૫.૦૦ટકા) કુટુંબોએ ૨૫ ટકા ચોખા ખરીદ્યા છે. જ્યારે ૧૯૮૭ના વર્ષમાં સરેરાશ ચોખા ખરીદનાર ૨૦ કુટુંબોમાંથી ૧૩(૬૫.૦૦) ટકા કુટુંબોએ ૨૫ ટકા ચોખા ખરીદ્યા છે. ૧૯૮૬ના વર્ષ કરતા ૧૯૮૭ ના વર્ષમાં ૨૫ ટકા કરતા વધુ ચોખા ખરીદનાર કુટુંબોની સંખ્યામાં થોડો વધારો થયો છે. અભ્યાસના કુટુંબો અને દાંતા તાલુકામાં રહેતા લોકો ચોખાનો ઉપયોગ ખોરાકમાં ઓછો કરે છે, આથી ચોખાની ખરીદી ખુબ જ ઓછી કરે છે.

આગળના ફકરાઓમાં આપણે ૧૯૮૬ અને ૧૯૮૭ ના વર્ષમાં અભ્યાસના જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબોમાંથી માસવાર કેટલા કુટુંબોએ કેટલું અનાજ ખરીદ્યું છે તેની વિગત તપાસી, અહીં અભ્યાસના ૭૫ કુટુંબો કે જે સૌ કોઈ અનાજનું કાર્ડ ધરાવે છે. તેઓમાંથી ૧૯૮૬ અને ૧૯૮૭ ના વર્ષમાં માસવાર કેટલા કુટુંબો કેટલું અનાજ ખરીદે છે તેની ચર્ચા કરીશું. એની વિગતે માહિતી નીચેના કોઠામાં મૂકી છે.

::૪૩::

અભ્યાસના કુટુંબોમાં રૈકોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ મે.૮૬થી સપ્ટે ૮૭ સુધીમાં આઈ.ટી.ડી.પી અને રૈકોઈ માટે અનાજ ની યોજનામાં કેટલા માસ અનાજ લીધું તેની માહિતી દર્શાવતો કોઠો.કોઠા નં.૨/૭-૪

| ક્રમ | માસ | જે તે માસમાં ઘઉં ન લીધા | | જેતે માસમાં ઘઉં મ લીધા | | જેતે માસમાં ચોખા ન લીધા | | જે તે માસમાં ચોખા લીધા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | આઈ.ટી.ડી.પી. | રૈકોઈ | આઈ.ટી.ડી.પી. | રૈકોઈ | આઈ.ટી.ડી.પી. | રૈકોઈ | આઈ.ટી.ડી.પી. | રૈકોઈ |
| ૧. | મે.૮૬ | ૩૫ | ૩૫ | – | – | ૩૫ | ૩૫ | – | – |
| ૨. | જૂન૮૬ | ૩૪ | ૩૫ | ૧ | – | ૩૫ | ૩૫ | – | – |
| ૩ | જુલાઈ-૮૬ | ૩૪ | ૪૦ | ૧ | ૩૧ | ૩૪ | ૩૪ | ૧ | ૧ |
| ૪ | ઓગષ્ટ-૮૬ | ૩૫ | ૩૪ | – | ૧ | ૩૫ | ૩૫ | – | – |
| ૫. | સપ્ટે-૮૬ | ૨૧ | ૨૦ | ૧૪ | ૧૫ | ૨૮ | ૨૯ | ૭ | ૬ |
| ૬. | ઓક્ટો-૮૬ | ૧૪ | ૧૯ | ૨૧ | ૧૬ | ૨૦ | ૨૯ | ૧૫ | ૬ |
| ૭. | નવે-૮૬ | ૧૪ | ૨૫ | ૨૧ | ૧૦ | ૨૫ | ૩૦ | ૧૦ | ૫ |
| ૮. | ડીસે.૮૬ | ૧૧ | ૧૩ | ૨૪ | ૨૨ | ૨૩ | ૨૬ | ૧૨ | ૯ |
| | સરેરાશ | ૨૫ | ૨૩ | ૧૦ | ૧૨ | ૨૯ | ૩૨ | –૬ | ૩ |
| | ટકા | ૭૧.૪૩ | ૬૫.૭૧ | ૨૮.૫૭ | ૩૪.૨૯ | ૮૨.૮૬ | ૯૧.૪૩ | ૧૭.૧૪ | ૮.૫૭ |

::૪૪::

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | જાન્યુ.૭૭ | ૫ | ૧૦ | ૩૦ | ૨૫ | ૨૪ | ૩૧ | ૧૧ | ૪ |
| ૨. | ફેબ્રુ-૭૭ | ૧૪ | ૩૧ | ૨૧ | ૪ | ૨૪ | ૨૭ | ૧૧ | ૮ |
| ૩. | માર્ચ-૭૭ | ૧૭ | ૨૧ | ૧૮ | ૧૪ | ૨૯ | ૨૫ | ૬ | ૧૦ |
| ૪. | એપ્રિલ-૭૭ | ૨૦ | ૧૬ | ૧૫ | ૧૯ | ૩૦ | ૩૩ | ૫ | ૨ |
| ૫. | મે.૭૭ | ૧૭ | ૧૪ | ૧૮ | ૨૧ | ૨૮ | ૩૧ | [illegible] | ૪ |
| ૬. | જૂન.૭૭ | ૨૦ | ૨૨ | ૧૫ | ૧૩ | ૨૪ | ૩૧ | ૧૧ | ૪ |
| ૭. | જુલાઈ.૭૭ | ૧૫ | ૧૬ | ૨૦ | ૧૯ | ૨૩ | ૩૫ | ૧૨ | ૦૦ |
| ૮. | ઓગષ્ટ.૭૭ | ૮ | ૨૦ | ૨૮ | ૧૫ | ૨૯ | ૩૦ | ૧૬ | ૫ |
| ૯. | સપ્ટે.૭૭ | ૧૧ | ૧૮ | ૨૪ | ૧૭ | ૨૨ | ૨૮ | ૧૩ | ૭ |
| | સરેરાશ | ૧૪ | ૧૯ | ૨૧ | ૧૬ | ૨૫ | ૩૦ | ૧૦ | ૫ |
| | ટકા | ૪૦.૦૦ | ૫૪.૨૯ | ૬૦.૦૦<br>60.00 | ૪૫.૭૧<br>42.92 | ૭૧.૪૩ | ૮૫.૭૧ | ૨૮.૫૭ | ૧૪.૨૯ |

ઉપરોકત કોઠો જોઈએ તો ખ્યાલ આવે છે કે અભ્યાસના સૌકોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર ૭૦ કુટુંબો માંથી ૧૯૮૬ના વર્ષમાં સરેરાશ ૫૨(૭૪.૨૯ટકા) કુટુંબોએ આ યોજનામાં મળતા ઘઉં/મકાઈ ખરીદ્યા છે. જ્યારે આ વર્ષમાં સરેરાશ ૬(૮.૫૭ ટકા) કુટુંબોએ આ યોજનામાં મળતા ચોખા ખરીદ્યા છે.

આ યોજનાનું કાર્ડ ધરાવનાર કુટુંબોને જાહેર વિતરણ યોજના નીચે રાહતદરે જે અનાજ અપાય છે તેનો લાભ પણ મળે છે. આથી સૌકોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ આઈ.ટી.ડી.પી ની યોજનામાં રાહતદરે અપાતા અનાજની યોજનાનો લાભ કેટલા પ્રમાણ માં લીધો તે બાબત ચકાસવી જોઈએ જેની વિગતે માહિતી પણ કોઠામાં મૂકી છે. કોઠા ઉપર નજર રાખતાં ખ્યાલ આવે છે કે ૧૯૮૬ ના વર્ષમાં સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ આઈ.ટી.ડી.પી. ની યોજનામાં મળતા ઘઉંની ખરીદી સરેરાશ ૧૦ કુટુંબોએ કરી છે જ્યારે ચોખાની ખરીદી સરેરાશ ૬ કુટુંબોએ કરી છે આ વર્ષમાં સૌકોઈ માટે અનાજ કરતા આઈ.ટી.ડી.પી ની યોજનામાં ચોખા ખરીદનાર કુટુંબો વધારે છે. જોકે આ બે યોજનામાં અપાતા ચોખાની ગુણવત્તામાં કોઈ ફેરફાર નથી હોતો બલકે સૌકોઈ માટે અનાજની યોજનામાં આઈ.ટી.ડી.પી ની યોજના કરતા સસ્તાભાવે ચોખા મળે છે. ૧૯૮૭ના પ્રથમ નવ માસમાં ઘઉં અને ચોખા ખરીદવામાં પણ આમ જ બન્યું છે. આ ઉપરથી કહી શકાય કે અભ્યાસના કુટુંબીઓમાં જે લોકો સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવે છે તેઓ આ યોજના કરતા આઈ.ટી.ડી.પી ની યોજનાનું અનાજ વધુ ખરીદે છે. આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે સસ્તાદરના અનાજની દુકાનમાં આઈ.ટી.ડી.પીની યોજનાના અનાજ નો જથ્થો વધુ પ્રમાણમાં રહેતો હોય આ જથ્થો ઓછો કરવા સૌકોઈના કાર્ડ ઉપર પણ આ યોજનાનું અનાજ આપે લાભાર્થી આ અંગે પૂછપરછ કરે તો તેમને જણાવે કે સૌકોઈ માટે અનાજની યોજનામાં અનાજ નથી, જ્યારે સૌકોઈ માટે નું અનાજ દુકાનમાં આવે ત્યારે લાભાર્થી

આજ પૈસા ન હોય અથવા તો તેને અનાજની જરુર રહેતી નથી.

આ રીતે લાભાર્થી જ્યારે અનાજ ખરીદવા દુકાને ગયો હોય ત્યારે ઘરમાં અનાજ ન હોય, અનાજ ફરી ખરીદવા આવે તો પૈસા ન પણ હોય આથી લાભાર્થી એક યોજનાને બદલે બીજી યોજનામાં મોઘુ અનાજ હોવા છતાં ખરીદે છે.

આમ આ યોજનાના અમલિકરણના પાયાના ભાગીદાર એવા સસ્તા-દરના અનાજની દુકાનના દુકાનદારો પોતાની અનુકુળતા જાળવવા માટે લાભાર્થીઓને મોઘાભાવનું અનાજ આપે છે. લાભાર્થી કુટુંબોએ આ અનાજ ખરીદે છે. તેનો વિરોધપણ કરતા નથી. કારણ કે આમ કરવામાટે તેમને મદદ કરે એવા માર્ગદર્શકો પણ તેને મળતા નથી. આથી આ યોજનાનો અપેક્ષિત વિકાસ થતો નથી.

## આ યોજનાના લાભાર્થીઓ કેટલા ટકા અનાજ ખરીદે છે :-

સૌકોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ ૧૯૮૬-૮૭માં આઈ.ટી.ડી.પી. અને સૌ કોઈ માટે અનાજ ની યોજનામાં કેટલા ટકા ઘઉં/મકાઈ ખરીદ્યાં છે તેની વિગતે માહિતી નીચેના કોઠામાં આપી છે.

::૪૭::

અભ્યાસના કુટુંબોમાં સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ મે ૮૬ થી સપ્ટે.૮૭ સુધીમાં ઘઉં/મકાઈ લેનાર કુટુંબોએ મળવાપાત્ર ઘઉં/મકાઈ ના કેટલા ટકા ઘઉં/મકાઈ લીધી તેની માહિતી દર્શાવતો કોઠો ૨/બ-૫.

| માસ | ૨૫% ઘઉં/મકાઈ લીધા | | +૨૫% થી ૫૦% ઘઉં/મકાઈ લીધા | | +૫૦% થી ૭૫% ઘઉં/મકાઈ લીધા | | +૭૫% થી ૧૦૦% ઘઉં/મકાઈ લીધા | | મળવાપાત્ર અનાજ કરતા વધુ ઘઉં/મકાઈ લીધા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ |
| ૧. મે.૮૬ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨. જૂન ૮૬ | – | – | – | – | ૧ | – | – | – | – | – | ૧ | – |
| ૩. જુલાઈ ૮૬ | – | ૨૯ | ૧ | ૧ | – | – | – | – | – | ૩ | ૧ | ૩૧ |
| ૪. ઓગસ્ટ ૮૬ | – | – | – | – | – | – | – | – | – | ૧ | – | ૧ |
| ૫. સપ્ટે.૮૬ | ૩ | – | ૬ | – | ૨ | ૧ | ૩ | ૧૨ | – | ૨ | ૧૪ | ૨૫ |
| ૬. ઓક્ટો.૮૬ | ૮ | – | ૩ | ૨ | ૬ | ૧ | ૩ | ૧૨ | ૧ | ૧ | ૨૧ | ૧૬ |
| ૭. નવે.૮૬ | ૧૦ | – | ૫ | ૨ | ૩ | – | ૩ | ૦૮ | – | – | ૨૧ | ૧૦ |
| ૮. ડીસે.૮૬ | ૦૪ | – | ૩ | – | ૭ | – | ૧૦ | ૨૧ | – | ૧ | ૨૪ | ૨૨ |
| સરેરાશ | ૦૩ | ૦૩ | ૦૩ | ૧ | ૨ | – | ૨ | ૦૭ | – | ૧ | ૧૦ | ૧૨ |
| ટકા | ૩૦.૦૦ | ૨૫ | ૩૦ | ૮.૩૩ | ૨૦ | [illegible] | [illegible] ૨૦ | ૫૮.૩૪ | – | ૮.૩૩ | ૧૦૦ | ૧૦૦ |

::૪૮::

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જા-યુ.૮૭ | ૫ | ૧ | ૮ | ૨ | ૭ | – | ૧૦ | ૨૧ | – | ૧ | ૩૦ | ૨૫ |
| ૨. ફેબ્રુ.૮૭ | ૩ | – | ૧૦ | – | ૩ | – | ૫ | ૪ | – | – | ૨૧ | ૪ |
| ૩. માર્ચ.૮૭ | ૨ | – | ૦૬ | ૨ | ૪ | ૨ | ૬ | ૧૦ | – | – | ૧૮ | ૧૪ |
| ૪. એપ્રિલ.૮૭ | ૩ | – | ૦૪ | – | ૫ | – | ૩ | ૧૯ | – | – | ૧૫ | ૧૯ |
| ૫. મે.૮૭ | ૬ | – | ૦૫ | – | ૪ | ૨ | ૩ | ૧૯ | – | – | ૧૮ | ૨૧ |
| ૬. જૂન ૮૭ | ૩ | – | ૭ | ૧ | ૨ | – | ૮ | ૧૨ | – | – | ૧૫ | ૧૩ |
| ૭. જુલાઈ ૮૭ | ૧ | – | ૫ | ૧ | ૭ | ૧ | ૬ | ૧૬ | ૧ | ૧ | ૨૦ | ૧૯ |
| ૮. ઓગસ્ટ ૮૭ | ૩ | – | ૮ | ૧ | ૫ | – | ૯ | ૧૪ | – | – | ૨૮ | ૧૫ |
| ૯. સપ્ટે.૮૭ | ૨ | – | ૧૦ | – | ૪ | ૨ | ૮ | ૧૫ | – | – | ૨૪ | ૩૦ |
| સરેરાશ | ૩ | – | ૦૬ | ૧ | ૫ | ૧ | ૭ | ૧૪ | – | – | ૨૧ | ૧૬ |
| ૮૬। | ૫૪.૨૯ | – | ૨૮.૫૭ | ૬.૨૫ | ૨૩.૮૧ | ૬.૨૫ | ૩૩.૩૩ | ૮૦.૫૦ | – | – | ૧૦૦.૦૦ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૮ના વર્ષમાં ૭૫ કુટુંબોમાંથી આઈ.ટી.ડી.પી અને સૌ કોઈ માટે અનાજની યોજનામાં સરેરાશ અનુક્રમે ૩૦ અને ૨૨ કુટુંબોએ ઘઉં/મકાઈ ખરીદ્યા છે. આમ આઈ.ટી.ડી.પી.ની યોજનામાં અલ્પમાત્ર ઘઉં ના ૨૫ ટકા થી ખરીદનાર કુટુંબો વધારે છે. જ્યારે સૌ કોઈ માટે અનાજની યોજનામાં અલ્પમાત્ર ઘઉં/મકાઈના ૭૫ ટકાથી વધુ ઘઉં/મકાઈ ખરીદનાર કુટુંબો વધુ છે. સૌ કોઈ માટે અનાજની યોજનામાં અલ્પમાત્ર ઘઉં/મકાઈ કરતા વધુ ઘઉં/મકાઈ ખરીદનાર (૪૮.૭૦ ટકા) કુટુંબ છે. ૧૯૮૯ના વર્ષમાં બન્ને યોજનામાં ૭૫ ટકા કરતા વધુ ઘઉં/મકાઈ ખરીદનાર કુટુંબોની સંખ્યા વધુ છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સૌ કોઈ માટે અનાજની યોજનામાં અલ્પમાત્ર ઘઉં/મકાઈ લાભાર્થી વધુ પ્રમાણમાં ખરીદે છે. આમ બનવા પાછળના અગત્યના બે કારણો છે, એમાં સૌ કોઈ માટે અનાજની યોજનામાં આઈ.ટી.ડી.પી.ની યોજના કરતા સસ્તા દરે અનાજ મળે છે. આ યોજનામાં ઘઉં સાથે જાડુ ધાન્ય મકાઈ પણ આપવામાં આવે છે; જે આ વિસ્તારનો મુખ્ય ખોરાક છે. આથી મકાઈ જે તે માસમાં વેચવામાં આવે ત્યારે તેની ખરીદી લોકો પૂરતા પ્રમાણમાં કરે છે. આ ઉપરાંત આ યોજનામાં આઈ.ટી.ડી.પી. કરતા વ્યક્તિદીઠ ઘઉં મકાઈ આપવાનું પ્રમાણ ઓછું છે. આથી થોડા અનાજે વધુ પ્રમાણમાં લાભ લીધો હોય તેમ લાગે આમ છતાં આ યોજનામાં જે અનાજ મળે છે તેના કરતા વધુ અનાજની જરૂરીયાત લાભાર્થીને ઓછી રહે છે.

સૌ કોઈ માટે અનાજની યોજનાનું કાર્ડ ધરાવનાર કુટુંબોમાં ચોખા ખરીદનાર કુટુંબોએ અલ્પમાત્ર ચોખાના કેટલા ટકા ચોખા ખરીદ્યા છે. તેની માહિતી નીચેના કોઠામાં આપી છે.

અભ્યાસના કુટુંબોમાં સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબોએ મે ૮૬ થી ડિસે.૮૬ સુધીમાં ચોખા લેનાર કુટુંબોએ મળવાપાત્ર ચોખાના કેટલા ટકા ચોખા લીધા તેની માહિતી દર્શાવતો કોઠો ૨/૭-૬

| માસ | ૨૫% ચોખા લીધા | | +૨૫% થી ૫૦% ચોખા લીધા | | +૫૦% થી ૭૫% ચોખા લીધા | | +૭૫% થી ૧૦૦% ચોખા લીધા | | મળવાપાત્ર ચોખા કરતાં વધુ ચોખા લીધા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ | આઈ.ટી.ડી.પી. | સૌ કોઈ |
| ૧. મે.૮૬ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨. જૂન.૮૬ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩. જુલાઈ ૮૬ | ૧ | – | – | – | – | – | – | ૧ | – | – | ૧ | ૧ |
| ૪. ઑગસ્ટ ૮૬ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫. સપ્ટે.૮૬ | ૬ | – | ૧ | – | – | – | – | ૫ | – | ૧ | ૭ | ૬ |
| ૬. ઑક્ટો.૮૬ | ૧૨ | – | ૨ | – | – | – | ૧ | ૫ | – | ૧ | ૧૫ | ૬ |
| ૭. નવે.૮૬ | ૮ | ૧ | ૨ | – | – | – | – | ૩ | – | ૧ | ૧૦ | ૫ |
| ૮. ડીસે.૮૬ | ૮ | ૨ | ૪ | – | – | – | – | ૯ | – | – | ૧૨ | ૯ |
| સરેરાશ | ૫ | ૦.૫૦ | ૧ | – | – | – | – | ૨ | – | ૦.૫૦ | ૬ | ૭ |
| ટકા | ૮૩.૩૩ | ૧૬.૬૭ | ૧૬.૬૭ | – | – | – | – | ૬૬.૬૬ | – | ૧૬.૬૭ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. જાન્યુ.૭૯ | ૧૦ | – | ૧ | – | – | – | – | ૪ | – | – | ૧૧ | ૪ |
| ૨. ફેબ્રુ.૭૯ | ૭ | – | ૨ | – | – | ૧ | ૨ | – | ૧ | – | ૧૧ | ૮ |
| ૩. માર્ચ ૭૯ | ૪ | – | ૧ | ૨ | ૧ | – | – | ૮ | – | – | ૦૬ | ૧૦ |
| ૪. એપ્રીલ ૭૯ | ૧ | ૧ | ૩ | – | – | ૧ | ૧ | – | – | – | ૦૫ | ૦૨ |
| ૫. મે.૭૯ | ૬ | – | – | ૨ | ૧ | – | – | ૨ | – | – | ૭ | ૪ |
| ૬. જુન.૭૯ | ૯ | – | ૨ | – | – | – | – | ૪ | – | – | ૧૧ | ૪ |
| ૭. જુલાઈ ૭૯ | ૫ | – | ૬ | – | – | ૧ | – | – | – | – | ૧૨ | ૦૦ |
| ૮. ઓગસ્ટ ૭૯ | ૮ | – | ૭ | – | – | – | ૧ | ૫ | – | – | ૧૬ | ૦૫ |
| ૯. સપ્ટે.૭૯ | ૫ | – | ૪ | – | ૪ | – | – | ૭ | – | – | ૧૩ | ૦૭ |
| સરેરાશ | ૬ | – | ૨ | ૦.૫૦ | ૦.૫૦ | ૦.૫૦ | ૦.૫૦ | ૪ | ૧ | – | ૧૦ | ૫ |
| ટકા | ૬૦.૦૦ | – | ૨૦.૦૦ | ૧૦.૦૦ | ૫.૦૦ | ૧૦.૦૦ | ૫.૦૦ | ૮૦.૦૦ | ૧૦.૦૦ | – | ૧૦૦.૦૦ | ૧૦૦.૬૬ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે સૌ કોઈ માટેનું કાર્ડ ધરાવનાર કુટુંબોમાં ૧૯૮૬ના વર્ષમાં આઈ.ટી.ડી.પી અને સૌ કોઈ માટે અનાજની યોજનામાં અનુક્રમે સરેરાશ ૬ અને ૩ કુટુંબોએ ચોખા ખરીદ્યા છે. આઈ.ટી.ડી.પી યોજનામાં ચોખા ખરીદનાર કુટુંબોએ મળવાપાત્ર ચોખાના ૨૫ ટકા ચોખા ખરીદ્યા છે. જ્યારે સૌ કોઈ માટે અનાજની યોજનામાં ચોખા ખરીદનાર કુટુંબોએ મળવાપાત્ર ચોખાના ૭૫ ટકાથી વધુ ચોખા ખરીદ્યા છે. આવું જ ૧૯૮૭ના વર્ષમાં બન્યું છે. ૧૯૮૬માં સૌ કોઈ માટે અનાજની યોજનામાં ચોખા ખરીદનાર ૧૬.૬૭ ટકા કુટુંબોએ મળવાપાત્ર ચોખા કરતા વધુ ચોખા ખરીદ્યા છે. જ્યારે ૧૯૮૭માં આઈ.ટી.ડી.પી.ની યોજનામાં ચોખા ખરીદનાર કુટુંબોમાંથી ૯.૦૮ ટકા કુટુંબોએ મળવાપાત્ર ચોખા કરતાં વધુ ચોખા ખરીદ્યા છે. આમ છતાં એક બાબત સ્પષ્ટ થાય છે કે જાહેર વિતરણ કાર્ડ કે સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબો ચોખાની ખરીદી ખૂબજ ઓછા પ્રમાણમાં કરે છે.

## પ્રકરણ-૩

## યોજના અન્વયે સસ્તાદરના અનાજના દુકાનદારોની માહિતી.

દાંતા તાલુકાના કુલ ૧૮૨ ગામો છે તેમાં ૩૪ સસ્તાદરના અનાજની દુકાનો છે સરેરાશ એક૪ દુકાન સાથે ૬ ગામો સંકળાયેલા છે, એમ કહી શકાય અભ્યાસમાંઆવરી લીધેલ પાંચ સસ્તાદરના અનાજની દુકાનો સાથે કુલ ૩૮ ગામો સંકળાયેલા છે, એટલે કે એક દુકાન હસ્તક લગભગ આઠ ગામો આવે છે. તેમાં આઈ.ટી.ડી.પી યોજનાના ૩૪ ગામો છે. જે કુલ આઈ.ટી.ડી.પીના ગામોના ૩૧.૧૫ટકા ગામો છે.

અભ્યાસની દુકાન સાથે વધુ પ્રમાણમાં ગામો સંકળાયેલા હોવાથી અનાજ વિતરણના કાર્યમાં દુકાનદારો ને કોઈ મુશ્કેલી પડે છે ? અથવા તો આયોજના વિશે દુકાનદારોનું શુ મંતવ્ય છે તેની માહિતી આ પ્રકરણમાં આપી છે. કારણ કે આ યોજનાના અનાજ વિતરણના કાર્યમાં સરકારશ્રી અને લાભાર્થી વચ્ચે તેઓ સેતુ તરીકેનુ કાર્ય કરે છે. આથી અભ્યાસમાં દુકાનદારોની માહિતી લેવાનુ યોગ્ય ગણ્યુ છે. આમાં ખાસ કરીને દુકાનદારોને અનાજનો જથ્થો મેળવવામાં પડતી મુશ્કેલી અને અનાજ વિતરણમાં કેટલા પૈસા મે મળે છે. તે બધી બાબતોને સાંકળી છે.

## આઈ.ટી.ડી.પી ના વિસ્તારમાં રાહતદરે અનાજની યોજના વિશે:-

અભ્યાસની સસ્તાદરના દુકાનદારોએ આ યોજના ચાલુ રાખવા જણાવ્યુ છે. ખાસ કરીને જે વિસ્તારમાં અનિયમિત વરસાદ પડતો હોય અને વારંવાર દુકાળ પડતો હોય તેવા વિસ્તારમાં આ યોજના ચાલુ રાખવી જોઈએ તેવુ સસ્તાદરના અનાજના દુકાનદારો માને છે. આ દુકાનદારોને અનાજ વહેચવાના કાર્યમાં કોઈ મુશ્કેલી પડતી નથી. પણ જુદી જુદી યોજનામાં જે અનાજ મળે છે તેનાથી હિસાબ રાખવાનું મુશ્કેલ પડે છે. આમા સરળતા રહે તે માટે આઈ.ટી.ડી.પી યોજનામાં અનાજના પ્રમાણનો જથ્થો થોડો વધારીને જાહેર વિતરણનું અનાજ આપવાનું

બંધ કરવું જોઈએ તેમ તેઓ માને છે. આ સાથે લોકોના પરંપરાગત ખોરાકને ખ્યાલમાં રાખી અનાજ આપવું જોઈએ. દા.ત. દાંતા તાલુકા ના લોકો મકાઈનો ખોરાકમાં વધુ પ્રમાણમાં ઉપયોગ કરે છે. આથી આ આઈ.ટી.-ડીપી, વિસ્તારમાં રાહતદરના અનાજની આ યોજનામાં ઘઉં, ચોખા જે અપાય છે તેના અમુક ટકા મકાઈ આપવી જોઈએ, આવું અભ્યાસના કુટુંબો નું મંતવ્ય પણ છે.

<u>અનાજ મેળવવાની વિધિ અને યોજના વિશે સસ્તાદરના દુકાનદારોનો</u>

<u>અભિપ્રાય</u> :-

સસ્તાદરના અનાજના દુકાનદારોને જયારે કોઈપણ યોજનાનું અનાજ ખરીદવુ હોય ત્યારે તેમણે મામલતદારશ્રી ની કચેરીમાં જઈ જેટલુ અનાજ જોઈએ તેટલા અનાજનો પરવાનો લેવો પડે છે. દાંતા તાલુકા ના મામલતદારશ્રી ની કચેરીમાંથી સપ્તાહમાં મંગળ, ગુરુ અને શુક્રવારે અનાજ ખરીદવા અંગેના પરવાના આપ્યા છે. જે તે દિવસે જેટલા જથ્થામાં અનાજ ખરીદયું હોય તેની નોંધ દુકાનદારે પોતાના પાસે રાખેલ નોંધબુકમાં પણ કરાવવી પડે છે. આમા જે તે તારીખે લીધેલ અનાજ (યોજના વાર) ના જથ્થાની વિગત અને પરવાનો આપનાર અધિકારીશ્રી ની સહી અને સિક્કો લગાવવાનું અનિવાર્ય છે. ત્યારબાદ પૈસા ભરી અન્ન કોર્પોરેશનના ~~ઓટલાન~~ ગોડાઉન માંથી અનાજ મળે છે. અનાજ જોઈએ તે પ્રમાણમાં મળી રહે છે. અલબત પાછલા માસમાં જે તે દુકાનમાંથી અનાજનુ કેટલું વિતરણ થયુ છે તેને ખ્યાલમાં રખાય છે. દુકાનદારને મળવાપાત્ર અનાજના ૮૦ ટકા અનાજનો સરળતાથી મળી રહે છે. એટલુ અનાજ પૂરતુ થઈ રહે છે. ૧૯૮૭ ના વર્ષમાં દુકાળ છે તેથી અનાજ વધુ પ્રમાણમાં લોકો ખરીદે છે. કારણ કે ૧૯૮૮ના ઉનાળામાં અને ચોમાસામાં વરસાદ પડે ત્યાં સુધી આટલી સરળતાથી અનાજ મળશે નહી તેમ લોકો માને છે. આથી જે લોકો પાસે અનાજ રાખવાની અને ખરીદવાની શક્તિ છે, તેઓ અનાજનો જથ્થો ભેગો કરે છે.

આથી ૧૯૮૭ના વર્ષમાં લોકો અનાજ ખરીદે છે. આવુ સસ્તાદરના અનાજના દુકાનદારોએ જણાવ્યુ છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન અભ્યાસના કુટુંબોની મુલાકાત સમયે આ બાબત તપાસવાનો પ્રયાસ કર્યો છે. પણ બહુ ઓછા લોકો એ અનાજનો જથ્થો એકઠો કરેલ હતો જેમણે અનાજનો જથ્થો એકઠો કરેલ છે તેઓની પાસે પણ એકાદ-બે માસથી વધુ અનાજ ચાલે તેટલુ અનાજ ૪૯૧ ન હતુ.

દુકાળ નહોય તો મળવાપાત્ર અનાજના ૬૦ ટકા કરતા ઓછુ અનાજ વહેચાય છે. તેવુ સસ્તાદરના દુકાનદારોએ જણાવ્યુ છે. આ વિગત ઉપરથી ફલિત થાય છે કે હાલમાં અનાજનો જે જથ્થો અપાય છે. તેમાં ફેરફાર કરવાની જરુર નથી.

અનાજનો જથ્થો દુકાનમાં પુરતો રાખવા અંગે:-

દાંતા તાલુકાના મામલતદારશ્રી નુ માનવુ છે કે સસ્તાદરના અનાજની દુકાનોમાં અનાજનો પુરતો જથ્થો રહેતો જે તે યોજનામાં અનાજ વધુ વહેંચાય. આ માટે તેઓ કાર્યરત પણ છે. અભ્યાસના દુકાનદારોને આ અંગે પૂછવામાં આવતા તેમણે પોતાની નાણાંકીય મુશ્કેલી અને અનાજ રાખવાની અપૂરતી જગ્યાના અભાવે તેઓ અનાજનો જથ્થો દુકાનમાં પૂરતો રાખતા નથી. તેમ જણાવ્યુ છે તેમાં પહેલી દલીલ યોગ્ય લાગે છે. આ માટે બેન્ક તરફથી સસ્તાદરના અનાજની દુકાનં ધરાવનારને ૨૫,૦૦૦/- રુપિયાની રાહતદરે લોન અપાય છે. પણ લોન મેળવવાની વિધિ ખુબ જ લાંબી છે, આ વિધિમાંથી પસાર થવા છતાં લોન મળતી નથી. તેવુ દુકાનદારોએ જણાવ્યુ છે. અભ્યાસની બે દુકાનદારોએ લોન મેળવવા પ્રયાસ કર્યો છે. જેમને હજુ સુધી લોન મળેલ નથી. જયારે ત્રણ દુકાનદારોને લોન ની જરુર પડી નથી.

જે દુકાનદારને લોન જોઈએ તેને મળી રહે તેવી વ્યવસ્થા થવી જોઈએ. ખાસ કરીને નવી દુકાન શરુ કરનાર દુકાનદારને સસ્તાદરના અનાજની દુકાનનો પરવાનો અપાય કે તુરત જ લોન મળે તેવી વ્યવસ્થા કરવી

જોઈએ જેથી કરી નવી દુકાન શરુ કરનાર વ્યકિતને અનાજ લાવવામાં મુશ્કેલી ન રહે. આથી જે તે દુકાનમાં કાર્ડ ધરાવનાર લોકોને પણ યોગ્ય સમયે જોઈએ તેટલુ અનાજ મળી રહેશે.

આઈ.ટી.ડી.પી યોજનામાં અપાતા અનાજના ભાવ અંગે:-

અભ્યાસના કુટુંબોએ કે સસ્તાદરના દુકાનદારોએ આ યોજનામાં જે ભાવે અનાજ અપાય છે તે યોગ્ય છે તેમ તેઓ માને છે આ ભાવે આઈ.ટી.ડી.પી વિસ્તારના લોકો અનાજ ખરીદી શકે છે. અભ્યાસની સસ્તાદરની। અનાજના દુકાનદારોમાં અમુક એમ માને છે કે અનાજના ભાવ અને વ્યકિતની ખરીદ શકિત એ સંબંધ ઓછો છે, તેઓ માને છે કે વ્યકિત કે કુટુંબને જરુરિયાતનું અનાજ તે ગમે તે ભાવે ખરીદશે, જો કે આ મંતવ્ય સાથે આ અહેવાલના લેખક સંમત નથી. પણ આ અભ્યાસ ઉપરથી આઈ.ટી.ડી.પી વિસ્તારના લોકોની અનાજ ખરીદવાની ખરીદ શકિત વધી છે તેમ પણ કહી શકાતુ નથી. આ યોજનાનુ અનાજ ખરીદવામાં પૈસા ઉપરાંત અન્ય પરિબળો જેવા કે વ્યકિતનો વ્યવસાય, દુકાન થી ઘરનુ અંતર, જે તે વર્ષે પડેલ વરસાદ અને દુકાનદાર દુકાનમાં અનાજનો જથ્થો મહિનામાં કેટલા દિવસ રાખે છે તેના ઉપર અવલંબે છે.

આઈ.ટી.ડી.પી વિસ્તારની સસ્તાદરના અનાજની દુકાન ધરાવનારને અનાજ વેચાણનું વળતર કેટલુ મળે છે.:-

અભ્યાસમાં આવરી લીધેલ સસ્તાદરના અનાજના દુકાનદારોને આ યોજના ના અનાજ વેચાણથી કેટલી આવક થાય છે તે જાણવાનો પ્રયત્ન કર્યોછે. આમ કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ એ છે કે જો અનાજ વેચાણમાંથી પૂરતી આવક ન થાય તો જે તે યોજનાનું અનાજ વેચાણમાં ગેરરીતી કરવા અથવા અનાજ ઓછુ લાવવાની ઈચ્છા થાય. આથી આ યોજનામાં ને અનાજ વેચાણ તેમાંથી કેટલુ વળતર મળે છે તેની નિયત તપાસવી જોઈએ આમ કરવા માટે આ યોજના શરુ થયા બાદ ૧૯૮૭ના

વર્ષમાં જે અનાજ વેચાણુ તેમાંથી કેટલુ વળતર મળ્યુ છે તેની વિગત તપાસી છે કારણ કે આ સમય દરમ્યાન આ યોજનામાં વધુમાં વધુ અનાજ વેચાણુ છે. આ સમય દરમ્યાન આ યોજનામાં જે માસિક અનાજ વેચાણુ તેમાંથી સરેરાશ કેટલી આવક થાય છે. તેની માહિતી નીચેના કોઠામાં મુકી છે.

રસ્તાદરના અનાજની દુકાનદારને આઈ.ટી.ડી.પી નું અનાજ વહેચાણમાંથી કેટલી આવક થાય છે. તેની માહિતી દર્શાવતો કોઠો.કોઠાનં.૩/૧.

| ક્રમ | રસ્તાદરના અનાજની દુકાનનું ગામ | જાન્યુ.૮૭થી ડિસે.સુધી આઈ.ટી.ડી.પી. યોજનામાં કેટલું અનાજ આવ્યું. ઘઉં કોવન્ટલ | કિલો | ચોખા ક્વિન્ટલ | કિલો | ટકા કમીશન લેખે કેટલા પૈસા મળે. રૂ. | પૈસા | ઘઉં/ચોખાના આવેલબારદાન વહેચાણની આવક (અંદાજીત) રૂ. | પૈસા | કુલ કમીશનની આવક અને બારદાન વહેચાણની આવક. રૂ. | પૈસા | અનાજ દાતાથી દુકાન સુધીલાવવાનું ભાડુ અને મજુરી (અંદાજીત) રૂ. | પૈસા | ચોખ્ખી આવક રૂ. | પૈસા | માસિક ચોખ્ખી આવક રૂ. પૈસા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અંબાજી | ૧૭૮૩ | ૪૫ | ~~૭૦~~ ૬૭ | - | ૧૪૪૪૧ | ૪૯ | ૭૪૦૦ | = ૦૦ | ૨૧૮૪૧ | ૪૯ | ૬૨૫૦ | = ૦૦ | ૧૨૫૯૧ | ૪૯ | ૨૦૯૮- ૫૮ |
| ૨. | ગોરાડ | ૪૫૩ | - | ૬૪ | - | ૪૧૦૨ | ૭૫ | ૨૦૬૮ | = ૦૦ | ૬૧૭૦ | ૭૫ | ૨૫૮૫ | = ૦૦ | ૩૫૮૫ | ૭૫ | ૫૯૭ -૬૩ |
| ૩. | છોટાબામોદર | ૯૭૧ | ૫૭ | ૩૮ | ૨૪ | ૭૮૮૩ | ૩૯ | ૪૦૩૬ | = ૦૦ | ૧૧૯૧૯ | ૩૯ | ૫૦૪૫ | = ૦૦ | ૬૮૭૪ | ૩૯ | ૧૧૪૫-૭૩ |
| ૪. | મચકોડા | ૫૭૧ | - | ૪૧ | - | ૪૮૦૪ | ૫૦ | ૨૪૪૮ | = ૦૦ | ૭૨૫૨ | ૫૦ | ૩૦૬૦ | = ૦૦ | ૪૧૯૨ | ૫૦ | ૬૯૮-૭૫ |
| ૫. | રાણપુર | ૭૭૫ | ૭૮ | ૨૯ | - | ૬૨૮૦ | ૫૫ | ૩૨૧૬ | = ૦૦ | ૯૪૯૬ | ૫૫ | ૪૦૨૦ | = ૦૦ | ૫૪૭૬ | ૫૫ | ૯૧૨-૭૬ |
| | કુલ | ૪૫૫૪ | ૮૦ | ૨૩૯ | ૨૪ | ૩૭૫૧૨ | ૬૮ | ~~૧૯૧૬૮ = ૦૦~~ ૧૯૧૬૮/૨૦૦ | | ૫૬૬૮૦ | ૬૮ | ૨૩૯૬૦ | = ૦૦ | ૩૨૭૨૦ | ૬૮ | ૫૪૫૩-૪૫ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસની પાંચે સસ્તાદરના અનાજની દુકાનમાં આ સમય દરમ્યાન જે ઘંઉ ચોખા આવ્યા તેની કિંમત ઉપર પાંચ ટકા કમીશન લેખે ૩૭૫૧૨.૬૮ રુપિયા મળ્યા, અને અનાજના બારદાનના ૧૯૧૬૮ રુપિયા મળ્યા અહી એક બારદાનની સરેરાશ ૪રુપિયા કિંમત ગણી છે. કારણ કે તેડાકાર્ય દરમ્યાન સસ્તાદરના અનાજના દુકાનદારો એ ૩ થી ૫ રુપિયામાં એક ખાલી બારદાન વેચાય છે. તેમ જણાવ્યુ છે આથી ચાર રુપિયા સરેરાશ બારદાનની કિંમત ગણી છે. અનાજ ખરીદીનુ ઉપર જે કમિશન મળ્યુ અને બારદાનની કુલ કિંમત ૫૬૬૮૦.૬૮ રુપિયા થઈ. અનાજ દાંતા થી દુકાનના ગામે લાવવાના ભાડા અને મજૂરીના ૨૩૯૬૦ રુપિયા ગણ્યા છે. એક કીવન્ટલ અનાજની ગુણના ભાડા અને મજૂરીના પાંચ રુપિયા ગણ્યા છે. જે અભ્યાસના દુકાનદારો એ જણાવ્યા મુજબ છે. પાંચે દુકાનની કુલ આવકમાંથી અનાજ લાવવાનુ ભાડુ અને મજૂરી બાદ કરીએ તો ચોખ્ખી આવક ૩૨૭૨૦.૬૮ રુપિયા થાય, અનેએક માસ ના ૫૪૫૩.૪૫ રુપિયા થાય. સરેરાશ માસિક આવક ૧૦૯૦.૬૯ રુપિયા થાય, અભ્યાસની અંબાજી અને છોટાબામોદરાની દુકાનદારને સરેરાશ કરતા વધુ માસિક આવક થાય છે. જ્યારે ગોરાડ, મચકોડા અને રાણપુરના દુકાનદારોને માસિક સરેરાશ આવક કરતા ઘણી ઓછી આવક થાય છે. આમ અભ્યાસની પાંચે દુકાનની માસિક આવકમાં ઘણો તફાવત છે. અંબાજીના દુકાનદારને માસિક.૨૦૯૮.૫૮, રુપિયાની આવક થાય છે. જે અભ્યાસની દુકાનોમાંથી સૌથી વધુ આવક કરે છે. જ્યારે ગોરાડ ની દુકાનદારને માસિક ૫૯૭.૬૩ રુપિયા આવક થાય છે. આ અભ્યાસની દુકાનમાં ઓછામાં ઓછી આવક કરે છે.

માસિક આવકમાંથી દુકાનભાડુ, દુકાન ચલાવવા જે સ્ટેશનરી જોઈએ તેનો ખર્ચ, અનાજ ~~xxxx~~ તોલવા રાખેલ માણસનો પગાર અનાજ, લાવવા માટેનો મુસાફરી ખર્ચ અનાજ લાવવામાં જો પૈસા રોકયા હોય ~~તેનુ~~ તેના વ્યાજ ની રકમ જો બાદ કરવામાં આવે તો દુકાનદારને માસિક ઓછી રકમ બચે, આની દુકાનદાર આ યોજનાનું અનાજ વહેચવામાં ગેરરીતી

ગેરરીતી કરવા ઇચ્છા રાખે તેવુ બને છે. આમ ન કરે તે માટે જાહેર વિતરણના ભાવે જે અનાજ માં કમીશન મળે તે જ કમીશન આઈટી.ડી.પી. ની યોજનામાં અને સૈ કોઇ માટે અનાજની યોજનામાં મળવુ જોઇએ. કારણ કે આઇ.ટી.ડી.પી. વિસ્તારની સસ્તાદરના અનાજની દુકાનેથી આઇ.ટી.ડી.પી યોજનાનું અને સૌકોઇ માટે અનાજ યોજનાનુ અનાજ વધુ વહેચાય છે. જાહેરવિતરણનુ અનાજ તો ખુબ જ ઓછુ વહેચાય છે. આઇ.ટી.ડી.પી વિસ્તારના મોટાભાગના દુકાનદારો તો જાહેરવિતરણ નું અનાજ રાખતા નથી. કારણ કે તેનો ભાવ વધારે હોય આથી લાભાર્થી
કુટુંબ અનાજ ઓછું ખરીદે છે. આ ઉપરાંત લાભાર્થી
કુટુંબને જુદી જુદી યોજનામાં મળતા અનાજના ભાવ વિશે જાણકારી ઓછી હોવાથી જાહેર વિતરણના યોજનામાં જે ભાવે અનાજ વહેચાય તે ભાવે વેપારી અનાજ આપે તો વેપારીએ વધુ પૈસા લીધા એમ લાગે, આ ઉપરાંત જેટલી યોજનાનું અનાજ દુકાનમાં રાખે તેની અલગ નોધ કરવી પડે. રજીસ્ટર ~~હિસાબ~~ રાખવો પડે આથી ખર્ચ પણ વધી જાય છે. અભ્યાસની એક સસ્તાદરની અનાજની દુકાનના બે ગામોને આઇ.ટી.ડી.પી વિસ્તારના ગામોમાં સમાવેશ કર્યો નથી આ બે ગામના ૧૦૦ કાર્ડના પરઉ લાભાર્થીઓ છે. આ અભ્યાસની દુકાનમાં જાહેરવિતરણની યોજનાનો અનાજ લાવવામાં આવતુ જ નથી. કારણકે આ બે ગામના લોકો જાહેરવિતરણના ભાવનુ અનાજ ખરીદવા તૈયાર નથી. તેમને હર હંમેશ એમ લાગ્યા કરે છે કે અમોને વધુ ભાવે અનાજ આપે છે. આમ આઇ.ટી.ડી.પી વિસ્તારના ગામોની સસ્તાદરની અનાજની દુકાનેથી આઇ.ટી.ડી.પીની યોજના અને સૌ કોઇ માટે અનાજની યોજનામાં જ ~~જ~~ અનાજ વહેચાય છે. આમ છતા લાભાર્થી કુટુંબો ઓછું અનાજ ખરીદે છે. આથી દુકાનદારને જે કમીશન મળે છે. તે કાર્યના પ્રમાણમાં ઓછુ લાગે છે જે બાબતની ઉપરોકત કોઠા ઉપરથી વ્યાજબી હોય તેમ લાગે છે. આ યોજનાનો પૂરતો અમલ થાય તે માટે દુકાનદારો ને પૂરતું વળતર મળે તે પ્રમાણે નું અનાજ વહેચાયુનું કમીશન આપવુ જોઇએ. આમ કરવા આઇ.ટી.ડી.પી વિસ્તારમાં જુદી જુદી યોજનામાં વહેચાતુ અનાજનુ કમીશન જાહેર વિતરણ નીયોજનામાં

વહેચાતા અનાજના ભાવે આપવુ જોઈએ. જેથી આઈ.ટી.ડી.પી વિસ્તારમાં સસ્તાદરના અનાજના દુકાનદારોને કાર્યના પ્રમાણમાં વળતર મળે અને તેમને અનાજ વેચાણનું કાર્ય કરવા ઉત્સાહ રહે.

===========

## પ્રકરણ : ૪

## અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોની વિગત

આ પ્રકરણમાં આપણે અભ્યાસમાં જે કુટુંબો પસંદ કર્યા છે. તેના અંગેની વિગતે ચર્ચા કરીશું. આગળ આપણે જોયું તે પ્રમાણે અભ્યાસમાં પસંદ કરેલ સસ્તા દરના અનાજની દુકાનમાં જે કુટુંબોના કાર્ડ છે. તેમાંથી પાંચ ટકા કુટુંબોને અભ્યાસમાં પસંદ કર્યા છે. આમ કરતા કુલ ૧૧૯ કુટુંબો અભ્યાસમાં પસંદ થયા છે. પણ અભ્યાસ માટે જે ૧૧૯ કુટુંબોની યાદી બનાવી હતી તેમાંથી ૧૦૪ કુટુંબો મળ્યા છે. ૧૫ કુટુંબો મી મળી શકયા નહિ આથી હવેની વિગતો ૧૧૪ કુટુંબોની છે.

ડીસેમ્બર ૧૯૮૫માં કેન્દ્ર સરકારે આ યોજના શરુ કર્યા બાદ ગુજરાત રાજયમાં ૧૯૮૬ના મે માસની રાહતદરે અનાજ આપવાની એક અન્ય યોજના શરુ કરી છે. આ યોજનાનું ''સૌ કોઈ માટે અનાજની યોજના'' તરીકે ઓળખવામાં આવે છે. આ યોજનાનો અમલ સમગ્ર ગુજરાતમાં કરવામાં આવે છે. જે કુટુંબની વાર્ષિક આવક રૂા. ૫૦૦૦/- સુધીની હોય તેવા કુટુંબોને આ યોજનામાં લાભાર્થી તરીકે પસંદ કરવામાં આવ્યા છે. આ યોજનામાં પસંદ કરેલ કુટુંબોને અલગ કાર્ડ આપવામાં આવ્યા છે. આ કાર્ડ ધરાવનાર કુટુંબને સૌ કોઈ માટે અનાજ યોજનાનું અનાજ ઉપરાંત આઈ.ટી.ડી.પી. યોજનાનું અનાજ અને જાહેર વિતરણનું અનાજ મળે છે. આઈ.ટી.ડી.પી. યોજના માટે અલગથી કાર્ડ આપવામાં આવ્યા નથી. આથી હવે પછીની ચર્ચામાં આઈ.ટી.ડી.પી. યોજનાનો લાભ લેનાર કુટુંબને જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબો તરીકે ઓળખાવ્યા છે. સૌ કોઈ માટે અનાજ અને જાહેર વિતરણ કાર્ડ ધરાવનાર કુટુંબોને પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કર્યા છે.

### અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબની જાતિની માહિતી:-

અભ્યાસમાં પસંદ કરેલા કુલ ૧૦૪ કુટુંબોમાંથી ૩૫(૩૩.૬૫) ટકા કુટુંબો સૌ કોઈ માટે અનાજની યોજનાનું કાર્ડ ધરાવે છે. બાકીના ૬૯(૬૬.૩૫ ટકા) કુટુંબો જાહેર વિતરણનું કાર્ડ ધરાવે છે. અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબની જાતિ અંગેની વિગતે માહિતી નીચેના કોઠામાં આપી છે.

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબની જાતિની માહિતી દર્શાવતો કોઠો ૪/૧

| ક્રમ | વિગત | જાહેર વિતરણનુ કાર્ડ ધરાવનાર કુટુંબ | સૌ કોઇ માટેનુ કાર્ડ ધરાવનાર કુટુંબ | કુલ |
|---|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા | ૬૯ | ૩૫ | ૧૦૪ |
| ૨. | ભીલ | ૨૨ | ૧૫ | ૩૭ |
| ૩. | ગરાસિયા | ૩૭ | ૧૬ | ૫૩ |
| ૪. | હરિજન | ૧ | – | ૧ |
| ૫. | બક્ષીપંચનીજ્ઞાતિના | ૮ | ૪ | ૧૨ |
| ૬. | બિનપછાત | ૧ | – | ૧ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે આ અભ્યાસમાં ૯૦(૮૬.૫૪ ટકા) કુટુંબો અનુસૂચિત જનજાતિના છે. તેમાં ૩૭ કુટુંબો ભીલ અને ૩૫ કુટુંબો ગરાસિયા જાતિના છે. ૧ કુટુંબ અનુસુચિત જાતિનું છે અને બક્ષીપંચમાં જે જ્ઞાતિઓનો સમાવેશ કર્યો છે. તેવી જ્ઞાતિના ૧૨ કુટુંબો છે. આમાં મુસ્લીમ ધર્મ પાળતી જ્ઞાતિઓ ઉપરાંત હિન્દુ ધર્મ પાળતી ઠાકોર જ્ઞાતિના કુટુંબો છે અને ૧ કુટુંબ બિન પછાત છે.

આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં રહેતા દરેક લોકોને આયોજનાનો લાભ મળે છે. આથી અભ્યાસમાં અનુસૂચિત જાતિ, અનુસુચિત જનજાતિ, બક્ષીપંચ અને બિન પછાત જ્ઞાતિઓના કુટુંબોને અભ્યાસમાં પસંદ કર્યા છે. આમ કરવામાં નિશ્ચિત પ્રમાણ જાળવી શકાયુ નથી. કારણ કે સસ્તાદરના અનાજની દુકાનેથી જે લાભાર્થીની યાદી બનાવી ત્યારે કઈ જાતિના અને જ્ઞાતિના કેટલા કુટુંબ છે તે જાણવાનો પ્રયાસ કરેલ પણ આ માહિતી નહીં મળતા સ્વૈચ્છિક નિદર્શનૂ પધ્ધતિથી જે તે જાતિ અને જ્ઞાતિના કુટુંબો અભ્યાસમાં ૧૦૪ પસંદ કર્યાં છે. દાંતા આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં અનુસૂચિત જનજાતિની વસ્તી વધુ છે. એટલે સ્વાભાવિક રીતે આ અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબોમાં તેમની સંખ્યા વધુ હોય આમ કરવાથી અનુસુચિત જાતિ, જનજાતિ બક્ષીપંચના અને બિન પછાત કુટુંબો આ યોજના વિશે શુ માને છે અને તેઓ આ યોજનાનો લાભ કેટલા પ્રમાણમાં લે છે તે જાણી શકાય છે. આથી દાંતા તાલુકામાં રહેતા સમગ્ર લોકોનો આ યોજના અંગેનો અભિપ્રાય પણ જાણી શકાય છે.

<u>અભ્યાસના કુટુંબના વડાની ઉંમર</u>

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબના વડાઓની ઉંમર અને કુટુંબના સભ્યોની વિગતે માહિતી નીચેના કોઠામાં આપી છે.

અભ્યાસના કુટુંબના વડાની ઉંમર અને કુટુંબમાં ૦ થી ૬ વર્ષના કેટલા સભ્યો છે તેની માહિતી દર્શાવતો કોઠો ૪/૨

| વિગત | જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબ | | | સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબ | | | કુલ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. કુટુંબની સંખ્યા | ૬૯ | | | ૩૫ | | | ૧૦૪ | | | |
| | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | પુ. | સ્ત્રી | કુલ | |
| ૨. કુટુંબના વડાનો ઉંમર દર્શાવતો કોઠો | | | | | | | | | | |
| ૨.૧ ૨૦ થી ૩૫ વર્ષ | ૨૨ | – | ૨૨ | ૯ | – | ૯ | ૩૧ | – | ૩૧ | (૨૯.૮૧) |
| ૨.૨ ૩૬ થી ૫૦ વર્ષ | ૩૨ | ૧ | ૩૩ | ૧૯ | – | ૧૯ | ૫૧ | ૧ | ૫૨ | (૫૦.૦૦) |
| ૨.૩ ૫૧ થી ૬૫ વર્ષ | ૧૩ | – | ૧૩ | ૭ | – | ૭ | ૨૦ | – | ૨૦ | (૧૯.૨૩) |
| ૨.૪ ૬૫ થી વધુ | ૧ | – | ૧ | – | – | – | ૦૧ | – | ૦૧ | (૦.૯૬) |
| ૨.૧ થી ૨.૪ કુલ | ૬૮ | ૧ | ૬૯ | ૩૫ | – | ૩૫ | ૧૦૩ | ૧ | ૧૦૪ | (૧૦૦.૦૦) |
| ૩ કુટુંબના સભ્યો | | | | | | | | | | |
| ૩.૧ કુટુંબના સભ્યોમાં ૦ થી ૬ વર્ષના સભ્યો | ૩૦ | ૨૭ | ૫૭ | ૧૨ | ૧૯ | ૩૧ | ૪૨ | ૪૬ | ૮૮ | |
| ૩.૨ ૦ થી ૬ વર્ષ કરતાં મોટી ઉંમરના સભ્યો | ૨૧૩ | ૧૯૧ | ૩૦૪ | ૧૦૪ | ૧૦૪ | ૨૦૮ | ૩૧૭ | ૨૯૫ | ૬૧૨ | |
| ૩.૧ + ૩.૨ કુલ | ૨૪૩ | ૨૧૮ | ૪૬૧ | ૧૧૬ | ૧૨૩ | ૨૩૯ | ૩૫૯ | ૩૪૧ | ૭૦૦ | |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૪ કુટુંબમાંથી ૧૦૩ કુટુંબના વડાઓમાં પુરુષો અને ૧ સ્ત્રી છે. કુટુંબના વડાની ઉંમર જોઈએ તો અભ્યાસમાં પસંદ કરેલા ૧૦૪ કુટુંબમાંથી ૩૧(૨૯.૮૧ ટકા) કુટુંબના વડાની ઉંમર ૨૦ થી ૩૫ વર્ષની છે. ૫૨ (૫૦.૦૦ ટકા) કુટુંબના વડાની ઉંમર ૩૬ થી ૫૦ વર્ષની છે. ૨૧(૨૦.૧૯ ટકા) કુટુંબના વડાની ઉંમર ૫૦ વર્ષ કરતા મોટી છે.

કુટુંબના વડાની ઉંમર જોતા ખ્યાલ આવે છે કે યુવાન, પ્રૌઢ અને વૃધ્ધ વયના કુટુંબના વડાઓ છે. આ યોજના અંગે જે પ્રશ્ન પૂછ્યા છે તેમાં આ ત્રણે અવસ્થાના કુટુંબના વડાના અભિપ્રાયો છે. અભ્યાસમાં પસંદ થયેલા ત્રણે અવસ્થાના લાભાર્થીઓ આ યોજના વિશે શું જાણે છે અને શું વિચારે છે તેનો ખ્યાલ આવે છે.

આ કોઠાના પાછલા ભાગમાં અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબોની સભ્ય સંખ્યા કેટલી છે તેની માહિતી આપી છે. અભ્યાસના ૧૦૪ કુટુંબના ૭૦૦ સભ્યો છે. તેમાં ૩૫૯ પુરુષ અને ૩૪૧ સ્ત્રી સભ્યો છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના કુટુંબમાં પુરુષો અને સ્ત્રીઓના પ્રમાણમાં બહુ તફાવત નથી. પુરુષોનું પ્રમાણ સ્ત્રીઓ કરતા થોડુ વધુ છે.

અભ્યાસના કુટુંબમાં પુરુષોનું પ્રમાણ વધુ હોય તો પણ અનાજ ખરીદી ઉપર અસર પડવાની શકયતા છે. કારણ કે પુરુષો ખેતી અને મજૂરીનું કામ કરવા પોતાના ગામથી અન્ય ગામ જાય છે. યુવાન પુરુષો લાંબો સમય મજૂરી કામ માટે બહાર રહે છે તેઓ શારીરિક શ્રમનું કામ વધુ પ્રમાણમાં કરે છે. આથી સ્ત્રીઓ કરતાં તેમનો ખોરાક વધુ હોય છે તે સ્વાભાવિક છે. કુટુંબમાં પુરુષોનું પ્રમાણ વધુ હોય તો અનાજ વધુ પ્રમાણમાં ખરીદાય, આ બાબત જાણવા માટે અભ્યાસના

કુટુંબમાં સ્ત્રીઓ અને પુરુષોનુ પ્રમાણ કેટલુ છે તેની વિગત તપાસી છે. જે જોતા ખ્યાલ આવે છે કે અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબોમાં સ્ત્રીપુરુષ સભ્યોના પ્રમાણમાં બહુ મોટો તફાવત નથી.

કુટુંબના સભ્યોમાં ૦ થી ૬ વર્ષની વયના સભ્યોની અલગથી માહિતી આપી છે. અભ્યાસમાં પસંદ કરેલ ૧૦૪ કુટુંબમાંથી ૫૪ કુટુંબોમાં ૮૮ સભ્યો આ વયના છે. આ વયના સભ્યોનુ પ્રમાણ વધુ હોય તો પણ અનાજ ઓછુ જોઈએ. આથી આવા કુટુંબો આ યોજનાનો લાભ ઓછા પ્રમાણમાં લે તે સ્વાભાવીક છે. અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબોમાંથી ૫૦ ટકા કરતા ઓછા કુટુંબમાં તો આ વયના સભ્યો નથી.

અભ્યાસમાં પસંદ કરેલ કુટુંબમાં પુરુષ, સ્ત્રી સભ્યની સંખ્યા ઉપરાંત ૦ થી ૬ વર્ષના સભ્યોની સંખ્યા જોતા ખ્યાલ આવે છે કે અનાજ ખરીદી ઉપર કુટુંબના સભ્યોનો પ્રભાવ રહે તે રીતે અભ્યાસના કુટુંબોની પસંદગી કરી છે. આથી આ યોજના વિશે અહેવાલ માં જે આંકડાકીય માહિતી દર્શાવી છે. તેને યોગ્ય રીતે સમજી શકાય છે.

<u>કુટુંબનુ કદ :-</u>

આગલા ફકરાઓમાં આપણે કુટુંબના વડાની ઉંમર અને કુટુંબના સભ્યોની વિગત જોઈ અભ્યાસમાં કુટુંબોની કુલ સંખ્યા ૭૦૦ છે આમ કુટુંબનું કદ ૬.૭૩ સભ્યોનું છે. દાંતા તાલુકાના આઈ.ટી.ડી.પી વિસ્તારમાં જાહેરવિતરણ ~~xxxxx~~નુ કાર્ડ ધરાવનાર કુટુંબોનુ કદ ૬.૫૩ સભ્યોનું છે.

અભ્યાસના કુટુંબોનુ કદ દાંતા તાલુકાના આઈ.ટી.ડી.પી વિસ્તારના કાર્ડ ધરાવનાર કુટુંબ કરતા મોટુ છે. આ ઉપરથી અભ્યાસના કુટુંબનુ કદ કેટલુ છે તે જાણવુ જરુરી છે. કારણ કે કુટુંબના સભ્યો વધુ હોય તો ઘરવપરાશ માં વધુ અનાજ જોઈએ. આવા કુટુંબોના પોતાની ખેતીમાંથી જે અનાજ પાકે તે ઘરવપરાશ પૂરતુ ચાલે નહીં આથી આવા કુટુંબોને અનાજ વહેચાતુ લાવવુ પડે છે. ખેતીની જમીન ઓછી હોવાથી ખેતીના કામો સિવાય અન્ય મજૂરીના કામો પણ આવા કુટુંબના સભ્યોએ કરવા પડે છે. આ કામોમાં કામના બદલામાં અનાજ અને પથ્થર ફોડવાના કામો આ વિસ્તારના લોકો કરે છે. મધ્યમ

મોટા કુટુંબના સભ્યોને કામના બદલામાં અનાજ અને ખેતના કામોના બદલામાં જે અનાજ મળે તે પણ પૂરતુ થતુ નથી આથી આવા કુટુંબોને સસ્તાદરના અનાજની દુકાનેથી ખુટતુ અનાજ લાવવુ પડે છે. અભ્યાસના કુટુંબોમાં કયા કદના કુટુંબો છે તેની માહિતી નીચેના કોઠામાં આપી છે.

કુટુંબના કદની માહિતી દર્શાવતો કોઠો. કોઠા નં.૪/૩.

| ક્રમ | અસ્યાનના કુટુંબોની સભ્યો સંખ્યા | જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબો | સૌ કોઇ માટેનું કાર્ડ ધરાવનાર કુટુંબો. | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ૧ સભ્ય | = | = | = |
| ૨. | ૨ સભ્ય | ૨ | ૧ | ૩ (૨.૮૮) |
| ૩. | ૩ સભ્ય | ૨ | ૧ | ૩ (૨.૮૮) |
| ૪. | ૪ સભ્ય | ૭ | ૨ | ૯ (૮.૬૫) |
| ૫. | ૫ સભ્ય | ૧૩ | ૪ | ૧૭ (૧૬.૩૫) |
| ૬. | ૬ સભ્ય | ૧૦ | ૮ | ૧૮ (૧૭.૩૧) |
| ૭. | ૭ સભ્ય | ૬ | ૭ | ૧૩ (૧૨.૫૦) |

| | | | | |
|---|---|---|---|---|
| ૮. | ૮ રાસ્ય | ૧૫ | ૫ | ૨૦ (૧૯.૨૪) |
| ૯. | ૯ રાસ્ય | ૮ | ૪ | ૧૨ (૧૧.૫૪) |
| ૧૦. | ૧૦ રાસ્ય | ૪ | ૨ | ૬ (૫.૭૭) |
| ૧૧. | ૧૦ વધું | ૨ | ૧ | ૩ (૨.૮૮) |
| ૧૨. | કુલ | ૬૯ | ૩૫ | ૧૦૪ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબોમાં નાના કુટુંબોની સંખ્યા ઓછી છે. આમાં ફકત ૧૫(૧૪.૪૧ટકા) કુટુંબો છે. જયારે મધ્યમ કુટુંબોમાં સૌથી વધુ કુટુંબ છે. આ વિભાગમાં ૬૮(૬૫.૪૦ટકા) કુટુંબો છે. મોટા કુટુંબોની ~~ન~~ બીજા ક્રમે આવે છે. આ વિભાગમાં ૨૧(૨.૧૯ ટકા) કુટુંબો છે. ઉપરોકત હકીકત ઉપરથી એક બાબત ફલિત થાય છે કે આ યોજનાનો લાભ મધ્યમ અને મોટા કુટુંબ વાળા કુટુંબ એ વધુ પ્રમાણમાં લીધો છે. જયારે નાના કુટુંબવાળા આ યોજનાનો લાભ ઓછો લે છે. આમ બનવા પાછળ જે કારણો છે. તેમાં મુખ્યત્વે મોટા કુટુંબોને ઘરવપરાશમાં વધુ અનાજ જોઇએ, જમીન ઓછી હોવાથી જરૂર પૂરતુ અનાજ પાકે નહીં, ખેતી માં પૂરતુ કામ રહે નહીં. આથી આવા કુટુંબના સભ્યોએ કામના બદલામાં અનાજ અને પથ્થરફોડવાનું કામ કે આવા અન્ય કામો કરવા પડે છે. કામના બદલામાં અનાજની યોજનામાં જે અનાજ મળે તે પણ ઓછું પડે આથી આવા કુટુંબો આઇ.ટી.ડી.પી. યોજનાનું અનાજ જોઇતા પ્રમાણમાં લાવે છે.

અભ્યાસના વડાનું શિક્ષણ:-

મોટાભાગે અનાજ ખરીદવા કુટુંબનો મુખ્ય વ્યકિત જાય છે. જો તે ન હોય તો ઘરની કોઇ સ્ત્રી અનાજ ખરીદવા જાય છે. કુટુંબના પ્રોઢવયના વડા અનાજ ખરીદવા ઓછા પ્રમાણમાં જાય છે. આવા કુટુંબના વડાની સ્ત્રી અથવા કુટુંબનો યુવાન સભ્ય અનાજ ખરીદવા જાય છે. અહીં કુટુંબના વડાનું શિક્ષણ જાણવાનો પ્રયાસ કર્યો છે. આ પાછળનો મુખ્ય હેતુએ છે કે આઇ.ટી.ડી.પી વિસ્તારમાં રાહતદરે એક કરતા વધુ યોજનામાં અનાજ અપાય છે. કઇ યોજનામાં કેટલુ અને કયું અનાજ મળે તેની માહિતી જાણવા શિક્ષણ અગત્યનુ છે. અભ્યાસ દરમ્યાન ખ્યાલ આવ્યો છે. કે જે તે માસમાં સૌ કોઇ માટે અનાજ (યોજનાનું અનાજ) ન લીધુ હોય તો પણ આઇ.ટી.ડી.પી યોજનાનું અનાજ લીધુ હોય. સૌ કોઇ માટે અનાજની યોજના કરતા આઇ.ટી.ડી.પીની ~~યોજના કરતા આઇ.ટી.ડી.પીની~~ યોજનામાં અનાજ મોઘુ મળે છે.

અલબત્ત આમ બનવાંના મુખ્ય કારણોમાં શિક્ષણ સીધી રીતે જવાબદાર નથી પણ કુટુંબના વડા શિક્ષિત હોય તો આમ વારંવાર ન બને તેની કાળજી રાખે અને આમ શામાટે બને છે તે જાણવાનો પ્રયાસ પણ કરે છે. આથી કોઈપણ યોજનાની સફળતા માટે તે યોજના જેના માટે શરૂ કરી હોય તે સમાજના લોકોનું શિક્ષણથી તમાસવુ જરુરી છે. શિક્ષણનું પ્રમાણ સંતોષકારક હશે તો યોજનાના લાભાલાભ વિશે તેમને ઊંડાણથી ખ્યાલ હોય અને તે અંગેની રજુઆત સારી રીતે કરી શકે છે અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબના વડાઓનાં શિક્ષણ ની માહિતી નીચેના કોઠામાં મુકી છે.

## કુટુંબના વડાનું શિક્ષણ કોઠો.૪/૪

| ક્રમ | વિગત | જાહેર વિતરણનુ કાર્ડ ધરાવનાર કુટુંબો. | સૌ કોઇ માટે અનાજ ની યોજના નું કાર્ડ ધરાવનાર કુટુંબોનૈ | કુલ |
|---|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા | ૬૯ | ૩૫ | ૧૦૪ |
| ૨. | અભણ | ૬૨ | ૩૩ | ૯૫ (૯૧.૩૫) |
| ૩. | ૨ પાસ | ૪ | ૧ | ૫ (૪.૮૧) |
| ૪. | ૩ પાસ | ૧ | = | ૧ (૦.૯૬) |
| ૫. | ૪ પાસ | ૧ | = | ૧ (૦.૯૬) |
| ૬. | ૭ પાસ | ૧ | ૧ | ૨ (૧.૯૨) |
| ૭. | ૨થી ૫નું કુલ | ૬૯ | ૩૫ | ૧૦૪ (૧૦૦.૦૦) |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસમાં પસંદ કરેલા ૧૦૪ કુટુંબના વડાઓમાંથી ૯૫(૯૧.૩૫ટકા) કુટુંબના વડાઓ અભણ છે. ૭(૬.૭૩ ટકા) કુટુંબના વડાઓ ૪ ધોરણ સુધી ભણ્યા છે. જયારે ૨(૧.૯૨ટકા) કુટુંબના વડાઓ ૭ ધોરણ સુધી ભણ્યા છે. અભ્યાસના કુટુંબના વડાઓમાંથી અભણનું પ્રમાણ વધુ હોવાથી આ યોજનાના લાભા લાભ વિશે તેઓની રજુઆત યોગ્ય રીતે થતી નથી જે અંગેની વિગત આ યોજનામાં લાભાર્થીને શું મુશ્કેલી પડે છે તેની વિગત અને અન્ય વિગત તપાસતા ખ્યાલ આવે છે.

**મુખ્ય વ્યવસાય:-**

આ યોજનાના અમાલમાં કુટુંબના વડાનો વ્યવસાય અગત્યની ભૂમિકા ભજવે છે. દા.ત. કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય ખેતી હોય તો આ યોજનાનો લાભ ઓછા પ્રમાણમાં લેશે. કારણ કે ખેતીમાંથી જે અનાજ પાકે તેનો ઉપયોગ ~~અન્ય પ્રકારની મજુરી~~ કરે, જેમને ખેતમજૂરી કે અન્ય પ્રકારની મજૂરીનો મુખ્ય વ્યવસાય હશે તેઓ પણ આ યોજનામાં મોટુ અનાજ ખરીદશે. કારણ કે મજૂરી કરવા જાય ત્યાંથી મજૂરીના વળતરમાં રોકડ રકમડ લેવાને બદલે અનાજ લેશે. આ હકીકતને ક્ષેત્રકાર્યમાં ચકાસવામાં આવી છે. પસંદ કરેલા લાભાર્થીઓના કુટુંબના અમુક સભ્યો જંગલમાંથી લાકડા લાવી તેની ભારી બનાવી દાંતા કે અંબાજી જઇ વેચી દે છે. વેચેલ લાકડાની ભારીના રોકડ પૈસા લેવાને બદલે જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓ ખરીદે છે. કારણ કે જીવન જરુરી ચીજ વસ્તુ રાખનાર વેપારી જ લાકડાની ભારી ખરીદે છે. આથી તેઓ રોકડ રકમને બદલે વસ્તુ લે છે. જંગલમાંથી લાકડા લાવવાનું અને તેને વહેચવાનું કામ સ્ત્રીઓ કરે છે. સામાન્ય રીતે ગરીબ પરિવારોમાં કુટુંબના સભ્યોની ખાવાપીવાની જવાબદારી જેટલી પુરુષની હોય છે. તેટલી જ નહી બલ્કે તેના કરતા વધુ જવાબદારી સ્ત્રીઓ નિભાવે છે. આમ હોવાથી સ્ત્રીઓ રોકડ પૈસા કરતા અનાજ લેવાનું વધુ પસંદ કરે છે. જો તેઓ રોકડ પૈસા ઘરે લઈ જાય તો કદાચ ઘરના પુરુષ સભ્યો દારુ પીવામાં આ પૈસાનો ઉપયોગ કરશે આથી કુટુંબના સભ્યોને ભુખ્યા રહેવુ પડે આમ ન બને તે માટે સ્ત્રીઓ કામના બદલામાં યા લાકડાની ભારીના બદલામાં અનાજ લેવાનું વધુ પસંદ કરે છે.

(જોઇ ભેઠો ૭૩:૧ પાન ઉપર છે.)

સસ્તા દરના અનાજની દુકાનેથી અનાજ લાવવા રોકડપૈસાની જરૂર પડે છે. રોકડપૈસા નોકરી, કે રોજગારીનુ કામ કરતા કુટુબ પાસે હોય ખેડુત, પશુપાલક કે મજુરીનો વ્યવસાય કરનાર કુટુંબો પાસે રોકડ પૈસા ન હોવાથી તેઓ અનાજ ખરીદી શકતા નથી. આ બધા કારણોને લઈને આયોજનાના મુલ્યાંકન અભ્યાસમાં કુટુંબનાવડા નો વ્યવસાય તપાસવો જોઈએ. નીચે ના કોઠામાં કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય કયો છે તેની વિગતે માહિતી આપી છે.

અભ્યાસના કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાયની માહિતી દર્શાવતો કકોઠો. ૪/૫

| ક્રમ | વ્યવસાયનું નામ | જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબો | સૌ કોઈ માટે અનાજની યોજનાનું કાર્ડ ધરાવનાર કુટુંબો | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ખેતી | ૬૧ | ૩૧ | ૯૨ (૮૮.૪૭) |
| ૨. | પશુપાલન | – | ૨ | ૨ (૧.૯૨) |
| ૩. | મજૂરી | ૫ | ૧ | ૬ (૫.૭૭) |
| ૪. | ડ્રાઈવર | ૨ | – | ૨ (૧.૯૨) |
| ૫. | વેપાર | ૧ | – | ૧ (૦.૯૬) |
| ૬. | નોકરી | – | ૧ | ૧ (૦.૯૬) |
| | કુલ | ૬૯ | ૩૫ | ૧૦૪ (૧૦૦.૦૦) |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબના ૯૨(૮૮.૪૭ટકા) કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. બાકીના ૧૨ કુટુંબના વડાનો વ્યવસાય પશુપાલન, મજૂરી, ડ્રાઈવર,વેપાર અને નોકરી છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના કુટુંબના વડાઓ પોતાના વ્યવસાય માંથી તેમને રોકડ પૈસા મળે તેવો વ્યવસાય ઓછા પ્રમાણમાં કરે છે.

આઈ.ટી.ડી.પી વિસ્તારમાં ખેતી, મજૂરી અને પશુપાલનનો વ્યવસાય કરનાર કુટુંબો વધુ હોવાથી તેમની પાસે રોકડ નાણાં ઓછા હોય છે. આથી તેઓની ખરીદ શકિત ઘણી ઓછી હોય છે. આ ઉપરાંત રોજ બરોજના વ્યવહારમાં રોકડ નાણાં ને બદલે વિનિમયની પ્રથા હજુ પણ અસરકારક કામ કરે છે. આથી આ વિસ્તારમાં આ યોજનાનો વિકાસ યોજનાના હેતુઓની પ્રમાણમાં ઘણો ઓછો થયો છે. તેનો ખ્યાલ અહેવાલમાં દર્શાવેલ આંકડા ઉપરથી પણ આવે છે.

## જમીન:-

આગળના ફકરાઓમાં આપણે કુટુંબના વડાનો વ્યવસાય જોયો તેનો ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસમાં પસંદ કરેલ ૮૮.૪૦ ટકા કુટુંબના વડાનો મુખ્ય વ્યવસાયખેતી છે. ખેતીનો વ્યવસાય કરનાર કુટુંબ પાસે કેટલી જમીન છે તેની વિગતે માહિતી નીચેના કોઠામાં આપી છે.

જમીન ધરાવતા કુટુંબ પાસે કેટલી જમીન છે તેની માહિતી દર્શાવતો કોઠો. કોઠા નં.૪/૬

| ક્રમ | જમીનનું કદ | જાહેરવિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબો | | | | | | | સૌ કોઈ માટે અનાજનું કાર્ડ ધરાવનાર કુટુંબ | | | | | | | કુલ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુટુંબ સંખ્યા | જમીન એ. | ગુંઠા | ખેડાણની જમીન એ. | ગુંઠા | પિયતજમીન એ. | ગુંઠા | કુટુંબ સંખ્યા | જમીન એ. | ગુંઠા | ખેડાણની જમીન એ. | ગુંઠા | પિયતની જમીન એ. | ગુંઠા | કુટુંબ સંખ્યા | જમીન એ. | ગુંઠા | ખેડાણની જમીન એ. | ગુંઠા | પિયતની જમીન એ. | ગુંઠા |
| ૧. | જમીનવગરના | ૭ | = | = | = | = | = | = | ૩ | = | = | = | = | = | = | ૧૦ | = | = | = | = | = | = |
| | | | | | | | | | | | | | | | | (૯.૬૨) | | | | | | |
| ૨. | ૦.થી૨.૫ એકર જમીનવાળા | ૫૦ | ૭૪ | ૨૮ | ૭૪ | ૨૮ | ૬ | ૦૦ | ૩૧ | ૪૭ | ૨૪ | ૪૭ | ૨૪ | ૭ | ૦૦ | ૮૧ | ૧૨૨ | ૧૨ | ૧૨૨ | ૧૨ | ૧૩ | ૦૦ |
| | | | | | | | | | | | | | | | | ~~(૭૭.૯૯)~~ (૭૭.૯૯) | ~~(૭૦.૧૩)~~ (૭૦.૧૩) | | (૭૦.૩૭) | | (૫૬.૫૩) | |
| ૩. | +૨.૫થી૫ એકરજમીનવાળા | ૧૧ | ૩૮ | ૦૦ | ૩૮ | ૦૦ | ૭ | ૦૦ | ૧ | ૦૫ | ૦૦ | ૦૫ | ૦૦ | = | = | ૧૨ | ૪૪ | ૦૦ | ૪૪ | ૦૦ | ૦૭ | ૦૦ |
| | | | | | | | | | | | | | | | | (૧૧.૫૪) | (૨૫.૨૪) | | (૨૫.૨૪) | | (૩૦.૪૩) | |
| ૪. | +૫થી ૧૦એકર જમીનવાળા | ૦૧ | ૦૮ | ૦૦ | ૦૮ | ૦૦ | ૩ | ૦૦ | = | = | = | = | = | = | = | ૧ | ૦૮ | ૦૦ | ૦૮ | ૦૦ | ૦૩ | ૦૦ |
| | | | | | | | | | | | | | | | | (૦.૯૬) | (૪.૫૯) | | (૪.૫૯) | | (૧૩.૦૪) | |
| કુલ | | ૬૯ | ૧૨૧ | ૨૮ | ૧૨૧ | ૨૮ | ૧૬ | ૦૦ | ૩૫ | ૫૨ | ૨૪ | ૫૨ | ૨૪ | ૭ | ૦૦ | ૧૦૪ | ૧૭૪ | ૧૨ | ૧૭૪ | ૧૨ | ૨૩ | ૦૦ |
| | | | | | | | | | | | | | | | | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) | | (૧૦૦.૦૦) | | (૧૦૦.૦૦) | |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૦૪ કુટુંબમાં ૧૦(૯.૬૨ ટકા જમીન વગરના કુટુંબો છે. ૮૧(૭૭.૮૮ ટકા) કુટુંબો પાસે ૨.૫ એકર કરતાં ઓછી જમીન છે. આ કુટુંબો પાસે કુલ જમીનના ૭૦.૧૭ ટકા જમીન છે. જે ખેડાણ લાયક છે. જ્યારે ૧૨(૧૧.૫૪) કુટુંબો પાસે ૨.૫ એકથી વધુ અને ૫ એકરથી ઓછી જમીન છે. આ કુટુંબો પાસે કુલ જમીનના ૨૫.૨૪ ટકા જમીન છે. જે ખેડાણ લાયક છે. ૧(૦.૯૬ ટકા) કુટુંબ પાસે ૫ એકરકરતાં વધુ જમીન છે. આમ કુટુંબ પાસે કુલ જમીનના ૪.૫૯ ટકા જમીન છે જે ખેડાણ લાયક છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસમાં પસંદ કરેલ અને આ યોજનાનો લાભ લેનાર કુટુંબોમાં જમીન વગરના અને સીમાંત ખેડુતોની સંખ્યા વધુ છે. જે કુટુંબ પાસે જમીન છે તે બધી જમીન ખેડાણ લાયક છે. આમ છતાં લાભાર્થીઓએ જે અનાજ ખરીદ્યું છે તેના ઉપરથી ખ્યાલ આવે છે કે સીમાન્ત ખેડુતો એ આ યોજનાનો લાભ સારો લીધો છે.

અભ્યાસના કુટુંબો પાસે જે જમીન છે તેમાં પિયતની જમીન ઘણી ઓછી છે. કુલ જમીનના ૧૩.૨૦ ટકા જમીન પિયતની છે. અભ્યાસના કુટુંબના લોકોની અને મહદઅંશે આ વિસ્તારની ખેતી વરસાદ આધારિત છે. જો વરસાદ અનિયમિત આવે તો ખેતીના પાકને નુકશાન થાય છે. આથી અભ્યાસના અને આ વિસ્તારના લોકોને જીવન જીવવાની મુશ્કેલી પડે છે. તેમાં ખાસ કરીને અનાજ ખરીદવાની કારણ કે ખેતીમાં પાક ઓછો પાક્યો હોય તેથી ઘરમાં અનાજ ન હોય અને દરેક વ્યક્તિને મજૂરીનું કામ નિયમિત ન મળે આથી રોકડા પૈસાથી અનાજ ન ખરીદી શકે. જ્યારે વરસાદ પૂરતા પ્રમાણમાં અને નિયમિત રીતે પડ્યો હોય તો પાક સારો થાય આથી વહેંચાતુ અનાજ ઓછુ લાવવુ પડે, આમ વરસાદ નિયમિત પડે કે અનિયમિત પડે તેની અસર રાહતદરના અનાજની ખરીદી ઉપર પડે છે.

## અનાજનું ઉત્પાદન :-

ઉપરોક્ત કોઠામાં આપણે જમીનની વિગત જોઈ અહીં આપણે ૧૯૮૭-૮૮ ના વર્ષના લાભાર્થીને કેટલુઅનાજ પાકયુ છે તેની વિગત જોઈએ જે નીચેના કોઠામાં આપી છે.

છેલ્લા વર્ષમાં કયુ અનાજ કેટલુ પાકયુ તેની માહિતી દર્શાવતો કોઠો. કોઠા નં.૪/૭

| ક્રમ | વિગત | જાહેર વિતરણનુ કાર્ડ ધરાવનાર કુટુંબ | સૌ કોઈ માટેનું કાર્ડ ધરાવનાર કુટુંબ | કુલ |
|---|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા | ૬૯ | ૩૫ | ૧૦૪ |
| ૨. | તેમાથી કેટલા કુટુંબે અનાજ પાકયું | ૨૧ | ૧૮ | ૩૯ |
| ૩. | કયુ અનાજ પાકયું. | | | |
| ૩.૧. | મકાઈ-કુલ ઉત્પાદન | ૨૪૨૦ | ૨૫૦૦ | ૪૯૨૦ |
| | ઘરવપરાશમાં | ૨૪૨૦ | ૨૫૦૦ | ૪૯૨૦ |
| | વેચાણ | ~~૨૪૨૦~~ | ==== | ==== |
| ૩.૨. | ઘંઉ કુલ ઉત્પાદન | .... | ૧૦૦ | ૧૦૦ |
| | ઘરવપરાશમાં | [illegible] | ૧૦૦ | ૧૦૦ |
| | વેચાણ | .... | .... | .... |
| ૩.૩. | તુવેર. કુલ ઉત્પાદન | ...૭૦ | ૧૪૦ | ૨૧૦ |

::૮૦::

| | | | | |
|---|---|---|---|---|
| ૩.૩ | ઘરવપરાશમાં | ....૩૦ | ૧૦૦ | ૧૩૦ |
| | વેચાણ | ....૪૦ | ૪૦ | ૮૦ |
| ૩.૪ | ચોખા કુલ ઉત્પાદન | ૫ | .... | ૫ |
| | ઘરવપરાશમાં | ૫ | .... | ૫ |
| | વેચાણ | ... | .... | .... |
| ૩:૫ | મઠઠ કુલ ઉત્પાદન | ૧૦ | .... | ૧૦ |
| | ઘરવપરાશમાં | ૧૦ | .... | ૧૦ |
| | વેચાણ | .... | .... | .... |
| કુલ ૩:૧ થી૩:૫ નોકુલ ઉત્પાદન | | ૨૫૦૫ | ૨૮૪૦ | ૫૨૪૫ |
| | ઘરવપરાશમાં | ૨૪૬૫ | ૨૮૦૦ | ૫૧૬૫ |
| | વેચાણ | ૪૦ | ૪૦ | ૮૦ |
| ૪ | તલ કુલ ઉત્પાદન | ૫૦ | ..... | ૫૦ |
| ૫. | કપાસ કુલ ઉત્પાદન | ૪૦ | ..... | ૪૦ |
| | વેચાણ | ૪૦ | ..... | ૪૦ |

નોંધઃ- ~~બતાવેલા જે અનાજ તલ અને કપાસ આંકડા દર્શાવ્યા છે તે કિલોમાં છે.~~

નોંધ: ઉપરના કોઠામાં અનાજ / તલ અને કપાસના આંકડા દર્શાવ્યા છે તે ક્વિ.માં છે.

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૧૯૮૬ ના વર્ષમાં અભ્યાસના વિસ્તારમાં વરસાદ ખૂબ જ ઓછો પડયો હતો આથી પાક ઓછો થયો છે. અભ્યાસમાં જે ૯૭ કુટુંબ પાસે જમીન છે તેમાંથી ફકત ૩૯(૪૦.૨૧ ટકા) કુટુંબોને ૧૯૮૭-૮૮માં અનાજ પાકયુ છે. જે લોકોને અનાજ પાકયુ છે. તેમાં મકાઈ ૪૯૨૦ કિલો, ઘઉં ૧૦૦ કિલો કઠોળ ૨૨૫ કિલો પાકયુ છે. પાકેલ અનાજમાં મોટાભાગનું અનાજ ઘર વપરાશ માં રાખ્યુ છે. ફકત ૮૦ કિલો કઠોળ નું વેચાણ કર્યું છે. આ ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસનાં અને આ વિસ્તારના લોકો પાકેલ અનાજનો ઉપયોગ ઘર વપરાશમાં કરે છે. જે તે વર્ષે પાકેલ અનાજ ઘર વપરાશમાં વાપરતા વધે તો તેને આગલા વર્ષ માટે અનામત રાખે છે. આમ કરવાથી અભ્યાસના

જરૂર ઓછા પ્રમાણમાં લાવવું પડે છે. આમ

વિસ્તારના લોકોને વહેચાતુ અનાજ બાબત એ ફલિત થાય છે કે આ વિસ્તારનો મુખ્ય પાક મકાઈ છે. આથી સ્વભાવિક રીતે ખોરાકમાં તેનો ઉપયોગ વધુ પ્રમાણમાં થતો હોય. આઈ.ટી.ડી.પી. ની યોજનામાં ઘઉં અને ચોખા અપાય છે. જે આ વિસ્તારના લોકોને માફક ઓછા આવે છે. આથી તેઓ આઈ.ટી.ડી.પી ની યોજના નો લાભ ઓછા પ્રમાણમાં લે છે.

ઉપરકોત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસનાં કુટુંબમાં ૧૯૮૭-૮૮ ના વર્ષમાં એકરદીઠ ૯૫૦ ગ્રામ અનાજ પાકયુ હતુ જે ઘણું ઓછું કહેવાય આથી અભ્યાસનાં સમયમાં લાભાર્થી કુટુંબને વહેચાતુ અનાજ કે કામના બદલામાં અનાજની યોજનામાં અનાજ લાવવું પડયુ છે.

અભ્યાસનાં કુટુંબોમાં રોકડીયા પાક જેવા કે કપાસ તલ પણ પાકે છે. આનું ઉત્પાદન ઓછું થાય છે. આમાં ૫૦ કિલો તલ અને ૪૦ કિલો કપાસ પાકયો છે. આમાં કપાસનું વેચાણ કર્યું છે. અને તલ ઘરવપરાશ માટે રાખ્યા છે.

રોકડયા પાકો ઓછા હોવાથી આ વિસ્તારના ખેડૂતો પાસે રોકડા નાણાં ઓછા પ્રમાણમાં હોય છે. આથી રોકડેથી અનાજ ખરીદવામાં મુશ્કેલી અનુભવે છે. આથી પણ આ યોજનાનો અપેક્ષિત વિકાસ થતો નથી.

## સસ્તા દરના અનાજની દુકાનનું અંતર:-

ગ્રામ્ય વિસ્તારમાં ત્રણ ચાર ગામ વચ્ચે એક સસ્તા દરના અનાજની દુકાન હોય છે. આથી જે ગામમાં દુકાન હોય તે સિવાયનાં ગામના લોકોને અનાજ લાવવામાં મુશ્કેલી પડે છે. રસ્તાના અભાવે બસની સવલત ન હોય અથવા તો દિવસમાં એકાદવાર બસ આવજા કરતી હોયતો અનાજ લાવવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે. આથી આ યોજનામાં અપેક્ષિત વિકાસ માટે લાભાર્થીના ગામથી કે ઘરેથી સસ્તા દરના અનાજની દુકાનનું અંતર કેટલું છે તે જાણવું જરૂરી છે. જેની વિગત નીચેના કોઠામાં આપી છે.

લાભાર્થીના ઘેરથી સસ્તાદરના અનાજની દુકાનનું અંતર દર્શાવતો કોઠો:- કોઠા નં.૪/૮

| ક્રમ | વિગત | | જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબ | સૌ કોઇ માટેનું કાર્ડ ધરાવનાર કુટુંબ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા | | ૬૯ | ૩૫ | ૧૦૪ |
| ૨. | તમારા ઘેરથી સસ્તાદરના અનાજની દુકાનનું અંતરકેટલુ. | | | | |
| | | કિ.મી. ૦।। | ૨ | = | (૧.૯૨) ૨ |
| | | કિ.મી. ૧ | ૨૧ | ૫ | ૨૬ (૨૫.૦૦) |
| | | કિ.મી. ૨ | ૩૭ | ૨૨ | ૫૯ (૫૬.૭૩) |
| | | કિ.મી. ૩ | ૬ | ૬ | ૧૨ (૧૧.૫૪) |
| | | કિ.મી. ૪ | - | ૧ | ૧ (૦.૯૬) |

| | | | |
|---|---|---|---|
| કિ.મી. ૫ | ૨ | - | ૨ (૧.૯૨) |
| કિ.મી. ૬ | ૧ | ૧ | ૨ (૧.૯૨) |
| કુલ | ૬૯ | ૩૫ | ૧૦૪ (૧૦૦.૦૦) |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના કુટુંબોએ આ યોજનાનો જે લાભ લીધો છે તે પાછળનું એક અગત્યનું પરિબળ તે સસ્તાદરની દુકાનનું અંતર ઓછું છે તે છે મોટા ભાગના (૮૭(૮૩.૬૫) કુટુંબોને પોતાના ઘરથી ૨ કિ.મી. દૂર જ સસ્તા દરના અનાજની દુકાન છે. આથી અભ્યાસના કુટુંબોને અનાજ લાવવામાં સરળતા રહે છે.

કઈ યોજનામાં કેટલું xxx અનાજ મળે છે તેની વિગત આગળ આપણે કુટુંબના વડાના શિક્ષણ અંગેની ચર્ચા સમયે જોયુ હતુ કે જે તે યોજનાના અપેક્ષિત વિકાસમાં તે વિસ્તારના લોકાનું શિક્ષણ અગત્યનું પરિબળ છે. આ બાબતને નીચેના કોઠાથી મળે છે.

કુટુંબના વડાની શિક્ષણ અંગેની ચર્ચા સમયે જોયું હતુ કે જે તે યોજનાના અપેક્ષિત વિકાસમાં તે વિસ્તારના લોકોનું શિક્ષણ અગત્યનું પરિબળ છે. આ બાબતને નીચેના કોઠાથી બળ મળે છે.

લાભાર્થીને કઈ યોજનામાં કેટલુ  અનાજ મળે તેની જાણકારી અંગેની માહિતી દર્શાવતો કોઠો. કોઠા નં.૪/૯

| ક્રમ | વિગત | જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબ. | ગૌ કોઈ માટે અનાજની યોજનાનુ કાર્ડ ધરાવનાર કુટુંબ | કુલ |
|---|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા | ૬૯ | ૩૫ | ૧૦૪ |
| ૨. | તમને કઈ યોજનામાં કેટલુ અનાજ મળે છે.–હા | ૪ | = | ૪ |
| | તેનો ખ્યાલ છે.           ના. | ૬૫ | ૩૫ | ૧૦૦ |
| ૩. | ના તો અનાજ કઈ રીતે લાવશે | | | |
| ૩:૧. | દુકાનદાર આપે તે | ૫૮ | ૩૨ | ૯૦ |
| ૩:૨ | જવાબ આપ્યો નથી. | ૭ | ૩ | ૧૦ |
| કુલ | ૩:૧ અને ૩:૨નું કુલ | ૬૫ | ૩૫ | ૧૦૦ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે લાભાર્થી કુટુંબોનો સૌકોઈ માટે અનાજ કે આઈ.ટી.ડી.પી યોજનામાં કેટલું અનાજ કયા ભાવે અપાય છે તેની જાણકારી ઓછી છે. આથી આવા કુટુંબો દુકાનદાર જે અનાજ જેટલું આપે તે લઈ ને દુકાનદાર માગે તેટલા પૈસા આપી અનાજ ખરીદી છે.

## અનાજ નિયમિત લાવવા અંગે:-

અભ્યાસના કુટુંબો નિયમિત અનાજ લાવે છે કે નહી. તેની વિગતે માહિતી નીચેના કોઠામાં મુકી છે.

અનાજ નિયમિત લાવે છે કે નહિ તેની વિગત દર્શાવતો કોઠો:- કોઠા નં૪/૧૭

| ક્રમ | વિગત | | જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબ. | સૌ કોઈ માટેનું કાર્ડ ધરાવનાર કુટુંબ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા. | | ૬૯ | ૩૫ | ૧૦૪ |
| ૨. | સસ્તાદરના અનાજની દુકાનેથી અનાજ લાવો છો | હા. | ૬૦ | ૨૦ | ૮૦ (૫૦૬૫) |
| | | ના. | – | – | – |
| | | કયારેક | ૯ | ૮ | ૧૭ (૧૬.૩૫) |
| ૩. | હા. તો શા માટે અનાજ લાવો છો તેના કારણો | | | | |
| ૩.૧ | અનાજ સસ્તુ મળે તેથી | | ૩૨ | ૮ | ૪૦ |
| ૩:૨. | અનાજ મોંઘુ પાકયુ છે તેથી | | ૬ | ૧૫ | ૨૧ |
| ૩:૩ | અનાજ પાકતુ નથી તેથી. | | ૧૪ | ૨ | ૧૬ |
| ૩:૪. | જવાબ આપ્યો નથી. | | ૦૯ | ૧ | ૧૦ |
| | ૩:૧ થી ૩:૪ કુલ | | ૬૦ | ૨૦ | ૮૦ |

૪. કયારેક અનાજ ઘટે તેના દર્શાવેલ કારણો.

| | | | |
|---|---|---|---|
| ૪:૧. કુપનનું અનાજ ઘટે તેથી | ૬ | ૪ | ૧૦ |
| ૪:૨. ઘરનુ અનાજ પાકે તેથી | ૪ | ૩ | ૭ |
| ૪:૩ મકાઈ મોડી મળે છે તેથી | ૧ | ૧ | ૨ |
| ૪:૪ ઘઉં ખાવામાં માફક આવતા નથી. | ૨ | ૨ | ૪ |
| ૪:૫ પૈસા હોય ત્યારે અનાજ નથી હોતુ. | ૧ | = | ૧ |
| ૪:૬. મજૂરી કરવા જઈએ ત્યાં અનાજ મળે છે. | — | ૨ | ૨ |
| ૪:૧ થી ૪:૬ કુલ | ૧૪ | ૧૨ | ૨૬ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે ૪૭(૮૩.૬૫ ટકા) કુટુંબો અનાજ નિયમિત લાવે છે કારણ કે સસ્તાદરના અનાજની દુકાનેથી અનાજ સસ્તુ મળે છે. તે ઉપરાંત ખેતીમાં અનાજ ન પાકવાથી કે અનાજ ઓછુ પાકવાથી આ યોજનાનુ અનાજ લાવે છે. આગળ આપણે જોયુ કે નિયમિત વરસાદ પડે અગાઉ તો જે માસમાં પાક તૈયાર થાય તે માસ કે જે તે વર્ષના અન્ય માસ કરતા ઓછુ અનાજ વહેંચાય છે તે મુદ્દાને આ કોઠો જ પૂરું પાડે છે.

૯(૧૬.૩૫ ટકા) કુટુંબો કયારેકજ અનાજ ખરીદે છે કારણ કે આવા કુટુંબો માં અછત રાહતના કામનું અનાજ વધુ આવે છે. પોતાની ખેતીમાં અનાજ પાકયુ હોવાથી આ યોજનામાં ઘઉં વધુ મળે જે ખાવામાં માફક નથી. આવતા, જયારે મકાઈ મળે ત્યારે સસ્તાદરના અનાજની દુકાનેથી અનાજ લાવે છે. રોકડા પૈસા હોય ત્યારે દુકાનમાં અનાજ ન હોય આ બધાXX કારણો ને લઈને અવ્યોજનામાં આ કુટુંબો કયારેકજ અનાજ લાવે છે. આમ સસ્તાદરનું અનાજ ખરીદવા પાછળ કુદરતી પરિબળો મુખ્ય XXXXXXXXXX ભાગ ભજવે છે. યોજનામાં મળતુ અનાજ ખાવામાં માફક ઓછુ આવે છે તે ઉપરાંત ખરીદશકિત ઓછી હોવાથી અંગનો ખ્યાલ પણ આ કોઠા ઉપરથી આવે છે. સસ્તાદરના અનાજની દુકાનમાં અનાજનો જથ્થો નિયમિત હોતો નથી. તેથી પણ આ યોજનાનો અપેક્ષિત વિકાસ થયો નથી.

અનાજ ખરીદવામાં પડતી મુશ્કેલી અંગે :-
=====================================

આગળ આપણે લાભાર્થીઓ રાહતદરના અનાજની યોજનામાં અનાજ લાવે છે કે નહીં અને અનાજ શા માટે લાવે છે તેની વિગત તપાસી અહીં આપણે અભ્યાસમાં પસંદ કરેલા કુટુંબોને સસ્તાદરના અનાજની દુકાનેથી અનાજ લાવવામાં કઈ મુશ્કેલી પડે છે તેની વિગત જોઈએ જે નીચેના કોઠામાં આપી છે.

અનાજ ખરીદવા પડતી મુશ્કેલીની માહિતી દર્શાવતો કોઠો કોઠા નં.૪/૧૧.

| ક્રમ | વિગતો | | જાહેરે વિતરણનુ કાર્ડ ધરાવનાર કુટુંબો. | સૌ કોઈ માટે અનાજની યોજનાનુ કાર્ડધરાવનાર કુટુબો. | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા | | ૬૯ | ૩૫ | ૧૦૪ |
| ૨. | અનાજ લાવવામાં મુશ્કેલી પડે છે. | હા. | ૨૦ | ૧૪ | ૩૪ (૩૨.૬૯) |
| | | ના. | ૪૯ | ૨૧ | ૭૦ (૬૭.૩૧) |
| | હા તો કયા પ્રકારની મુશ્કેલી પડે છે. | | | | |
| ૧. | અનાજ જોઈએ ત્યારે મળતુ નથી. | | ૧૪ | ૧૨ | ૨૬ (૭૬.૪૭) |
| ૨. | અનાજ ખુલા બજારમાં વધુ વહેચાય છે. | | ૩ | ૧ | ૪ (૧૧.૭૬) |
| ૩. | કાર્ડમાં અનાજ વધુ નોંધાય છે. | | ૨ | ૩ | ૫ (૧૪.૭૧) |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | અનાજ લીધાની પહોંચ આપતા નથી. | ૩ | ૫ | ૮ (૨૩.૫૩) |
| ૫. | દુકાન દૂર પડે છે. | ૩ | ૨ | ૫ (૧૪.૭૧) |
| ૬. | રોકડા પૈસાના અભાવે અનાજ ખરીદી શકતા નથી. | ૧ | = | ૧ (૨.૯૪) |
| ૭. | તોલમાં ઓછું આવે છે. | ૪ | ૨ | ૬ (૧૭.૬૫) |
| ૮. | પરિચિત વ્યકિતને વધુ અનાજ આપે છે. | ૧ | = | ૧ (૨.૯૪) |
| ૯. | આઈ.ટી.ડી.પી.માં ઘણું ઓછું પડે છે. | ૩ | ૨ | ૫ (૧૪.૭૧) |
| ૧૦. | સૌ કોઈનું અનાજ નિયમિત મળતું નથી. | = | ૧ | ૧ (૨.૯૪) |
| ૧૧. | મકાઈ ઓછી મળે છે. | = | = | ૧ (૨.૯૪) |
| | | ૩૪ | ૨૯ | ૬૩ |

ઉપરોકત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અભ્યાસના મોટાભાગના કુટુંબના વડાઓ અભણ હોવા છતાં અનાજ ખરીદવામા જે મુશ્કેલી દર્શાવી છે. તેમાં તેની સુઝના દર્શન થાય છે. અને અભણ હોવા છતાં આ યોજના વિશે ઘણી બધી ઉપયોગી માહિતી મુશ્કેલી દર્શાવી પૂરી પાડી છે. જો કે અભ્યાસની ~~xxxxxx~~ કુલ કુટુંબો ~~માંથી~~ આપ્યા ફકત ૩૪(૩૨.૬૯ ટકા) કુટુંબોએ જ અનાજ લાવવામાં મુશ્કેલી પડે છે. તેમ જણાવ્યુ છે. જે કુટુંબોને અનાજ લાવવામાં મુશ્કેલી પડે છે. તેમાંથી ૭૬.૪૭ ટકા કુટુંબોને જયારે અનાજ જોઈએ ત્યારે મળતુ નથી. આમ બનવાનું મુખ્ય કારણ એ છે કે અનાજની દુકાનમાં અમુક દિવસે જ અનાજનો જ થ્થો હોય . લાભાર્થી બીજા ગામનો હોય તેથી અનાજ દુકાને છે કે નહીં. તેની જાણકારી યોગ્ય સમયે તેને થાય નહીં. જયારે દુકાનમાં અનાજ હોય ત્યારે લાભાર્થી પાસે પૈસા ન હોય આવા બધા કારણોને લઈને આમ બને છે. આ સિવાયની મુશ્કેલીમાં ૨૩.૫૩ ટકા કુટુંબોની ફરીયાદ છે કે દુકાનદાર અનાજ લીધા ની પહોંચ આપતા નથી. ૧૪.૭૬ કુટુંબોમાંથી ફરીયાદ છે કે કાર્ડમાં અનાજ વધુ નોંધે છે. અનાજ તોલમાં ઓછું આપે છે. આ ચાર ફરિયાદો મુખ્ય છે તે સિવાય અનાજ કાળા બજારમાં વેચે છે; સસ્તા દરના અનાજની દુકાન દૂર પડે છે, રોકડા પૈસાના અભાવે અનાજ ખરીદી શકતા નથી. પરિચિત વ્યકિતને વધુ અનાજ આપે છે. આઈ.ટી.ડી.પી.માં ધક્કા ઓછા પડે છે. અને સૌ કોઈ માટે અનાજની યોજનામાં અનાજ નિયમિત મળતુ નથી તેની ફરીયાદો છે.

ઉપરોકત ફરીયાદો ઉપરથી ખ્યાલ આવે છે કે યોજનામાં અમલીકરણમાં મહત્વની કડી રૂપે સસ્તા દરના અનાજના દુકાનદારો

સામે અભ્યાસના કુટુંબોએ વધુ ફરિયાદો કરી છે. અભ્યાસના સમયે દાંતા તાલુકામાં દુકાળ ચાલતો હતો. આથી અનાજની માંગ આ વિસ્તારમાં વધુ હતી. આથી આઈ.ટી.ડી.પી. વિસ્તારમાં વધુ હતી. આથી આઈ.ટી.ડી.પી વિસ્તારમાં આ યોજનાનું ખુલ્લા બજારમાં વેપારી વેચી દે તેથી દુકાન માં અનાજનો જથ્થો પૂરતોનરહે તેની પત્રકો માં યોગ્ય નોંધ કરવા માટે રેશનકાર્ડમાં ઓછુ અનાજ આપ્યુ હોય છતા વધુ અનાજ આપ્યાની નોંધકરે. અનાજ લીધાની પહોંચ આપે નહીં થોડા કાર્ય દરમ્યાન. અભ્યાસનાં કુટુંબો જે એકાદ બે દિવસ પહેલા અનાજ લાવ્યા હોય તો અનાજ કેટલુ લાવ્યા છે તેની માહિતી જાણવાનો પ્રયાસ કર્યો ત્યારે લાવેલ અનાજ અને કાર્ડમાં નોંધાયેલ અનાજમાં તફાવત માલુમ પડયો છે. આ ઉપરાંત અનાજ લાવ્યા જ ન હોય તે દિવસોમાં અનાજ લઈ ગયાની નોંધ કાર્ડમાં હતી. આઈ.ટી.ડી.પી યોજના વર્તમાન માળખા સામે લાભાર્થીઓને ઓછી ફરિયાદ છે. જે થોડી ફરિયાદ છે તેમાં આ યોજનામાં જે અનાજ ઓછુ પડે છે તેથી ફરિયાદ કરી છે. આ ફરિયાદ કરનાર ઘણા ઓછા કુટુંબો છે.

~~થોડા કાર્ય~~ ક્ષેત્ર કાર્ય દરમ્યાન સસ્તાદરના અનાજની દુકાનનું દફતર જોયુ હતુ. આમાં મામલતદાર ઓફીસમાંથી જો માલ લાવ્યા હોય તેની આવક બુક, દૈનિક વેચાણનું રજિસ્ટર સ્ટોક પત્રક વગેરે ચોપડાઓ જોયા હતા. આમાં દૈનિક વેચાણનાં રજિસ્ટરમાં નિયમિત વેચાણની નોંધ થતી ન હતી. આ રજિસ્ટરમાં નોંધાયેલ વિગત અને સ્ટોકપત્રકમાં બતાવેલ જથ્થામાં તફાવત પણ હોય છે. આ ઉપરાંત રેશનકાર્ડ ધરાવનાર કુટુંબોની

જે ખાતાવહી રાખવાની હોય છે તે મોટાભાગના દુકાનદારો રાખતા નથી. આથી લાભાર્થીના રેશનકાર્ડમાં નોંધાયેલ વિગત સાચી છે કે નહીં તેની ચકાસણી કરવાનું મુશ્કેલ બને છે.

આ યોજનામાં અમલીકરણના મહત્વના એવા સસ્તાદરના અનાજના દુકાનદારોની ખામીને લીધે આ યોજનાનો અપેક્ષિત વિકાસ થયો નથી.

સસ્તાદરના અનાજની દુકાને અનાજ આવ્યા બાદ કેટલા દિવસમાં અનાજ વહેંચાય છે તેની વિગત:-

---

અભ્યાસના કુટુંબોને આઈ.ટી.ડી.પી નું અનાજ લાવવામાં જે મુશ્કેલી દર્શાવી છે તે માહિતી ચકાસવા માટે. અભ્યાસની એક સસ્તાદરના અનાજની દુકાનમાં ફેબ્રુઆરી ૧૯૮૮ થી ઓગસ્ટ ૧૯૮૮ સુધીમાં આઈ.ટી.ડી.પી, ની યોજનામાં અનાજ આવ્યા બાદ કેટલા સમયે અનાજ વહેંચાઇ ગયું અને ફરી અનાજ ક્યારે આવ્યું તેની વિગતે માહિતી નીચેના કોઠા માં મુકી છે.

સસ્તા દરના અનાજની દુકાનમાં અનાજ આવ્યા બાદ કેટલા દિવસે અનાજ વહેંચાય છે તેની માહિતી દર્શાવતો કોઠો.કોઠા નં.૪/૧૨.

દુકાનની મુલાકાત લીધા તા.૬-૧૦-૮૭

સસ્તા દરના અનાજની દુકાને આઈ.ટી.ડી.પીના ધંધાની વિગતઅંગે.

| ક્રમ | માલ લાવ્યા તારીખ | વેચાણ તારીખ | ધંધા વગરનો સમય | દિવસ |
|---|---|---|---|---|
| ૧. | તા.૪-૩-૮૭ | તા.૧૫-૩-૮૭ | તા.૧૬-૩-૮૭થી૨૫-૩-૮૭ | ૧૦ |
| ૨. | તા.૨૫-૩-૮૭ | તા.૨૮-૪-૮૭ | તા.૨૯-૪-૮૭થીતા.૪-૫-૮૭ | ૦૬ |
| ૩. | તા.૪-૫-૮૭ | તા.૨૫-૬-૮૭ | તા.૨૬-૬-૮૭થીતા.૨-૭-૮૭ | ૦૭ |
| ૪. | તા.૨-૭-૮૭ | તા.૯-૭-૮૭ | તા.૧૦-૭-૮૭થીતા.૧૪-૭-૮૭ | ૦૪ |
| ૫. | તા.૧૫-૭-૮૭ | તા.૨૪-૭-૮૭ | તા.૨૫-૭-૮૭થીતા.૩-૮-૮૭ | ૧૦ |
| ૬. | તા.૩-૮-૮૭ | તા.૨૬-૮-૮૭ | તા.૨૭-૮-૮૭થીતા.૨-૯-૮૭ | ૦૭ |
| ૭. | તા.૨-૯-૮૭ | તા.૪-૯-૮૭ | તા.૫-૯-૮૭થી તા.૮-૯-૮૭ | ૦૩ |
| ૮. | તા.૯-૯-૮૭ | તા.૧૧-૯-૮૭ | તા.૧૨-૯-૮૭ થી તા.૧૫-૯-૮૭ | ૦૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯. | તા. ૧૬-૯-૭૭ | તા. ૨૦-૯-૭૭ | ---------------------- | -------- |
| ૧૦. | તા. ૨૧-૯-૭૭ | તા. ૨૨-૯-૭૭ | તા. ૨૩-૯-૭૭ થી તા. ૨૫-૯-૭૭ | ૦૩ |
| ૧૧. | તા. ૨૫-૯-૭૭ | તા. ૨૫-૯-૭૭ | વેગાળગયુ-------------------- | -------- |

નોંધ:- ૬-૧૦-૭૭ સુધી ઘંટ ચાલ્યા ન હતા.

તા. ૪-૩-૭૭થી તા. ૨૫-૯-૭૭ ના કુલ દિવસો ૨૦૯ કુલ ૫૪ દિવસ / અનાજવગરના ~~દિવસો~~.

ચોખા
=====

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | તા. ૩-૨-૭૭ | તા. ૧૦-૨-૭૭ | તા. ૧૧-૨-૭૭થીતા. ૨૨-૨-૭૭ | ૧૨ |
| ૨. | તા. ૨૩-૨-૭૭ | તા. ૧-૨-૭૭ | ======== | ==== |
| ૩. | તા. ૨-૩-૭૭ | તા. ૪-૪-૭૭ | ========= | ===== |
| ૪. | તા. ૫-૪-૭૭ | તા. ૨૬-૪-૭૭ | તા. ૨૭-૪-૭૭થીતા. ૩-૫-૭૭ | ૦૮ |
| ૫. | તા. ૪-૫-૭૭ | તા. ૧૪-૫-૭૭ | તા. ૧૫-૫-૭૭ થી તા. ૧૭-૫-૭૭ | ૦૨ |
| ૬. | તા. ૧૮-૫-૭૭ | તા. ૩-૬-૭૭ | ========== | ======== |

| | | | | |
|---|---|---|---|---|
| ૭. | તા.૪-૬-૮૭ | તા.૨૪-૬-૮૭ | તા.૨૫-૬-૮૭ થી ૫-૭-૮૭ | ૧૧ |
| ૮. | તા.૬-૭-૮૭ | તા.૧૧-૭-૮૭ | તા.૧૨-૭-૮૭ થી તા.૩૬-૮-૮૭ | ૨૪ |
| ૯. | તા.૪-૮-૮૭ | તા.૨૬-૮-૮૭ | તા.૨૭-૮-૮૭ થી તા.૯-૯-૮૭ | ૧૪ |
| ૧૦. | તા.૧૦-૯-૮૭ | તા.૧૨-૯-૮૭ | તા.૧૩-૯-૮૭ થી તા.૧૪-૯-૮૭ | ૦૧ |
| ૧૧. | તા.૧૫-૯-૮૭ | તા.૩૦-૯-૮૭ | ============ | ====== |

નોંધ:- ૬-૧૦-૮૭ સુધી ચોખા આવ્યા ન હતા.

તા.૩-૨-૮૭ થી તા.૩૦-૯-૮૭ ની વિગત કુલ ચોખા વગરના દિવસો ૭૦

તા.૩-૨-૮૭ થી તા.૩૦-૯-૮૭ ના કુલ દિવસો ૨૩૯

ઉપરોકત કોઠાની માહિતી ઉપરથી ખ્યાલ આવે છેકે અભ્યાસના સસ્તાદરના અનાજની દુકાનની મુલાકાતના દિવસે દુકાનમાં અનાજ ન હતું. તા.૪-૩-૮૭ થી તા.૨૫-૯-૮૭ સુધીના ૨૯૦દિવસમાંથી ૫૪ દિવસોમાં ઘઉં દુકાનમાં હતા નહીં. જયારે તા.૩-૨-૮૭ થી તા.૩૦-૯-૮૭ સુધીના ૨૩૯ દિવસમાંથી ૭૦ દિવસોમાં દુકાનમાં ચોખા હતા નહીં. જુલાઈ ૧૯૮૭ બાદ ઘઉં ચોખા, આવ્યા બાદ તુરત જ વહેંચાય જાય છે. તેમાં તા. ૧૦-૯-૮૭ એ જે ચોખા આવ્યા તે તા. ૧૨-૯-૮૭ એટલે કે ચોખા આવ્યા બાદ બે દિવસમાં વહેંચાઈ ગયા જયારે તા.૨૫-૯-૮૭ના રોજ આવેલઘઉં આજ દિવસે વહેંચાય ગયા. આમ અનાજ આવ્યા બાદ વહેંચાય જવાનો આ ઓછામાં ઓછો સમય છે.

આ અંગે દુકાનદાર સાથે ચર્ચા કરતા તેમણે જણાવ્યુ કે અનાજ આવ્યા બાદ તુરત વહેંચાય જાય તેની તકેદારી અમો રાખીએ છીએ તેમાં અનાજ જે દિવસે આવવાનું હોય તેની જાણકારી લાભાર્થીઓને અમો અગાઉથી આપીએ છીએ; આથી લાભાર્થીઓ એક સાથે અનાજ લેવા આવે છે. આમ કરવાનું મુખ્ય કારણ એ છે કે દુકાનનું માકાન કાચુ છે. અને દુકાન મુખ્ય રસ્તાની નજીકના ગામે આવેલી છે. આથી દુકાનમાં અનાજ વધુ સમય રહે તો અનાજ લુંટાય જવાની શકયતા છે. કારણ કે ચાલુ વર્ષે દુકાળ છે. તેથી આ વિસ્તારમાં લુંટફાટ વધુ થવાની શકયા છે. (ક્ષેત્રકાર્ય) દરમ્યાન અભ્યાસની આ કે અન્ય દુકાનેથી અનાજ ચોરાયુ કે લુંટાની ફરીયાદ

મળી નથી. આ ઉપરાંત અનાજ એક સાથે વહેંચાઈ જાય તો તે પૈસાનું બીજું અનાજ તાત્કાલીક લાવી શકાય ત્યાંથી અનાજ આવ્યાબાદ તુરત વેચાઈ જાય તેવી વ્યવસ્થા દુકાનદાર કરે છે.

સપ્ટે ૧૯૮૭ના માસે આ દુકાનમાં અનાજનો ઉપડતો સ્ટોક હતો નહી. આ માસે આઈ.ટી.ડી.પી નું અનાજ જે મળવાપાત્ર છે તેના ૭૬.૪૧ ટકા અનાજ દુકાન માં આવ્યુ છે. આટલુ અનાજ અગાઉના એક પણ માસમાં આ દુકાનમાં આવ્યુ નથી. જાન્યુ-૮૭ થી સપ્ટે-૮૭ સુધીમાં આ દુકાનેથી મળવાપાત્ર અનાજમાં ૬૮.૧૦ ટકા ઘઉં અને ૮.૪૩ ટકા ચોખાનું વેચાણ થયુ છે. આ અનાજ વ્યકિતદીઠ મળવાપાત્ર અનાજ કરતા ઓછુ અનાજ વહેંચાયુ છે. અનાજ વહેંચાયાબાદ તે પૈસાનું બીજી વાર અનાજ લાવી શકાય તે દુકાનદારની દલીલ વ્યાજબી લાગતી નથી. કારણ કે તા.૨૫-૯-૮૭ થી તા.૬-૧૦-૮૭ સુધી આ દુકાને આઈ.ટી.ડી.પી. ની યોજનાનુ અનાજ આવ્યુ નથી. શકય છે કે જે તે માસમાં ૨૫ તારીખ બાદ અનાજ વિતરણનું કામ મામલતદારની કચેરી માંથી બંધ કરવામાં આવતુ હોય. પણ ને તે માસની શરુઆતમાં તો અનાજ મળે જ, ઓકટોમ્બર ૧૯૮૭ ની શરુઆતમાં દિવસોમાં મામલતદાર ની કચેરીથી અનાજ ખરીદવાની પરવાના જે તે ~~દુકાનેથી~~ દુકાનને આપવામાં આવે લાભાર્થી એ આ સમય દરમ્યાન અનાજ ખરીદ્યુ પણ છે.

અસ્થાનની અન્ય દુકાનદારોને પણ અનાજ આવ્યાબાદ તુરત જ વહેંચવાની કાર્યવાહી ~~કરી~~ થાય છે. તેમાં રાત્રે અનાજ પણ વહેંચે છે. તેવુ ~~મોજણી~~ જોગાનુજોગ દરમ્યાન જાણવા અને જોવા મળ્યુ છે.

આખુ ખાસ કરીને અછત રાહતનું અનાજ વહેચવામાં વધુ થાય છે. કારણ કે કુંપનનુ અનાજ ટુકડીઓમાં વહેચવાનું હોય છે. બીજા દિવસે કામ ઉપર જવાનુ હોય છે. આથી અનાજ ખરીદનાર ને અને વહેચનાર ને રાત્રીનો સમય વધુ અનુકૂળ રહે છે.

જે દિવસે અનાજ આવે તે દિવસે અનાજ વહેચાઇ જાય છે તે હકીકત સાચી હોય તો અનાજની આ વિસ્તારમા કેટલી જરુરીયાત છે તેનો ખ્યાલ આવે સમગ્ર તાલુકામાં અને અભ્યાસની સસ્તા દરના અનાજ ની દુકાનેથી અભ્યાસના કુટુંબોએ જે વ્યકિતદીઠ અનાજ વહેચ્યુ કે ખરીદ્યુ છે તે આંકડા આગળ ના પ્રકરણોમાં જોયા તેના ઉપરથી ખ્યાલ આવે છે કે આ વિસ્તારના લોકો મળવાપાત્ર અનાજ કરતા ઘણુ ઓછુ અનાજ ખરીદે છે.આથી અનાજ જે દિવસે આવે તે દિવસે વહેચાઇ જાય તો આ અંગે શંકા ઉદભવે તેમાં વજુદપણુ વધુ છે. આથી જ અભ્યાસના કુટુંબો એ ફરિયાદ કરી છે કે અનાજ કાળા બજારમાં વહેચાઇ જાય છે. અને દુકાનદારે જે દલીલ કરી છે તેમાં શંકા ઉપજે છે. એક દિવસમાં અનાજ આવે અને વહેચાય ત્યારે અનાજ વેચાણમાં ગેરરીતી થવાની શકયતા વધુ છે. દા.ત. જે દિવસે અનાજ લાવ્યા હોય તેના મોટાભાગનું અનાજ ખુલ્લા બજારમાં દુકાનદાર વહેચી દે, દુકાને ઓછુ અનાજ લાવે અને તે જ દિવસે જે લોકો અનાજ લેવા આવે તેને અનાજ આપતા સમયે કાર્ડમાં અનાજ આપ્યું હોય તેના કરતા વધુ અનાજ આપ્યાની વિગત ~~નોંધે~~ નોંધે આથી અનાજ ખરીદયાની અને વહેચાયાની વિગતોનો ઉલ્લેખ ચોપડા માં યોગ્ય રીતે કરી શકાય. આ દુકાનદાર પાસે અનાજ વહેચાયા

બાદ લાભાર્થી કુટુંબોની ખાતાવહી હતી નહી. આથી આ અનાજ કયા કુટુંબોને કેટલુ વહેચ્યુ છે. તેની માહિતી મળી નથી. બીલબુક જોવા મળી પણ તેના આધારે તે દિવસે કોણ અનાજ લઈ ગયુ છે. તેની વિગત તારવી શકાત નહીં આ વિગતો દુકાનદાર પણ તારવી શકયા નહીં. કારણ કે બીલબુકમાં અનાજ લઈ જનાર વ્યકિતનું કાર્ડ નંબર નોધે છે. પણ નામ અને ગામનોંધવાની કાળજી લેતા નથી આથી આ અંગે વિગતે માહિતી મળી નથી.

આ ઉપરાંત દુકાનદારને મળવાપાત્ર અનાજનો મોટાભાગનો જથ્થો એક દિવસમાં વહેચી નાખવાથી તે દિવસે જે લોકો પાસે પૈસા ન હોય તેઓ અનાજ લીધા વગરના રહે છે. કારણ કે અનાજ જે દિવસે દુકાનમાં આવે તે દિવસે લાભાર્થી કુટુંબ પાસે પૈસા હોય જ તેવુ માનવુ કે ઈચ્છવુ વધારે પડતુ ગણાય. આ મુદદાની ચર્ચા પરથી એવુ ફલિત કરવા ઈચ્છતો નથી કે સસ્તાદરના અનાજના દુકાનદારો અનાજના વેચાણમાં ગેરરીતી આચરે છે. અભ્યાસના કુટુંબોએ જે અનાજ ખરીદવામાં મુશ્કેલી દર્શાવી છે તે મહદ અંશે સાચી છે તે દર્શાવવાના મુખ્ય હેતુ થી આ વિગત ની વિગતે ચર્ચા કરી છે. આમ કરતા આ યોજનામાં ગેરરીતી કયાં અને કેવી રીતે થાય છે તે અંગે પ્રકાશ પડે છે આથી મામલતદારશ્રી ની કચેરી માંથી અનાજ ખરીદવાનો પરવાનો આપ્યા ના દિવસથી યા તેના બીજા દિવસે જે તે દુકાનની અધણી તપાસ કરવામાં આવે તો આવી ~~હકીકત~~ ગેરરીતી અંગે વિસ્તૃત માહિતી અને હકીકત જાણી શકાય આમ થાય તો અનાજ વેચાણમાં ગેરરીતી ઓછી

થાય. અનાજ વેચાણમાં ત્યારે જ ગેરરીતી વધુ થાય છે કે જ્યારે ખુલ્લાબજારમાં ઘઉં,ચોખાનો ભાવ ખૂબ વધુ હોય. અથવા ખુલ્લાબજારમાં ઘઉં,ચોખાનો જથ્થો ન હોય ત્યારે આ યોજનાના કે અન્ય યોજનાના ઘઉં; ચોખા ખુલ્લા બજારમાં વહેચવાની શકયતા વધે છે.

<u>અનાજ ખરીદવામાં પડતી મુશ્કેલી દૂર કરવા અંગે:-</u>

આગળ આપણે આ અભ્યાસના કુટુંબોને અનાજ લાવવામાં કેવા પ્રકારની મુશ્કેલી પડે છે તેની વિગત તપાસી અહીં આ મુશ્કેલી દૂર કરવા શું કરવુ જોઈએ તેની વિગતે માહિતી નીચેના કોઠામાં આપી છે.

લાભાર્થીઓને સસ્તાદરના અનાજની દુકાનેથી અનાજ લાવવામાં જે મુશ્કેલી પડે છે તે દૂર કરવા તેમણે સૂચવેલા સૂચનોની માહિતી દર્શાવતો કોઠો.
કોઠા નં.૪/૧૩

| ક્રમ | વિગતો | જાહેર વિતરણનું કાર્ડ ધરાવનાર કુટુંબ | ગૌ કોઈ આટેનુ કાર્ડધરાવનાર કુટુંબ | કુલ |
|---|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા | ૬૯ | ૩૫ | ૧૦૪ |
| ૨. | અનાજ લાવવામાં કેટલા કુટુંબને મુશ્કેલી પડે છે. | ૨૦ | ૧૪ | ૩૪ |
| ૩. | આ મુશ્કેલી દૂર કરવા કરેલ સૂચનો | -- | -- | -- |
| ૩:૧. | દુકાનદારે અનાજનાં જથ્થો પુરતો રાખવો જોઈએ. | ૧૫ | ૧૧ | ૨૬ (૭૬.૪૭) |
| ૩:૨. | દુકાનની તપાસ બરોબર થવી જોઈએ. | ૭ | ૪ | ૧૧ (૩૨.૩૫) |
| ૩:૩ | દુકાન ગામ નજીક હોવી જોઈએ. | ૩ | ૩ | ૬ (૧૭.૬૫) |
| ૩:૪. | આઈ.ટી.ડી.પી માં મળતા અનાજની સમય મર્યાદા વધારવી જોઈએ. | ૨ | ૨ | ૪ (૧૧.૭૬) |

| | | | |
|---|---|---|---|
| ૩:૫. અનાજનુ પ્રમાણ વધારવુ જોઈએ. | -૪ | ૨ | ૬ (૨૭.૬૫) |
| ૩:૬. ઘી ઓછા રાખવા (આપવા) જોઈએ. | – | ૧ | ૧ (૨.૯૪) |
| કુલ | ૩૧ | ૨૩ | ૫૪ |

ઉપરોક્ત કોઠા ઉપરથી ખ્યાલ આવે છે કે અનાજ લાવવામાં જે મુશ્કેલી પડે છે તે દૂર કરવા ૭૩.૪૮ ટકા કુટુંબો એમ ઈચ્છે છે કે દુકાનમાં અનાજનો જથ્થો નિયમિત અને પૂરતો રાખવો જોઈએ. અને દુકાનદારના દફતરની તપાસ યોગ્ય રીતે થવી જોઈએ. અભ્યાસના કુટુંબોની દ્રષ્ટિએ આવે અગત્યના સૂચનો છે. જ્યારે ગૌણ સૂચનોમાં સસ્તાદરના અનાજની દુકાન દૂર ન હોવી જોઈએ, અનાજનું પ્રમાણ વધારવું જોઈએ. આઈ.ટી.ડી.પી. માં મળતા અનાજની સમય મર્યાદા વધારવી જોઈએ. ઉપરોક્ત સૂચનો ઉપરથી ખ્યાલ આવે છે કે વર્તમાન સમયમાં આઈ.ટી.ડી.પી ની જે યોજના ચાલે છે તેમાં બહુ ફેરફાર લોકો ઈચ્છતા નથી. અલબત્ત જે તે માસના જથ્થામાં જે માસનું અનાજ ન લીધુ હોય તો બીજા માસે આગલા માસનું અનાજ મળવુ જોઈએ. તેમ ૧૧.૭૬ ટકા કુટુંબો ઈચ્છે છે. આ ક્ષેત્ર કાર્ય દરમ્યાન મામલતદારશ્રી અને સસ્તાદરના દુકાનદારો ને પૂછતા જાણવા મળ્યું કે આ માળખા માં ફેરફાર કરવો યોગ્ય નથી. કારણ કે જો અનાજની સમય મર્યાદા વધારવામાં આવે તો અનાજ વેચાણમાં ગેરરીતી થવાની શક્યતા વધુ છે. આ મુશ્કેલી નિવારવા માટે દુકાનદારે પોતાની દુકાનમાં જે તે માસમાં અનાજનો જથ્થો સપ્રમાણ રાખવો જોઈએ, જેથી કરીને લાભાર્થી કુટુંબને અનાજ જ્યારે જોઈએ ત્યારે મળી રહે આમ થાય તો જ આ યોજના નો ઈચ્છિત વિકાસ થશે.

# પ્રકરણ- ૫

# તારણો અને સૂચનો

## અભ્યાસના મુખ્ય તારણો:-

પ્રસ્તુત અભ્યાસ ઉપરથી જે તારણો ફલિત થાય છે. તેની વિગત જોઈએ તે પહેલા પ્રસ્તુત અભ્યાસના જે મુખ્ય હેતુઓ રાખ્યા છે તે કેટલા પ્રમાણમાં તપાસી શકાયા છે. તેની માહિતી ચકાસી લઈએ તો અભ્યાસમાં આપણે કેટલા સફળ અને આગળ વધી શકયા છીએ તેનો ખ્યાલ આવી શકે.

આ અભ્યાસના જે પાંચ હેતુ દર્શાવ્યા છે. તેમાંના પ્રથમ ચાર હેતુની વિગતે માહિતી અહેવાલના જુદા જુદા પ્રકરણોમાંથી મળે છે. પ્રકરણ ૪ માં લાભાર્થીઓ કેટલા પ્રમાણમાં આ યોજનાનો લાભ લે છે તેનું વાસ્તવિક ચિત્ર આપણને મળે છે જેના આધારે આ આખાએ નિબંધમાં જે આંકડાકીય માહિતી આપી છે. તેને બળ મળે છે. આ બાબતોને તારણો રુપે આ પ્રકરણમાં મૂકી છે.

આ અભ્યાસનો એક હેતુ એ પણ છે કે હાલના સ્વરુપે આયોજના ચાલુ રાખવીએ કે કેમ? તેના અનુસંધાનની વિગતો પણ પ્રકરણ ૪ માંથી મળે છે. તેના આધારે કહી શકાય છે કે આ યોજના ચાલુ રાખવી જોઈએ પણ ઘઉં અને ચોખા સિવાય સ્થાનિક ખોરાકનું અનાજ પણ આપવું જોઈએ.જેની માહિતી સૂચનોમાં આપી છે. ટૂંકમાં આ અભ્યાસ માટે રખાયેલ પાંચે હેતુની વિગતે માહિતી આપણને અહેવાલના જુદા જુદા પ્રકરણોમાંથી મળે છે જેના આધારે મુખ્ય મુદ્દાઓ તારવી તારણો તારવ્યા છે જે નીચે મુજબ છે.

## તારણો :-

(૧) દાંતા આઈ.ટી.ડી.પી. વિસ્તારના લોકોએ સંખ્યાની દ્રષ્ટિએ રાજ્યના આઈ.ટી.ડી.પી. ની સરાસરી કરતાં આ યોજનાનો લાભ ઓછો લીધો છે. જ્યારે દાંતાના લાભાર્થીઓએ જિલ્લામાં સૌથી વધુ પ્રમાણમાં લાભ લીધો છે.

...૨/-

(૨) આમ થવા માટે આ વિસ્તારનો ભૌગોલિક વિસ્તાર, અનિયમિત વરસાદ, અને કામ માટે સ્થળાંતર કરવુ પડતુ હોય તે જોવા મળે છે.

(૩) સાથોસાથ સરકારશ્રીની કામના બદલામાં અનાજ આપવાની યોજનાની અસર પણ આને માટે જવાબદાર ગણી શકાય, આમ છતાં

(૪) યોજનાની શરુઆતમાં રાજ્યમાં અનાજ ઓછું વહેંચાયેલું હતું પરંતુ પાલનપુર અને દાંતા વિસ્તારમાં આ યોજનાની શરુઆતમાં અનાજનો જથ્થો વધુ વહેંચાયો છે.

(૫) લાભાર્થીદીઠ સરેરાશ અનાજનો જથ્થો ગુજરાત રાજ્ય કરતાં પાલનપુર અને દાંતા વિસ્તારમાં વધુ વહેંચાયો છે.

(૬) ૧૯૮૬ કરતાં ૧૯૮૭માં લાભાર્થીદીઠ અનાજનું વધુ વેચાણ થયુ છે જે આ યોજનાની પ્રગતિ ગણાવી શકાય.

(૭) પરંતુ આમાં એક વસ્તુએ જોવામાં આવી છે કે અભ્યાસના તાલુકાના આદિવાસીઓ ઘઉંનો ઉપયોગ વધુ કરે છે. તેથી તેની ખરીદી વધુ કરે છે. જ્યારે ચોખાની ખરીદી ઓછા પ્રમાણમાં કરે છે.

(૮) લાભાર્થી કુટુંબોએ ઓછું અનાજ ખરીદ્યું હોવા છતાં દુકાનદારે અનાજ વધુ વહેંચ્યુ છે. તેવી હકીકત મળે છે. જેનો અર્થ એ કે દુકાનદારો આ યોજનાના અનાજનો દુર ઉપયોગ કરે છે.

(૯) અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોના વડાઓમાંથી મોટા ભાગના અભણ છે. આથી તેઓ યોજના અંગે કે તેના લાભાલાભ વિશે કશુ કહેવા સક્ષમ નથી.

(૧૦) આવરી લીધેલ કુટુંબોમાંથી મોટા ભાગનાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આમ છતાં તેઓ આ યોજનાનું અનાજ ખરીદે છે. કારણ કે તેઓની પાસે પૂરતી જમીન નથી.

(૧૧) યોજનાનો લાભ સીમાંત ખેડૂતો વધુ લે છે.

(૧૨) એવું જોવા મળે છે કે યોજનાનો લાભ લેનારની સંખ્યાનો આધાર વરસાદ પડવા ઉપર છે જો વધુ વરસાદ પડે તરે લોકો ઓછો લાભ લે છે. પરંતુ ઓછો વરસાદ થાય તો અથવા અનિયમિત વરસાદવાળા વિસ્તારમાં લાભાર્થીઓની સંખ્યા વધુ હોય છે.

..૩/-

(૧૩) આ યોજનાની સફળતા કે નિષ્ફળતામાં જેતે વિસ્તારના પાકનું માળખુ અને તે વિસ્તારના લોકોનો વ્યવસાય એ અગત્યનું પરિબળ દેખાય છે. દા.ત. દાંતા તાલુકામાં અને અભ્યાસના કુટુંબો રોકડીયા પાક ઓછો અથવા તો નહિવત કરે છે. આથી તેઓની અનાજ ખરીદવાની શકિત ઓછી જોવા મળે છે.

(૧૪) એ વસ્તુ સારી છે કે મોટા ભાગના કુટુંબોને ૨ કિ.મી.ના વિસ્તારમાંજ અનાજ લેવા જવુ પડે છે. અને તેઓ મળવાપાત્ર અનાજનો જથ્થો ઓછો છતાં નિયમિત અનાજ ખરીદે છે.

(૧૫) અભ્યાસમાં આવરી લીધેલ સસ્તાદરના અનાજની દુકાનનું દફતર જોતાં તેમાં ઘણી ક્ષતિઓ માલુમ પડેલ ખાસ કરીને દૈનિક અનાજ વેચાણની નોંધમાં ઘણી છેકછાક હતી જે યોગ્ય ન ગણાય. આમ થવાથી જે તે યોજનાના અનાજના વેચાણમાં ગેરરીતિ થઈ હોય તેવી અવધારણાને બળ મળે છે.

(૧૬) મોટા ભાગના દુકાનદારો રેશનકાર્ડ ધરાવનાર કુટુંબોની ખાતાવહી રાખતા નથી. આના લઈને લાભાર્થીએ કેટલુ અનાજ લીધુ છે તેની માહિતી રેશનકાર્ડ પરથી જ લીધી છે. જેની દુકાનમાંથી ચકાસણી થઈ શકી નથી.

(૧૭) એવું જોવા મળે છે કે અનાજ આવ્યા બાદ બે કે ત્રણ દિવસમાં જ લાભાર્થીઓ અનાજ લઈ જાય છે. ઘણીવારતો આવેલ અનાજ એકજ દિવસમાં વેચાય જાય છે. જે આ યોજનામાં મળતા અનાજની જરુરીયાત દર્શાવે છે.

<u>સૂચનો</u>

(૧) આ યોજના હાલ જે આઈ.ટી.ડી.પી. વિસ્તાર પુરતી મર્યાદિત છે. તેના બદલે જે વિસ્તારમાં વરસાદ અપૂરતો કે અનિયમિત પડતો હોય તેવા વિસ્તારમાં પણ આ યોજના જે તે વર્ષ પૂરતી દાખલ કરવી જોઈએ.

(૨) સૌ કોઈ માટે અનાજની યોજના આદિવાસી વિસ્તારમાં વધુ લોકાભિમુખ હોઈ તેનો પ્રસાર વધુ થાય તેવું કરવુ જોઈએ.

(૩) આદિવાસી વિસ્તારમાં 'ફરતી સસ્તા દરના અનાજની દુકાન'ની વ્યવસ્થા છે. આને વધુ કાર્યક્ષમ બનાવવી જોઈએ. આથી ઊંડાણના ગામોના લોકોને પોતાના ગામમાં જ અનાજ ખરીદવાની સવલત મળે, આમ થશે તો અનાજનો જથ્થો વધુ ખરીદાશે.

...૪/-

(X)

(૯) આદિવાસી વિસ્તારમાં સસ્તાદરના અનાજની દુકાનદારોને દુકાન પાકી બનાવવામાં અને અનાજના જથ્થા માટે સમયસર રાહતદરે લોન મળી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ, જો આમ થશે તો જ તેઓ અનાજનો વધુ જથ્થો રાખી શકશે આથી લાભાર્થીઓ પોતાની જરુરીયાત પ્રમાણે અનાજ ખરીદી શકશે.

(૧૦) અમુક લોકોની ફરીયાદ છે કે તોલમાપમાં અનાજ ઓછું અપાય છે. આવા કિસ્સાની તપાસ કરવી જોઈએ અને ગુનેગારોને શિક્ષા કરવી જોઈએ.

(૧૧) અમુક દુકાનદારો અનાજ વેચાણમાં ગેરરીતિ આચરે છે આવી દુકાનોની યોગ્ય તપાસ થવી જોઈએ અને આમ તેઓ ન કરે તેની કડક સૂચના આપવી જોઈએ વારંવાર આવુ બને તો તેમનો પરવાનો રદ કરવો જોઈએ. અલબત હાલમાં આવી જોગવાઈ છે જ કે પણ આ અંગે યોગ્ય કાર્યવાહી થતી નથી તેમ લાગે છે.

(૧૨) અનાજ લાભાર્થીએ ન લીધુ હોય યા ઓછું લીધુ હોય તો રેશનકાર્ડમાં અનાજ વધુ આપ્યાનું નોંધાયું છે. આવા કિસ્સામાં પણ યોગ્ય તપાસ થવી જોઈએ.

(૧૩) અભ્યાસના દાંતા તાલુકાના સસ્તા દરના દુકાનદારોને જે તે યોજનામાં જે અનાજ વેચ્યુ હોય તેમાં જે કમીશન અપાય છે તે જે તે યોજનાના અનાજના ભાવ ઉપર અપાય છે. દા.ત. આઈ.ટી.ડી.પી.ની યોજનામાં ૧૦૦ કિલો ઘઉંના ૧૫૫/- રુા. ભાવ છે. તો આ રકમ ઉપર કમીશન અપાય છે. તેના બદલે જાહેર વિતરણના ઘઉંના ભાવ ગણી કમીશન આપવું જોઈએ આવુ દરેક યોજનામાં વેચેલ અનાજમાં કરવું જોઈએ.